# Current Affairs July-2018

## 1.July 2018

**(૧) જીએસટી દિવસ :**

- આજથી બરાબર એક વર્ષ પહેલા પહેલી જુલાઇએ મધરાતે દેશના સૌથી મોટા આર્થિક સુધાર એવા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ શરૂ થયો હતો.
- ભારતીય કર પ્રણાલીમાં અભૂતપૂર્વ સુધારો એટલે કે જીએસટી લાગુ થયાના એક વર્ષ પૂર્ણ થવા પર ભારત સરકાર ૧ જુલાઇ–૨૦૧૮ના દિવસને જીએસટી દિવસ તરીકે ઉજવી રહી છે.
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ ‘એક દેશ– એક કર’ છે.
- સંસદનું વિશેષ સત્ર બોલાવીને જીએસટી લાગુ કરાયુ હતું.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અધ્યક્ષતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાત્રીના ૧૨ વાગ્યે સંસદની બેઠક બોલાવી જીએસટી લોન્ચ કર્યું હતું.
- આ કરક્રાંતિના લીધે દેશના વેપારમાં નાણાંકીય શિસ્ત આવી છે તો ભ્રષ્ટાચાર પણ ઘટ્યો છે.
- રાજ્યોની આવકમા ૧૮ ટકા સુધીનો વધારો થયો છે.
- નિષ્ણાંતોના અંદાજ પ્રમાણે આગામી વર્ષમાં જીએસટીના લીધે રાજ્યના બિઝનેસને ૧૦–૧૨ ટકાનો વેગ મળશે.
- જીડીપીને દેશના આર્થિક વિકાસના માપદંડ માનવામાં આવે છે. તે જોતા જીએસટી લાગુ થતા પહેલા દેશનો જીડીપી દર ૬.૧ ટકા હતો જે જીએસટી બાદ વધીને હાલ ૭.૭ ટકા છે.
- જીએસટીના કારણે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં સરકારના ટેક્સ ક્લેક્શનમાં લગભગ ૪ લાખ કરોડ રૂપિયાનો નફો થઇ શકે છે.
- જીએસટી દિવસ નિમિત્તેના સમારોહમાં કેન્દ્રિય રેલ મંત્રી પિયુષ ગોયલની અધ્યક્ષની ભૂમિકા હશે.

**(૨) નેશનલ ડોક્ટર્સ ડે :**

- ભારતના મહાન તબીબ ડૉ. બિધાનચંદ્ર રોયની યાદમાં ભારત સરકાર દર વર્ષે ૧ જુલાઇએ નેશનલ ડોક્ટર્સ ડે મનાવે છે.
- તેમનો જન્મ ૧ જુલાઇ ૧૮૮૨ ના રોજ બિહારમાં થયો હતો. તેમનું અવસાન ૧ જુલાઇ ૧૯૬૨ના રોજ થયું હતું.
- તેઓ પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી બન્યા હતા.
- ભારત સરકારે વર્ષ ૧૯૬૧માં તેમને સર્વોચ્ચ સન્માન ‘ભારત રત્ન’ થી સન્માનીત કર્યા હતા.

**(3) ICAI સ્થાપના દિવસ :**

- ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઇન્ડિયા ચાર્ટર્ડ એકાઉન્ટની દેશની સર્વોચ્ચ સંસ્થા ICAI ની સ્થાપના ૧ જુલાઇ ૧૯૪૯ ના રોજ થઇ હતી.
- ICAI હેડક્વાટર – દિલ્હી
- ICAI નું સુત્ર ‘ય એષ સુપ્તેષૂ જાગતિ’ (સંસ્કૃત ભાષાનું સુત્ર છે.)
- ICAI ના પ્રમુખ એન.ડી. ગુપ્તા

**(3) ભારતીય મૂળની સીમા નંદાને મહત્વનું પદ મળ્યું :**

- ભારતીય મૂળની સીમા નંદા ડેમોક્રેટિક પાર્ટીની નેશનલ કમિટીના સીઇઓ પદે નિમાયા છે.
- તેઓ અમેરિકામાં માનવ અધિકાર અને નાગરિક અધિકારની સૌથી મોટી સંસ્થા સિવિલ એન્ડ હ્યુમન રાઇટ્સના લીડરશીપ કોન્ફરન્સમાં એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર છે.

**(૪) સત્યશ્રી શર્મિલા – દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર વકીલ :**

- તમિલનાડુ– પુડુચેરી બાર કાઉન્સિલમાં એક નામ નોંધાયું. જે થકી ભારતને પ્રથમ ટ્રાન્સજેન્ડર વકીલ મળી.
- તમિલનાડુ– પુડુચેરી બાર કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ સત્ય શ્રી શર્મિલા દેશની પહેલી ટ્રાન્સેન્ડર વકીલ બની.
- ગયા વર્ષે ટ્રાન્સજેન્ડર પૃથિકા યાશિની દેશની પ્રથમ પોલીસ સબ– ઇન્સ્પેક્ટર બની હતી.
- પ્રથમ ટ્રાન્સજેન્ડર ડોક્ટર– અક્કાઇ પદ્મશાળી

**(૫) યુનેસ્કો એ મહારાષ્ટ્રની પાંચમી અને મુંબઇની ત્રીજી હેરિટેજ સાઇટ જાહેર કરી.**

- મુંબઇની બ્રિટિશકાલીન ઇમારતોને યુનેસ્કોના વૈશ્વિક વારસાની યાદીમાં સ્થાન અપાયું છે.
- મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશનથી ગેટવે ઓફ ઇન્ડિયા સુધીની અનેક ઇમારતો બ્રિટિશકાલીન છે.
- મુંબઇ વિદ્યાપીઠ ઇમારત, જૂનું સચિવાલય, નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ, ડેવિડ સસૂન લાઇબ્રેરી, છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, પશ્ચિમ રેલવે મુખ્યાલય અને આર્ટ ડેકોની સાર્વજનિક ઇમારતોનો તેમાં સમાવેશ થાય છે.
- ગુજરાતનાં અમદાવાદ બાદ મુંબઇ ભારતનું બીજું શહેર છે જેને વૈશ્વિક વારસાની યાદીમાં સ્થાન મળ્યું
- યુનેસ્કોની સ્થાપના – ૪ નવેમ્બર – ૧૯૪૬
- વડુમથક – પેરિસ

પ્રશ્નો :

૧ ભારત સરકાર દ્વારા જીએસટી દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો ?
- ૧ જુલાઇ

૨ જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ શું હતો ?
- એક દેશ – એક કર

૩ કેન્દ્રિય રેલમંત્રીનું નામ જણાવો ?
- પિયુષ ગોયલ

૪ નેશનલ ડોક્ટર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧ જુલાઇ

૫ ICAIની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ જુલાઇ

૬ ICAIનું સુત્ર જણાવો અને તે કઇ ભાષાનું છે ?
- ય એષ સુપ્તેષૂ જાગતિ, સંસ્કૃત

૭ દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર વકીલનું નામ જણાવો ?
- સત્યશ્રી હાર્મિલા

૮ યુનેસ્કોની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૪ નવેમ્બર ૧૯૪૬

૯ વૈશ્વિક વારસાની યાદીમાં ભારતના કેટલા શહેરને સ્થાન મળ્યું ?
- ૨ (બે)

## 2.July 2018

**(૧) અગ્નિ–૫ બેલેસ્ટિક મિસાઇલ ટૂંકમાં સૈન્યમાં સામેલ થશે :**

- ભારતની મહત્વાકાંક્ષી બેલેસ્ટિક મિસાઇલ્સ સિસ્ટમ અગ્નિ–૫ ને ટૂંક સમયમાં જ આર્મીમાં સામેલ કરવામાં આવશે.
- ૫૦૦૦ કિ.મી. ની પ્રહાર ક્ષમતા ધરાવતી આ મિસાઇલ ચીનનાં મહત્વના શહેરો શાંઘાઇ બેઇજિંગ, ગોંગઝાઉ અને હોંગકોંગ સુધી પ્રહાર કરવાની તાકાત ધરાવે છે.
- અગ્નિ– ૫ આર્મીમાં સામેલ કરવામાં આવતા ભારતની તાકાતમાં નોંધપાત્ર વધારો થશે.
- અણુશસ્ત્રો વહન કરવાની ક્ષમતા ધરાવતા આ મિસાઇલ્સને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના કાફલામાં સામેલ કરાશે.
- SFC ને સોપતા પહેલા તેના અનેક પરીક્ષણો કરવામાં આવ્યા હતા.
- ગયા મહિને ઓડિશાના દરિયાકાંઠેથી અગ્નિ–૫ નું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. કેટલાક વધુ પરીક્ષણો આગામી અઠવાડિયામાં કરવામાં આવશે.
- ભારત સિવાય બહુ થોડા દેશ ઇન્ટરકોન્ટિનેન્ટલ મિસાઇલ્સ ધરાવે છે. જેમાં અમેરિકા, ચીન રશિયા, ફ્રાન્સ અને નોર્થ કોરિયાનો સમાવેશ થાય છે.
- ભારતની આર્મીમાં હાલ ૭૦૦ કિ.મી.ના રેન્જની અગ્નિ–૧, ૨૦૦૦ કિ.મી.ની રેન્જની અગ્નિ–૨, ૨૫૦૦ કિ.મી.ની રેન્જની અગ્નિ–૩ અને ૩૫૦૦ કિ.મી.ની રેન્જની અગ્નિ–૪ મિસાઇલ્સ સામેલ કરાઇ છે.

**(૨) મિસ નોર્થ ઇસ્ટ–૨૦૧૮ :**

- ગુવાહાટીમાં યોજાયેલા મિસ નોર્થ ઇસ્ટ–૨૦૧૮ બ્યુટી કોન્ટેસ્ટમાં અરૂણાચલ પ્રદેશની મરિયમ લોંગરી વિજેતા બની.
- આ ઇવેન્ટમાં નાગાલેન્ડની ત્સુરિલા ફર્સ્ટ રનર –અપ રહી હતી.
- આસામની જ્યોતિ સ્મિતા બરુઆ સેકન્ડ રનર અપ રહી હતી.

**(૩) શ્યામ શરણ નેગી :**

- શ્યામ શરણ નેગી આઝાદ ભારતના પ્રથમ મતદાતા છે.
- તેમનો જન્મ ૧ જુલાઇ, ૧૯૧૭ના રોજ હિમાચલ પ્રદેશના નાનકડા ગામમાં થયો હતો.
- ૧ જુલાઇ ૨૦૧૮ ના રોજ તેઓએ ૧૦૧ વર્ષ પૂર્ણ કર્યા.
- ૧૯૫૧માં આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી થઇ ત્યારે સૌથી પહેલો મત શ્યામ શરણ નેગીએ આપ્યો હતો.
- આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી ફેબ્રુઆરી, ૧૯૫૨માં થઇ હતી. પરંતુ હિમાચલમાં બરફ વર્ષાનો પ્રશ્ન હોવાથી ત્યાં પાંચ મહિના વહેલું મતદાન થયું હતું.
- સૌથી પહેલું મતદાન કિન્નુમાં યોજાયું હતું.
- ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે ભારતના ચૂંટણીપંચે તેમનું ખાસ સન્માન પણ કર્યું હતું.
- ૨૦૧૬માં આવેલી હિન્દી ફિલ્મ 'સનમ રે' માં તેઓ નાનકડા રોલમાં ચમક્યા હતાં.

**(૪) જનાર્દન સિંહ ગેહલોત : આંતરરાષ્ટ્રીય કબડ્ડી ફેડરેશન ચીફ :**

- જનાર્દન સિંહ ગેહલોતને આગામી ચાર વર્ષો માટે આંતરરાષ્ટ્રીય ફેડરેશનના અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા.
- આંતરરાષ્ટ્રીય ફેડરેશનની વાર્ષિક જનરલ કોંગ્રેસની દુબઇ ખાતે યોજાયેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
- ઇન્ટરનેશનલ અફેર્સ ઓફ ઓલિમ્પિક કાઉન્સિલ એસોસિએશનના ડાયરેક્ટર વિનોદ તિવારી પણ આઇકેએફની આ બેઠકમાં હાજર હતા, જેમાં ૨૨ સભ્ય દેશોએ ભાગ લીધો હતો.

**(૫) ઑસ્ટ્રેલીયા – ૧૫ મી વખત હોકી ચેમ્પિયશનશીપ વિજેતા :**

- ઑસ્ટ્રેલિયાએ ભારતને હરાવી ૧૫મી વખત ચેમ્પિયન ટ્રોફીનો ખિતાબ જીત્યો
- ઑસ્ટ્રેલિયાએ ભારતને પેનેલ્ટી શુટઆઉટમાં ૩–૧ થી હરાવ્યું હતું.
- ઑસ્ટ્રેલીયા રાજધાની – કેનબરા
- પ્રધાનમંત્રી – માઇકોમ ટર્નબુલ

**(૬) ભારતે કબડ્ડી માસ્ટરનો ખિતાબ જીત્યો :**

- કબડ્ડી વિશ્વ ચેમ્પિયન ભારતે કબડ્ડી માસ્ટર્સ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- ભારતે ૩૦ જુલાઇના ફાઇનલમાં ઇરાનને ૪૪–૨૬ થી હરાવી આ ટુર્નામેન્ટમાં વિજય મેળવ્યો છે.
- ભારતે સેમીફાઇનલમાં દક્ષિણ કોરિયાને ૩૬–૨૬ થી હરાવ્યું હતું જ્યારે ઇરાનને સેમીફાઇનલમાં ૪૦–૨૧ થી હરાવ્યું હતું.

પ્રશ્નો :

૧ તાજેતરમાં અગ્નિની કેટલામી સીરીઝની બેલેસ્ટિક મિસાઇલ સેન્યમાં સામેલ થશે ?
- અગ્નિ– ૫

૨ અગ્નિ–૫ ની પ્રહાર ક્ષમતા જણાવો ?
- ૫૦૦૦ કિ.મી.

૩ મિસ નોર્થ ઇસ્ટ – ૨૦૧૮ની વિજેતા જણાવો ?
- મરિયમ લોંગરી

૪ આઝાદ ભારતના પ્રથમ મતદાતાનું નામ જણાવો ?
- શ્યામ શરણ નેગી

૫ શ્યામ શરણ નેગીએ કયા ફિલ્મમાં નાનકડો રોલ કર્યો હતો ?
- સનમ રે

૬ આંતરરાષ્ટ્રીય કબડ્ડી ફેડરેશનના અધ્યક્ષ જણાવો ?
- જનાર્દનસિંહ ગેહલોત

૭ હોકી ચેમ્પિયન ટ્રોફી–૨૦૧૮ની વિજેતા ટીમ જણાવો ?
- ઓસ્ટ્રેલિયા

૮ કબડ્ડી માસ્ટર્સ ટુર્નામેન્ટ –૨૦૧૮ વિજેતા ટીમ જણાવો ?
- ભારત

## 3.July 2018

**(૧) પત્રકાર રજત શર્મા DDCA ના નવા અધ્યક્ષ બન્યા.**

- વરિષ્ઠ પત્રકાર રજત શર્મા ડીડીસીએના નવા અધ્યક્ષ બન્યા.
- રજત શર્માની પેનલે તેમના હરીફ મદનલાલ અને વિકાસ સિંહની પેનલને હરાવીને તમામ ૧૨ બેઠકો કબજે કરી હતી .
- ડીડીસીએમાં ૨૭ થી ૩૦ જૂન સુધી ચુંટણી યોજાઇ હતી. તેનું પરિણામ ૨ જુલાઇના રોજ જાહેર થયું હતું.
- આ ઉપરાંત સચિવ તરીકે વિનોદકુમાર તિહારા, સંયુક્ત સચિવ તરીકે રાજન મંચંદા, ખજાનચી તરીકે ઓ.પી. શર્મા ચૂંટાઇ આવ્યા છે.
- દિલ્લી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન (ડીડીસીએ) ની સ્થાપના ૧૮૮૩માં થઈ હતી.

Vivekanand Academy Gandhinagar

**(૨) ગુજરાત કેડરના IAS રાજેન્દ્ર કુમાર PMO માં**

- ગુજરાત કેડરના વુધ એક આઇએએસની વડાપ્રધાન કાર્યાલયમાં નિમણૂંક થઇ.
- વર્ષ ૨૦૦૪ બેચના રાજેન્દ્ર કુમારને પીએમઓમાં ડાયરેક્ટર તરીકે મુકવામાં આવ્યા.
- કુમાર હાલ ડેપ્યુટેશનમાં દિલ્હી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેઇનિંગમાં ડાયરેક્ટર તરીકે કાર્યરત છે.
- કુમાર અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત રાજકોટ અને છેલ્લે સુરત ક્લેક્ટર તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

**(૩) રાહુલ દ્રવિડને ICC હોલ ઓફ ફેમમાં સમાવેશ :**

- ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડ, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેમનાં પ્રદર્શનના બદલે આઇસીસી ક્રિકેટ હોલ ઓફ ફેમમાં સમાવેશ કરાયો.
- દ્રવિડ અને પોન્ટિંગની સાથે સંન્યાસ લઇ ચૂકેલી ઇંગ્લેન્ડની મહિલા વિકેટકીપર – બેટ્સમેન ક્લેર ટેલરને પણ હોલ ઓફ ફેમમાં સ્થાન અપાયું છે.
- દુબઇ ખાતે તાજેતરમાં મળેલી આઇસીસીની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.
- આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવનાર દ્રવિડ પાંચમો ભારતીય ક્રિકેટર બન્યો છે.
- આ અગાઉ પૂર્વ કેપ્ટન બિશનસિંહ બેદી, સુનીલ ગાવસ્કર, કપિલદેવ અને અનિલ કુંબલે આ સન્માન મેળવી ચૂક્યા છે.
- પોન્ટિંગ આ ઉપલબ્ધી મેળવનારો ઓસ્ટ્રેલિયાનો ૨૫મો ક્રિકેટર છે
- આઇસીસી હેડક્વાટર : દુબઇ
- ચેરમેન : શશાંક મનોહર

**(૪) મેક્સિકોના નવા રાષ્ટ્રપતિ – આન્દ્રેસ મેન્યુએલ લોપેજ ઓબ્રેડોર**

- તાજેતરમાં મેક્સિકોમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો જાહેર કરાયાં
- નેશનલ રિજેનરેશન મુવમેન્ટ પક્ષના આન્દ્રેસ મેન્યુએલ લોપેજ ઓબ્રેડોર મેક્સિકોના રાષ્ટ્રપતિ બનશે.
- ચૂંટણીમાં સત્તાધારી ઇન્સ્ટિટ્યૂશન રિવલ્યુશનરી પાર્ટી ( પીઆરઆઇ) અને નેશનલ એક્શન પાર્ટી (પીએએન) નો સફાયો થયો.
- આવુ પહેલીવાર બનશે કે ડાબેરી પક્ષના નેતા રાષ્ટ્રપતિ બનશે.
- અગાઉ દેશમાં જેટલી પણ ચૂંટણી યોજાઇ તેમાં મતદારોએ ફક્ત પીઆરઆઇ કે પીએએનથી અલગ કોઇ બીજા પક્ષના રાષ્ટ્રપતિનું શાસન નથી જોયું.
- મેક્સિકો રાજધાની : મેક્સિકો સિટી

**(૫) સ્વિસબેંકોમાં ભારત ૭૩ માં ક્રમે :**

- સ્વિસબેંકોમાં કોઇ દેશના નાગરીકો અને કંપનીઓ દ્વારા જમા કરાવાયેલા નાણાંના સંદર્ભમાં ભારત ૭૩માં ક્રમે આવી ગયું છે. આ રેન્કિંગમાં ઇંગ્લેન્ડ ટોપ પર છે.
- સ્વિસ નેશનલ બેન્ક (એનએનબી) તરફથી જાહેર કરાયેલા અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૬માં આ બાબતમાં ભારત ૪૪ ટકાના ઘટાડા સાથે ૮૮માં ક્રમે હતું, પરંતુ ૨૦૧૭માં ભારતીયોના નાણાં ૫૦ ટકા વધીને રૂા. ૭,૦૦૦ કરોડ થઇ ગયા હતા.
- સ્વિસબેંકની યાદીમાં પડોશી દેશ પાકિસ્તાન ભારત કરતાં ૧ ક્રમ આગળ ૭૨માં ક્રમે છે.
- જોકે પાકિસ્તાનીઓએ જમા કરાવેલા નાણામાં ૨૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.
- બ્રિક્સ દેશોમાં ભારત સૌથી છેલ્લા ક્રમે છે. ભારત ૫૦ ટકાની વૃદ્ધિ અને ૭૬.૦૪ અબજ રૂપિયા સાથે ૭૩માં ક્રમે છે.
- હેડક્વાટર : બેસલ, સ્વિટ્ઝરલેન્ડ

**(૬) શોએબ મલિક – ક્રિકેટર :**

- પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે ઓસ્ટ્રેલિયાના હરારે ખાતે યોજાયેલ ત્રિકોણીય ટી–૨૦ સીરિઝમાં ઑસ્ટ્રેલિયા વિરૂદ્ધના મેચમાં ઇતિહાસ રચ્યો.
- આ મેચ શોએબની કારકિર્દીની ૧૦૦ મી આંતરરાષ્ટ્રીય ટી–૨૦ મેચ હતી, તે આ સિધ્ધી મેળવનાર દુનિયાનો પહેલો ક્રિકેટર બન્યો.
- આ મેચ પહેલા શોએબ મલિક અને પાકિસ્તાની ક્રિકેટર શાહિદ આફ્રિદી ૯૯–૯૯ મેચો સાથે આ સૂચિમાં સાથે હતા.
- ૩૬ વર્ષીય મલિકે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય ટી–૨૦ મેચ ૨૮ ઓગસ્ટ ૨૦૦૬ના રોજ ઇંગ્લેન્ડ વિરૂદ્ધ રમી હતી.

**(૭) ભારતનો પ્રથમ ખાદી મોલ : ઝારખંડ :**

- દેશનો પ્રથમ ખાદી મોલ ઝારખંડમાં ખુલશે, આ અંગે ઝારખંડના મુખ્યમંત્રી રઘુબર દાસે જાહેરાત કરી.
- દેશના પ્રથમ ખાદી મોલને વિકસાવવા હેવી એન્જીનિયરીંગ નિગમ (HEC) પરિસરની જમીન ખાદી બોર્ડને આપવામાં આવશે.
- ઝારખંડ : રાજધાની – રાંચી
- મુખ્યમંત્રી : રઘુબર દાસ
- રાજ્યપાલ : દ્રૌપદી મૂર્મ

**(૮) ભારત– નેપાળ સંબંધો પર ઇપીજીની ૯ મી બેઠક :**

- નેપાળ – ભારત સંબંધો પર પ્રતિષ્ઠિત વ્યક્તિ સમૂહ (ઇપીજી) ની નવમી અને અંતિમ બેઠક નેપાળના કાઠમાંડુમાં પુરી થઇ .
- નેપાળ અને ભારતના પ્રતિનિધિઓએ બે દિવસની બેઠકમાં ૧૯૫૦ની શાંતિ અને મૈત્રી સંધિ, વ્યાપાર, પારગમન અને સીમા સહિત મુદ્દાઓ પર ચર્ચા કરી.
- ભારત અને નેપાળના બુદ્ધિજીવીઓનું એક સંયુક્ત તંત્ર છે. જેની સ્થાપના ૨૦૧૬માં કરવામાં આવી હતી.
- નેપાળ રાજધાની – કાઠમાંડું
- પ્રધાનમંત્રી : ખડગા પ્રસાદ શર્મા ઓલી
- રાષ્ટ્રપતિ : વિદ્યા દેવી ભંડારી

પ્રશ્નો :

૧ DDCAના નવા અધ્યક્ષનું નામ જણાવો ?
- રજત શર્મા

૨ DDCA ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૮૮૩

૩ તાજેતરમાં કયા ભારતીય ક્રિકેટરનો આઇસીસી હોલ ઓફ ફેમ માં સમાવેશ કરાયો ?
- રાહુલ દ્રવિડ

૪ મેક્સિકોના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- આન્દ્રેસ મેન્યુઅલ લોપેજ ઓબ્રેડોર

૫ સ્વિસબેંકનું હેડકવાર્ટર કયાં આવેલું છે ?
- બેસલ, સ્વિટ્ઝરલેન્ડ

૬ ભારતનો પ્રથમ ખાદી મોલ કયાં શરૂ થશે ?
- ઝારખંડ

૭ EPG ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૦૧૬

## 4.July 2018

**(૧) લોકસભા સાંસદ ૧ દિવસમાં ૧૦ નહીં પાંચ સવાલ જ પૂછી શકશે.**

- સંસદ સત્ર દરમિયાન લોકસભાના સાંસદો દ્વારા એક દિવસમાં પૂછાતા સવાલોની સંખ્યા સ્પીકરે ઘટાડીને અડધી કરી દીધી છે.
- અત્યાર સુધી સાંસદ એક દિવસમાં ૧૦ સવાલોની નોટિસ આપી શકતા હતા પણ ચોમાસુ સત્રથી તેઓ એક દિવસમાં પાંચ જ સવાલો પૂછી શકશે.
- લોકસભા સ્પીકરના નિર્દેશ ૧૦ બી હેઠળ કોઇપણ સાંસદ એક દિવસમાં ૧૦ થી વધુ સવાલ પૂછવાની નોટિસ નથી આપી શકતા.
- એક દિવસમાં પૂછાતા સવાલોની સંખ્યા ૨૩૦ થી વધુ થતી હોવાના કારણે સ્પીકરે તેમાં સુધારો કર્યો છે.
- લોકસભા મહાસચિવ સ્નેહલતા શ્રીવાસ્તવની સહી સાથેના બુલેટિનમાં કહેવાયું છે કે લોકસભા સાંસદ હવે એક દિવસમાં ૫ સવાલોની જ નોટિસ આપી શકશે.
- જો કોઇ સભ્ય ૫ થી વધુ સવાલો માટે નોટિસ આપે તો બચેલા સવાલ બીજા દિવસે લેવાશે.

**(૨) ઉત્તરપ્રદેશમાં કાનપુરની એક મુસ્લિમ મહિલાએ ઉર્દૂમાં રામાયણ લખી :**

- ઉત્તરપ્રદેશમાં કાનપુરની એક મુસ્લિમ મહિલાએ ઉર્દૂમાં રામાયણ લખીને સાંપ્રદયાકિ સૌહાર્દનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.
- મહિલાનું નામ માહી તલત સિદ્દીકી છે. તેઓ પ્રેમનગરમાં રહે છે.
- તેઓએ ઉર્દૂમાં રામાયણ લખીને એવા લોકો સુધી પહોંચાડવાનું કામ કર્યું છે કે જેમને હિન્દી નથી આવડતું.
- ખાસ કરીને મુસ્લિમ સમાજ માટે અન્ય ધર્મ ગ્રંથો ના પવિત્ર શબ્દોની માફક રામાયણ પણ શાંતિ અને ભાઇચારાનો સંદેશ આપે છે.
- રામાયણનો ઉર્દૂમાં અનુવાદ કરવામાં તેમને દોઢ વર્ષનો સમય લાગ્યો. તે માટે તેમણે પહેલા રામાયણ વાંચી અને તેને સારી રીતે સમજવા રોજ રામેશ્વરમ્ મંદિર ગયા. ત્યાં કાવ્યપાઠ પણ કર્યો.
- આ કાર્યમાં તેમણે પોતાની માતાની પણ મદદ લીધી છે. માહીના પિતા ઝુબેર અહેમદ બિઝનેસમેન છે.
- બે વર્ષ અગાઉ શિવાલામાં રહેતા બદ્રીનારાયણ તિવારીએ તેમને રામાયણ આપી હતી.

**(૩) મુખ્યમંત્રીનો ઇઝરાઇલ પ્રવાસ :**

- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો ઇઝરાઇલ વિદેશ પ્રવાસ પૂર્ણ.
- ૨૬ જૂનના રોજ તેઓ સચિવોના કાફલા સાથે ૬ દિવસ માટે ઇઝરાઇલના પ્રવાસે ગયા હતાં.
- આ છ દિવસના પ્રવાસ દરમિયાન રૂપાણીએ સરકારનાં બે સિનિયર મંત્રીઓ ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને ગૃહ અને વહીવટી વિભાગ સિવાયનાં પોતાના વિભાગોની વહેંચણી કરીને જવાબદારી સોંપવામાં આવી હતી.
- ઇઝરાયલ પ્રવાસના ત્રીજા દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ વચ્ચે મુલાકાત થઇ હતી.
- ગુજરાત અને ઇઝરાયલે કૃષિ, સાઇબર સિક્યુરિટી, વોટર મેનેજમેન્ટ અને ઇનોવેશન્સના ક્ષેત્રોમાં એકબીજાને સહભાગી થવાનું નક્કી કર્યું છે.
- બંને પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં સાતત્યપૂર્ણ સહકાર માટે જોઇન્ટ વર્કિંગ ગ્રુપની રચના કરવામાં આવશે.
- કૃષિ અને ઇનોવેશનમાં ઇઝરાયલ – ગુજરાત વચ્ચે ખૂબ મોટી સંભાવનાઓ છે તેનો લાભ ખેડૂતો અને યુવાઓને મળશે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઈઝરાઇલના સૌથી મોટા કિબુત્ઝનું સંચાલન કરતી ભારતીય મૂળની ઇરિગેશન કંપની અને તેની કાર્યપ્રણાલી નિહાળી હતી.
- જેને ઇરિગેશન કંપનીએ ઇઝરાયલની ૮૦ વર્ષ જૂની નાનદાન ઇરિગેશન કંપનીને એક્વાયર કરી રહી છે.
- પ્રવાસના અંતિમ તબક્કામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઇઝરાયેલના ડાયમન્ડ બુર્શની મુલાકાત લઇ અને ત્યાં ડાયમન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં યોગદાન આપી રહેલાં ગુજરાતી પરિવારોને પણ મળ્યા હતા.
- જ્યાં ઇઝરાયલના હીરા – ઉદ્યોગકારોને જાન્યુઆરી – ૨૦૧૯માં યોજનારી વાઇબ્રન્ટ સમિટમાં સહભાગી થવા માટે મુખ્યમંત્રી રૂપાણીએ આમંત્રણ આપ્યું હતું.
- તેમજ મુખ્યમંત્રીએ ઇઝરાયલ ડાયમન્ડ ઇન્ડસ્ટ્રીઝ સુરતમાં પોલિશિંગ – કટિંગ જેવા ક્ષેત્રોમાં પણ સહભાગી થાય તેવી આશા વ્યક્ત કરી હતી.
- મુખ્યમંત્રીએ ઇઝરાયલમાં આવેલાં વિશ્વના સૌથી મોટા સોરેક ડિસેલીનેશન પ્લાન્ટ અને સ્ટાર્ટઅપ નેશનલ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. ઇઝરાયલના પ્રવાસ દરમિયાન કૃષિ, સાઇબર સિક્યુરિટી, જળ વ્યવસ્થાપન અને ઇનોવેશન જેવા ક્ષેત્રમાં ગુજરાતે આગળ વધવાની રૂચિ વ્યક્ત કરી છે.
- સૌ પ્રથમ કયા ક્ષેત્રમાં કેટલું આગળ વધી શકાય તેમ છે તે નક્કી કરવા માટે રાજ્ય સરકારે હાઇ પાવર કમિટીની બુધવારે બેઠક બોલાવી છે.
- ઇઝરાયલ પ્રવાસ પછી મુખ્યમંત્રી વિજયરૂપાણી ચીન કે પછી જાપાનના પ્રવાસે જશે.

**(૪) ગુજરાતના આઇ ક્રિયેટ સાથે ત્રણ MOU થયાં**

- ફળફળાદિમાં જીવાત નિયંત્રણ માટે કેમિકલ સ્પ્રેના ઓછા વપરાશની ઇનોવેટિવ ટેક્નોલોજી માટે બાયોફિડના એમઓયુ
- ગંદા પાણીના શુદ્ધિકરણની માત્રા અને ગતિ વધારવા માટે ઇનોવેટિવ બાયોફિલ્મના ઉપયોગના એમઓયુ
- ઇલેક્ટ્રિક વાહનોની બેટરીના ફાસ્ટ ચાર્જિંગ માટેની ઇનોવેટિવ ટેકનોલોજી વિનિયોગ એમઓયુ

**(૫) બાળાઓમાં કુપોષણ નિયંત્રણની 'પૂર્ણા' યોજનાનો આરંભ :**

- રાજ્ય સરકાર દ્વારા કુપોષણ નિવારવા માટે રાજ્ય વ્યાપી કુપોષણ નિયંત્રણ ' પૂર્ણા' યોજનાનો પ્રારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરાવ્યો હતો.
- રાજ્યમાં હજુ ૭ જેટલા જિલ્લાઓ કુપોષિત છે.
- જેમાં વિશેષ ફોક્સ કરીને બાળસગર્ભા સ્ત્રીઓ, કિશોરીઓની તંદુરસ્તી પર રાજ્ય સરકાર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

- યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની બધી જ કિશોરીઓને પૂરક પોષણ, આરોગ્ય અને શિક્ષણ માટે વર્ષ ૨૦૧૮–૧૯માં રૂ. ૨૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- આ યોજના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય અંતર્ગત આવે છે.

**(૬) ૧૮ મી એશિયન ગેમ્સ :**

- ભારત ૧૮ મી એશિયતન ગેમ્સમાં ૫૨૪ સભ્યોની ટીમ ઉતારશે. જેમાં ૨૭૭ પુરૂષ અને ૨૪૭ મહિલા એથલીટ હશે.
- ભારતીય ઓલિમ્પિક સંઘે આ જાહેરાત કરી હતી. ભારતીય ખેલાડી ૩૬ ઇવેન્ટમાં ભાગ લેશે.
- વિવિધ રમતોમાં ભારતની એથલેટિક્સ ટીમ સૌથી મોટી છે, જેમાં ૫૨ એથલીટનો સમાવેશ થાય છે.
- વર્ષ –૨૦૧૪ની ઇન્ચિયોન, સાઉથ કોરિયા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતે ૫૪૧ સભ્યોની ટીમ મોકલી હતી.
- એશિયન ગેમ્સ ઇન્ડોનેશિયામાં ૧૮ ઓગસ્ટથી ૨ ડિસેમ્બર સુધી યોજાશે.
- અત્યાર સુધી એશિયન ગેમ્સનું ભારતમાં બે વખત આયોજન થયું છે.
- સૌપ્રથમ એશિયન ગેમ્સનું આયોજન નવી દિલ્લી ખાતે ૧૯૫૧માં થયું હતું. જેમાં ૧૧ દેશોએ ભાગ લીધો હતો.
- ત્યારબાદમાં ૧૯૮૨માં બીજી વખત નવી દિલ્લી ખાતે થયું હતું. જેમાં ૨૩ દેશોએ ભાગ લીધો હતો.

**(૭) રાજ્ય સરકાર કાર્યકારી ડીજીપી નિયુક્ત કરી શકે નહીં : સુપ્રીમ :**

- દેશમાં પોલીસ સ્તરે સુધારા માટે સુપ્રીમકોર્ટે તાજેતરમાં અનેક માર્ગદર્શક નિયમો જાહેર કર્યા.
- સુપ્રીમકોર્ટના જણાવ્યા અનુસાર તમામ રાજ્યો અને કન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ કોઇપણ પોલીસ અધિકારીને કાર્યવાહક ડીજીપી તરીકે નિયુક્ત ન કરે.
- ડીજીપી કે પોલીસ કમિશનરના પદ પર નિયુક્ત કરવા માટે સરકાર જે વરિષ્ઠ પોલીસ અધિકારીઓના નામો પર વિચાર કરી રહી હશે.
- તેમના નામ UPSC ને મોકલાશે. તેમને શોર્ટલિસ્ટ કરીને UPSC ત્રણ સૌથી સક્ષમ અધિકારીઓની યાદી રાજ્યને સોંપશે.

**(૮) આયુષ્માન ભારત : મધ્યપ્રદેશ :**

- મધ્યપ્રદેશ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા મિશન અંતર્ગતની આયુષ્યમાન 'ભારત' યોજના ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ થી લાગુ કરવામાં આવશે.
- રાજ્ય સરકારે આ યોજના લાગુ કરવા માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય એજન્સી સાથે કરાર કર્યા.
- 'આયુષ્માન ભારત' યોજનાની જાહેરાત નાણાંમંત્રી અરૂણ જેટલીએ ૨૦૧૮ના બજેટ સત્ર દરમ્યાન કરી હતી.
- યોજના અંતર્ગત બીપીએલ ધારકોને ૫ લાખ સુધીની સ્વાસ્થ્ય સેવાઓ મફતમાં આપવામાં આવશે.

પ્રશ્નો :

૧ લોકસભામાં સાંસદો એક દિવસમાં કેટલા સવાલો પુછી શકશે ?
– ૫ (પાંચ)
૨ તાજેતરમાં વિજયરૂપાણીએ કયાં દેશનો પ્રવાસ કર્યો ?
– ઇઝરાયેલ
૩ રાજ્ય સરકાર દ્વારા કુપોષણ નિવારવા કઇ યોજનાનો પ્રારંભ કરાયો ?
– પુર્ણા યોજના
૪ પુર્ણા યોજના કયા મંત્રાલય અંતર્ગત આવે છે ?
– મહિલા અને બાળ કલ્યાણ અંતર્ગત
૫ ૧૮ મી એશિયન ગેમ્સનું આયોજન કયાં થશે ?
– ઇન્ડોનેશિયા
૬ આયુષ્યમાન ભારત યોજનાની જાહેરાત કોણે કરી હતી ?
– નાણામંત્રી અરૂણ જેટલી

## 5.July 2018

**(૧) સ્પોર્ટ્સ ઓથો. ઓફ ઇન્ડિયાનું નામ સ્પોર્ટ્સ ઇન્ડિયા કરાયું.**

- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા હવે સ્પોર્ટ્સ ઇન્ડિયા તરીકે ઓળખાશે.
- કેટલાક પદના અધિકારી નિવૃત્ત થતાં તે પદ રદ કરાશે.
- ખેલાડીઓનો ભોજનનો દૈનિક ખર્ચ પણ વધારાશે.
- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા વર્ષ ૧૯૮૪માં થઇ હતી.
- કેન્દ્રિય રમત–ગમત મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોર
- હેડ ક્વાર્ટર – નવી દિલ્લી

**(૨) રિઝર્વ બેન્ક ઓફ ચાઇનાને મંજૂરી આપી :**

- રિઝર્વ બેન્કે બેન્ક ઓફ ચાઇનાને ભારતમાં કામગીરી શરૂ કરવા મંજૂરી આપી છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીની રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથેની મુલાકાત સમયે મંજૂરી મંગાઇ હતી.
- બેન્ક ઓફ ચાઇના ચીનની કેટલીક સરકારી બેન્કોમાંથી એક છે.
- બેન્ક ઓફ ચાઇનાની બજાર મુળી ૧૫૮ અરબ ડોલર કરતાં પણ વધારે છે.
- બેન્ક ઓફ ચાઇના ભારતમાં આવનારી ચીનની બીજી બેન્ક છે.
- આ અગાઉ ૨૦૧૧માં ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્સિયલ બેન્ક ઓફ ચાઇના જેવી એક શાખા મુંબઇ ખાતે આવેલ છે.
- ભારતની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની બે શાખા ચીનમાં કાર્યરત છે. એક શંઘાઇ અને બીજી તિઆનજીન
- વડુ મથક : બેજિંગ ચાઇના
- રાજધાની : બેજિંગ
- રાષ્ટ્રપ્રમુખ : શિ જિનપિંગ

**(૩) એશિયન ગેમ્સની ભારતીય ટીમમાં ૬ ગુજરાતી ખેલાડી :**

- એશિયન ગેમ્સમાં રમવા જનારા ૫૨૪ સભ્યોની ટીમમાં ગુજરાતના ૬ ખેલાડી પસંદગી પામ્યા છે.
- ટેબલ ટેનિસમાં હરમિત દેસાઇ અને માનવ ઠક્કર, જૂનિયર શૂટિંગ વર્લ્ડ કપમાં ૩ ગોલ્ડ જીતનારી એલાવેનિલ વેલારિવન, ટેનિસમાં અંકિતા રૈના, ગુવાહાટીમાં ઇન્ટરસ્ટેટ ચેમ્પિયનશીપમાં ૪૦૦મી (વિધ્ન દોડ) ૫૮.૧ સેકન્ડમાં પુરી કરીને બ્રોન્ઝ મેડલ જીતનારી ડાંગની સરીતા ગાયકવાડ અને સ્વિમિંગમાં અંશુલ ઠક્કરની પસંદગી કરવામાં આવી છે.

**(૪) ટી–૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપી બે હજાર રન બનાવનાર ખેલાડી – વિરાટ કોહલી**

- ભારતીય ટીમે ઇંગ્લેન્ડ પ્રવાસની શરૂઆત શાનદાર જીત સાથે કરી હતી.
- ઇંગ્લેન્ડ આઠ વિકેટ વિજય મેળવ્યો હતો.
- વિરાટ કોહલીએ પણ આ મેચમાં વિશેષ સિદ્ધિ મેળવી હતી. વિરાટે આ મેચ દરમિયાન ટી–૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨ હજાર રન પૂર્ણ કર્યા હતા.
- વિરાટે પોતાની ૬૦મી મેચમાં બે હજાર રન પૂર્ણ કર્યા હતા. આ સાથે તે ટી–૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપી બે હજાર રન બનાવનાર ખેલાડી બની ગયો છે.
- આ પહેલા આ રેકોર્ડ ન્યૂઝીલેન્ડના બ્રેન્ડન મેક્કુલમના નામે હતો. મેક્કુલમે ૬૭ મેચની ૬૬મી ઇનિંગમાં આ સિદ્ધિ મેળવી હતી.
- ન્યૂઝિલેન્ડના જ માર્ટિન ગાપ્ટિલે ૭૫ મેચની ૬૮ ઇનિંગમાં બે હજાર રન પૂર્ણ કર્યા હતા. કોહલીએ ૬૦ મેચમાં આ સિદ્ધિ મેક્કુલમને પાછળ છોડ્યો હતો. વિરાટ પહેલાં ત્રણ ખેલાડી જ આંતરરાષ્ટ્રીય ટી–૨૦ ક્રિકેટમાં બે હજારથી વધુ રન બનાવી ચૂક્યા છે જેમાં ન્યૂઝીલેન્ડનો બ્રેન્ડન મેક્કુલમ, માર્ટિન ગાપ્ટિલ અને પાકિસ્તાનનો શોએબ મલિક સામેલ છે.
- આ મેચ દરમ્યાન ધોનીએ બે સ્ટમ્પિંગ કર્યા હતા. તે સાથે જ ધોની – ટી –૨૦ ક્રિકેટમાં સૌથી વધુ સ્ટમ્પિંગ કરનાર પ્રથમ વિકેટ કીપર બની ગયો.

**(૫) ભારતનું પ્રથમ ગ્લોબલ મોબિલિટી શિખર સંમેલન :**

- નવી દિલ્લી ખાતે ૭ અને ૮ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમ્યાન મુવ– ગ્લોબલ મોબિલિટી શિખર સંમેલનનું આયોજન નીતિ આયોગ દ્વારા રજુ કરવામાં આવશે.
- આ સંમેલનમાં સરકારના વિવિધ લક્ષ્યો પર વિચારણા કરવામાં યોજવામાં આવશે.
- ભારતનું આ પ્રકારનું પ્રથમ સંમેલન હશે, જેમાં દુનિયાભરના રાજનેતાઓ ઉદ્યોગપતિઓ, સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેશે.

**(૬) મેજર જનરલ વીડી ડોગરા – આયરનમેન પ્રતિયોગિતા :**

- મેજર જનરલ વીડી ડોગરા ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ અત્યંત મુશ્કેલ 'આયરમેન' પ્રતિયોગિતા પૂરી કરનાર દુનિયામાં પ્રથમ ભારતીય સેના અધિકારી અને એકમાત્ર જનરલ બન્યા.
- 'આયરમેન' પ્રતિયોગિતા દુનિયાની સૌથી મુશ્કેલ સ્પર્ધા છે જે એક દિવસ માટે યોજાય છે.
- સ્પર્ધામાં પૂર્ણ કરનાર ખેલાડીઓને 'આયરમેન' નું બિરૂદ આપવામાં આવે છે, જેમાં ખેલાડીએ ૧૭ કલાકની અંદર સ્પર્ધા પૂર્ણ કરવાની હોય છે.
- 'આયરમેન' સ્પર્ધામા ૩.૮ કિ.મી. સ્વિમિંગ, ૧૮૦ કિ.મી. સાઇકલિંગ, અને ૪૨.૨ કિમીની દોડ પુરી કરવાની હોય છે.
- મેજર જનરલ વીડી ડોગરાએ આ સ્પર્ધા ૧૪ કલાક અને ૨૧ મિનિટમાં પૂર્ણ કરી હતી.

**(૭) તારંગા પર્વતમાળા : બુધ્ધકાલીન અવશેષો :**

- તારંગા ઈતિહાસમાં આનર્ત અને મહાભારત કાળમાં સૈનિક પ્રશિક્ષણ કેન્દ્ર તરીકે જાણીતું છે.
- તાજેતરમાં પુરાતત્વ વિભાગ દ્વારા થયેલા ઉત્ખન્નમાં તારંગા પર્વતમાળાની ટેકરી પરથી બૌદ્ધ સ્તુપો મળ્યા છે. જે ક્ષત્રપ સમયકાળના હોવાનું માનવામાં આવે છે.
- જૈન તીર્થંકર અજિતનાથનું ભવ્ય દેરાસર એ આજના તારંગાની ઓળખ છે.
- તેથી આસપાસ આવેલા પર્વતીય પ્રદેશની બાર મુખ્ય ટેકરીઓ પર અનેક ગુફાઓમાં આ બૌદ્ધ ધર્મીઓ વસવાટ કરતા હશે તેવા અસંખ્ય પુરાવા તારંગા થી વડનગર સુધી મૌજુદ છે.
- આ પર્વતમાળા ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલ છે.

**(૮) એરોન ફિન્ચનો ટી– ૨૦ નો સૌથી મોટો સ્કોર :**

- ઓસ્ટ્રેલિયાના કેપ્ટન એરોન ફિન્ચે ઝિમ્બાબ્વે વિરૂદ્ધની ટી–૨૦ મેચમાં ૧૭૨ રન બનાવ્યા હતા.
- ફિન્ચે આ સાથે પોતાનો જ રેકોર્ડ (૧૫૬ રન) તોડી નાખ્યો હતો.
- ઓસ્ટ્રેલિયાના ઓપનર ફિન્ચ અને ડી.આર્સી (૪૨રન) ની જોડીએ પ્રથમ વિકેટ માટે ૨૨૩ રનની ભાગીદારી કરી હતી.
- ટી–૨૦ ક્રિકેટમાં પ્રથમ વખત કોઇપણ જોડીએ ૨૦૦ થી વધુ રનની ભાગીદારી કરી છે.
- અંતિમ ઓવરમાં ફિન્ચ હિટવિકેટ આઉટ થયો. ટી–૨૦ માં આ રીતે આઉટ થનારો તે ૧૧ મો ક્રિકેટર છે.

**(૯) મહારાજા વીર વિક્રમ માણિક્ય કિશોર એરપોર્ટ – અગરતલા**

- ત્રિપુરાના અગરતલા ખાતે આવેલ એરપોર્ટનું નામ બદલાવી મહારાજા વીર વિક્રમ માણિક્ય કિશોર કરવામાં આવ્યું.
- આ ફેરફારને કેન્દ્રની મંજૂરી આપવામાં આવી.
- મહારાજા વીર વિક્રમ માણિક્ય કિશોરને ત્રિપુરાના વિકાસ પુરૂષ તરીકે ઓળખવામાં આવે છે.
- મહારાજા વીર વિક્રમ માણિક્ય કિશોરે આ એરપોર્ટના નિર્માણ માટે ૧૯૪૨માં જમીન દાન કરી હતી.
- ત્રિપુરા રાજધાની – અગરતલા
- મુખ્ય મંત્રી : વિપ્લવ દેવ

**(૧૦) અન્નપુર્ણા દૂધ યોજના : રાજસ્થાન :**

- રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સરકારી સ્કૂલો અને મદરેસામાં અભ્યાસ કરતાં ૬૨ લાખ બાળકોમાં અન્નપૂર્ણા દૂધ યોજના શરૂ કરી.
- ૮ માં ધોરણ સુધીના સરકારી સ્કૂલો અને મદરેસામાં અભ્યાસ કરતાં બાળકોને અઠવાડિયામાં ત્રણ દિવસ તાજું, શુધ્ધ અને પૌષ્ટિક ગરમ દૂધ આપવામાં આવશે.
- આ યોજનામાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓ મારફતે દૂધ આપવામાં આવશે.
- રાજધાની : જયપુર
- મુખ્યમંત્રી : વસુંધરા રાજે

પ્રશ્નો :

૧ સ્પોર્ટ્સ ઓથો. ઓફ ઇન્ડિયાનું નામ બદલીને શું કરાયું ?
– સ્પોર્ટ્સ ઇન્ડિયા

૨ કેન્દ્રિય રમતગમત મંત્રી જણાવો ?
– રાજ્યવર્ધનસિંહ રાઠોર

૩ SBI ની કેટલી શાખા ચીનમાં કાર્યરત છે ?
– બે

૪ એશિયન ગેમ્સ– ૨૦૧૮માં કેટલા ગુજરાતી ખેલાડીનો સમાવેશ કરાયો ?
– ૬ (છ)

૫ ટી–૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦૦ રન બનાવનાર ખેલાડીનું નામ જણાવો ?
– વિરાટ કોહલી
૬ તાજેતરમાં ગ્લોબલ મોબિલિટી શિખર સંમેલનનું આયોજન કોના દ્વારા થયું ?
– નીતિ આયોગ
૭ 'આયરમેન' સ્પર્ધા પુર્ણ કરનાર પ્રથમ ભારતીય જણાવો ?
– મેજર જનરલ વીડી ડાંગરા
૮ તારંગા પર્વતમાળા કયા જિલ્લામાં આવેલી છે ?
– મહેસાણા
૯ ત્રિપુરાની રાજધાની જણાવો ?
– અગરતલા

## 6.July 2018

**(૧) વર્લ્ડ ઝુનોસીસ ડે :**
– મનુષ્ય પશુ અને પક્ષીઓના સંપર્કમાં સતત હોય છે.
– જેના લીધે પશુ, પક્ષીઓના રોગો માનવોને થવાની શક્યતા હોય છે. આવા રોગોને ઝુનોસીસ રોગો કહેવામાં આવે છે.

**(૨) ભૂટાનના પ્રધાનમંત્રીનો ભારત પ્રવાસ :**
– ભૂટાનના પ્રધાનમંત્રી દશો શેરિંગ ટોબગ ભારતના ત્રણ દિવસીય પ્રવાસ પર પહોંચ્યા.
– યાત્રા દરમ્યાન દશો શેરિંગ ટોબગ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન મોદી સાથે બેઠક કરશે.
– ચાલુ વર્ષે ભારત અને ભૂટાન વચ્ચેના રાજકીય સંબંધોના ૫૦ વર્ષ પૂરા થયા છે.
– ભૂટાન રાજધાની : થિમકૂ
– પ્રધાનમંત્રી : દશો શેરિંગ ટોબગ

**(3) ભારતનું હ્યુમન સ્પેસ ફ્લાઇટ પ્રોગ્રામ તરફ પહેલું ડગલું :**
– ઇસરોએ ૫ જુલાઇ ૨૦૧૮ના રોજ ભવિષ્યમાં ભારતીય અવકાશયાત્રીઓને અંતરીક્ષમાં જતી વખતે અકસ્માતથી બચાવ કરતી એસ્કેપ કેપ્સ્યુલનું સફળ પરીક્ષણ કર્યું હતું.
– શ્રી હરિકોટા ખાતેનાં પરીક્ષણ સ્થળ ખાતે પેડ અબોર્ટ અથવા તો બેલઆઉટ સિસ્ટમનું પરીક્ષણ કરાયું હતું.
– શ્રી હરિકોટા ખાતે હાથ ધરાયેલ પેડ અબોર્ટ સિસ્ટમનું પરીક્ષણ મોટી સફળતા છે.
ઇસરોનો હ્યુમન સ્પેસ પ્રોગ્રામ માનવીને અંતરિક્ષમાં લઇ જઈ સફળતાપૂર્વક પૃથ્વી પર પરત લઇ આવવા પર કેન્દ્રિત છે.
– આ માટે ઇસરોએ સ્પેસ ક્રાફ્ટમાં જ અંતરિક્ષયાત્રીઓને લાઇફ સપોર્ટ સિસ્મટ ઉપલબ્ધ કરાવવી પડશે.
– સફળ પરીક્ષણ બાદ હવે ઇસરો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલશે.
– ISRO - Indian Space Research Organisation
– સ્થાપના : ૧૫ ઓગસ્ટ – ૧૯૬૯
– સ્થાપક : વિક્રમ સારાભાઇ
– સૂત્ર – માનવ જાતિ કી સેવા મેં અંતરિક્ષ પૌદયોગિકી
– મુખ્યાલય : બેંગ્લોર
– ડૉ. કે. સિવાન

**(૪) ટેમ્પરિંગ અંગેના નિયમમાં બદલાવ :**
– આઇસીસીએ બોલ ટેમ્પરિંગ અને સ્લેજિંગ રોકવા માટે દોષી ક્રિકેટરો પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.
– જેના માટે તે પોતાનાં નિયમોને વધુ સખત બનાવશે.
– તાજેતરમાં ડબલિંગ ખાતે યોજાયેલ આઇસીસીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
– ભારત તરફથી આ બેઠકમાં પૂર્વ કપ્તાન અનિલ કુંબલે હાજર રહ્યા હતા.
– જો ખેલાડી નક્કી કરેલા માપદંડોનું ઉલ્લંઘન કરશે તો તેના માટે સંબંધિત બોર્ડના જવાબદાર માનવામાં આવશે.
– બોલ ટેમ્પરિંગને હવે લેવલ ત્રણનો અપરાધ માનવામાં આવશે.
– જેના માટે મહત્તમ ૧૨ સસ્પેન્ડ પોઇન્ટ આપવામાં આવશે, જે ૬ ટેસ્ટ કે ૧૨ વન –ડે જેટલો હશે
– આ નિયમ ચાલુ વર્ષથી જ લાગુ થઇ શકે છે. સ્લેજિંગ એમ્પાયરના નિર્દેશોની અવગણના પર પણ કડક કાર્યવાહી કરાશે.
– ચાલુ વર્ષે માર્ચમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટિવન સ્મીથ, વોર્નર, અને બેનક્રાફ્ટને બોલ ટેમ્પરિંગને કારણે સસ્પેન્ડ કરાયા હતા.
– ગયા મહિને શ્રીલંકાના દિનેશ ચંડીમલ પર પણ આવા જ આરોપના કારણે એક ટેસ્ટમનો પ્રતિબંધ લગાવાયો હતો.
– મુખ્યાલય : દુબઇ
– સ્થાપના : ૧૫ જૂન – ૧૯૦૯
– ચેરમેન : શશાંક મનોહર
– સદસ્ય દેશ : ૧૦૬

પ્રશ્નો :
૧ વર્લ્ડ ઝુનોસીસ ડે ક્યારે મનાવાય છે ?
– ૬ જુલાઇ
૨ ભુટાનના પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
– દશો શેરિંગ ટોબગ
૩ ISRO ના સ્થાપક જણાવો ?
– વિક્રમ સારાભાઇ
૪ ISRO નું મુખ્યમથક કયાં આવેલું છે ?
– બેંગ્લોર
૫ ICC નું મુખ્યમથક કયાં આવેલું છે ?
– દુબઇ

## 7.July 2018

**(૧) જસ્ટિસ એ.કે. ગોયલ NGTના ચેરમેન બન્યા :**
– જસ્ટિસ આદર્શ કુમાર ગોયલ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરમન તરીકે નિમણૂક પામ્યા છે.
– સુપ્રીમ કોર્ટથી નિવૃત્ત જસ્ટિસ ગોયલ આ પદ પર પાંચ વર્ષ સુધી રહેશે.
– એનજીટી ચેરપર્સનનું પદ જસ્ટિસ સ્વતંત્ર કુમારના નિવૃત્ત થયા બાદ ગત છ મહિનાથી ખાલી પડ્યું હતું.
– નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની રચના નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ– ૨૦૧૦ હેઠળ કરવામાં આવી છે.
– પર્યાવરણ સંબંધિત મિલકતના અધિકારના અમલીકરણ અને નુકસાન અથવા તેને સંબંધિત બાબતો અથવા પર્યાવરણીય રક્ષણ અને જંગલો અને અન્ય કુદરતી સંસાધનોની સુરક્ષા સંબંધિત બાબતોને વળતર માટે તેની સ્થાપના કરવામાં આવી હતી.

Vivekanand Academy Gandhinagar

- અસરકારક અને ઝડપી પતાવટ માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી હતી.
- ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયા બાદ ભારતએ દેશોમાં ભાગીદાર બન્યું જેણે પર્યાવરણના મુદ્દા પર એક વિશેષ અધિકરણ સંસ્થાની સ્થાપના કરી.

**(૨) સાહિત્યકાર અમૃતલાલ વેગડ અવસાન :**

- પ્રસિદ્ધ સાહિત્યકાર અને નર્મદા પરિક્રમાથી પ્રખ્યાત થયેલા અમૃતલાલ ગોવાજાલ વેગડનું ૬ જુલાઇ ૨૦૧૮ના રોજ અવસાન થયું છે.
- તેમનો જન્મ ૩ ઓક્ટોબર ૧૯૨૮ના રોજ મધ્યપ્રદેશના જબલપુર ખાતે થયો હતો
- તેઓ સારા ચિત્રકાર પણ હતા ?
- તેમને નર્મદા અને અન્ય સહાયક નદીની ૪ હજાર કિલોમીટરની લાંબી પદયાત્રા વારંવાર કરી હતી.
- આ પરિક્રમા ઉપર તેમને સૌંદર્યની નદી નર્મદા, તીરે તીરે નર્મદા, પરિક્રમા નર્મદા મૈયા વગેરે પુસ્તકો પણ લખ્યાં હતાં.
- મૂળ કચ્છના વતની એવા વેગડે શાંતિનિકેતનમાંથી અભ્યાસ કર્યો હતો.
- ગુજરાતી અને હિન્દી સાહિત્ય અકાદમી સહિત અનેક રાષ્ટ્રીય પુરસ્કારોથી તેમનું સન્માન કરાયું હતું.
- અમૃતલાલ વેગડને તેમનાં પ્રવાસવર્ણન ‘સૌંદર્યની નદી નર્મદા’ માટે ૨૦૦૪નો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો.
- તેમના વિવિધ સર્જન માટે મધ્યપ્રદેશ રાજ્ય સાહિત્ય પુરસ્કાર અને રાષ્ટ્રપતિ પુરસ્કાર મળ્યા હતા.
- હિંદી માટે તેમને મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો.

અમૃતલાલ વગેડના નોંધનીય પુસ્તકો અને પુરસ્કાર

પુસ્તક : અમૃતસ્ય નર્મદા

ભાષા : હિન્દી

પુરસ્કાર :

- રાષ્ટ્રીય શરદ જોશી સન્માન
- મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર
- ડૉ. શંકરદયાલ શર્મા સર્જન સન્માન (હિન્દી ગ્રંથ અકાદમી)

પુસ્તક : પરિક્રમા નર્મદા મૈયાની

ભાષા : ગુજરાતી

પુરસ્કાર :

- ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક (પ્રથમ)
- કાકાસાહેબ કાલેલકર પારિતોષિક

પુસ્તક : સૌંદર્યકી નદી નર્મદા :

ભાષા : હિન્દી

પુરસ્કાર :

- મધ્યપ્રદેશ શાસનનું રાષ્ટ્રીય શરદ જોશી સન્માન
- મધ્યપ્રદેશ સાહિત્ય પરિષદનો અખિલ ભારતીય પુરસ્કાર

સૌંદર્યની નદી નર્મદા :

ભાષા : ગુજરાતી

પુરસ્કાર :

- સાહિત્ય અકાદમી પારિતોષિક (દિલ્હી)
- ગુજરાતી સાહિત્ય અકાદમી પારિતોષિક (પ્રથમ)

**(3) ઉત્તરપ્રદેશમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ :**

- યુપી સરકારે ૧૫ જુલાઇથી રાજ્યમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે.
- ઉત્તર પ્રદેશમાં ૫૦ માઇક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવશે.
- યુપી સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયનો હેતુ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને પર્યાવરણને દૂષિત થવા માટેનું રક્ષણ કરવાનો છે.
- મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યા પછી, ઉત્તર પ્રદેશ હવે પ્લાસ્ટિક પરના પ્રતીબંધ મૂકનાર ભારતનું ૧૯મું રાજ્ય બન્યું છે.
- ૧૫ મી જુલાઇથી રાજ્યમાં પ્લાસ્ટિક કપ, ગ્લાસ અને પોલિથિનનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.
- નિયમના ઉલ્લંઘનની ઘટનામાં વ્યક્તિને ઓછામાં ઓછા ૫૦ હજાર સુધી દંડ થઇ શકે છે.
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામનાયક

**(૬) નવાઝ શરીફ : પૂર્વ વડાપ્રધાન પાકિસ્તાન :**

- પનામા પેપર્સ મામલે પાકિસ્તાનના ત્રણ વખતના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને ૧૦ વર્ષની અને તેમની પુત્રી અને સહઆરોપી મરિયમને ૭ વર્ષની સજા મળી.
- ઇસ્લામાબાદની એકાઉન્ટેબિલિટી કોર્ટે સજા સાથે નવાઝને આશરે રૂા. ૭૩ કરોડ અને મરિયમને ૧૮.૨ કરોડ રૂપિયાનો દંડ પણ કર્યો છે.

પ્રશ્નો :

૧ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- જસ્ટિસ આદર્શ કુમાર ગોયલ

૨ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની રચના કયાં એક્ટ હેઠળ કરવામાં આવી છે ?
- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ –૨૦૧૦

3) અમૃતલાલ વેગડનું પુરૂનામ જણાવો ?
- અમૃતલાલ ગોવાજાલ વેગડ

૪) અમૃતલાલ વેગડનો જન્મ કયાં થયો હતો ?
- મધ્યપ્રદેશના જબલપુર ખાતે

(૫) અમૃતલાલ વેગડનું વતન જણાવો ?
- કચ્છ (ગુજરાત)

(૬) સૌંદર્યની નદી નર્મદા કૃતિ માટે અમૃતલાલ વેગડને કયો પુરસ્કાર મળ્યો હતો ?
- સાહિત્ય અકાદમી પારિતોષિક (દિલ્હી), ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક (પ્રથમ)

(૭) ‘અમૃતસ્ય નર્મદા’ કૃતિ કોની છે ? તે કઇ ભાષાની કૃતિ છે ?
- અમૃતલાલ વેગડ, હિન્દી

(૮) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- યોગી આદિત્યનાથ

(૯) ઉત્તરપ્રદેશ પ્લાસ્ટિક પરના પ્રતિબંધ મૂકનાર ભારતનું કેટલામું રાજ્ય બન્યું ?
- ૧૯ મું

## 8.July 2018

**(૧) વર્લ્ડ હેરિટેજ સિટીની એક વર્ષ પૂર્ણ :**

- ૮ જુલાઇ –૨૦૧૮ના રોજ અમદાવાદને ભારતના સૌપ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો હતો. તેને એક વર્ષ પૂરું થયું છે.

- ભદ્ર કિલ્લા અને ત્રણ દરવાજા સહિતના સ્મારકોના કારણે અમદાવાદને હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો હતો.
- હેરિટેજ સિટી જાહેર થયેલ હોય એવું અમદાવાદ દેશનું પ્રથમ સિટી બન્યું હતું.
- પોલેન્ડના ક્રાકોવ શહેરમાં યુનેસ્કોની ૪૧મી બેઠકમાં અમદાવાદને આ દરજ્જો અપાયો હતો.
- ૨૦૧૬-૧૭માં અમદાવાદમાં ૬૬,૬૨,૬૦૦ ટુરિસ્ટ આવ્યા હતા. તેની સામે ૨૦૧૭-૧૮માં ૭૪,૫૯,૩૫૧ ટુરિસ્ટ આવ્યા હતા. જેમાં ૭,૯૬,૯૫૧ ટુરિસ્ટો વધ્યા છે.
- વિદેશ પ્રવાસીની વાત કરીએ તો ૨૦૧૬-૧૭માં ૨,૪૩,૦૩૩ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. ૨૦૧૭-૧૮માં ૨,૮૫,૬૮૬ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. તેમાં ૪૨,૬૫૩નો વધારો થયો છે.

**(૨) પ્રથમ વખતે ટેક્નોલોજી ક્ષેત્રના ત્રણ માધંતા વિશ્વના સૌથી અમીર વ્યક્તિ બન્યા :**
- ફેસબુકના માર્ક ઝૂકરબર્ગ અબજોપતિ રોકાણકાર વોરેન બફેટને પછાડી વિશ્વના ત્રીજા ક્રમના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.
- ફેસબુકના શેરમાં ૨.૪% નો ઉછાળો નોંધાયો હતો. આથી ૩૪ વર્ષીય માર્કની સંપત્તિ વોરેન બફેટથી ૨૫.૭૦ કરોડ વધુ થઇને ૫.૬૨ લાખ કરોડની થઇ છે.
- ૮૭ વર્ષના બફેની સંપત્તિ ૫.૬૦ લાખ કરોડ છે. પ્રથમ ક્રમે એમેઝોનના જેફ બેજોસ અને બીજા ક્રમે માઇક્રોસોફ્ટના બિલ ગેટ્સ છે.
- બેજોસની સંપત્તિ ૯.૭૭ લાખ કરોડ રૂપિયા જ્યારે ગેટ્સની સંપત્તિ ૬.૪૭ લાખ કરોડની થઇ છે.

**(૩) ભારતનો સૌથી મોટો કરદાતા - રિલાયન્સ**
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દેશની સૌથી વધુ કરદાતા કંપની બની.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ૪૧ મી વાર્ષિક સાધારણ સભામાં રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ આ અંગેની જાહેરાત કરી હતી.
- રિલાયન્સ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ ડ્યૂટીનું સૌથી વધુ ભરપાઇ કરે છે.
- રિલાયન્સ સ્થાપક : ધીરૂભાઇ અંબાણી
- સ્થાપના : ૧૯૭૭

**(૪) ભારતે પેરા તીરંદાજીમાં ગોલ્ડ જીત્યા :**
- રાકેશ કુમાર, શ્યામ સુંદર સ્વામી અને તારીક પે ચેક ગણરાજ્યમાં યોજાયેલ વિશ્વ રેંકિંગ પેરા (દિવ્યાંગ) તિરંદાજી ચેમ્પિયનશીપમાં પુરૂષ ટીમે ગોલ્ડ સુવર્ણચંદ્રક જીત્યો.
- ભારતે ખિતાબ મેળવવા માટે ફાઇનલમાં રોમાનિયાને ૨૨૪-૨૦૯ થી હરાવ્યું હતું.
- ચેક ગણરાજ્ય રાજધાની : પ્રાગ
- રાષ્ટ્રપતિ : મિલોસ ઝેમાન
- ચલણ : ચેક ક્રોના

(૧) ભારતના સૌપ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો કયાં શહેરને મળ્યો હતો ?
- અમદાવાદ

(૨) ફેસબુકના સ્થાપકનું નામ જણાવો ?
- માર્ક ઝુકરબર્ગ

(૩) દેશની સૌથી મોટી કરદાતા કંપનીનું નામ જણાવો ?
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ

(૪) ચેક ગણરાજ્યની રાજધાની જણાવો ?
- પ્રાગ

(૫) માઇક્રોસોફ્ટના સ્થાપકનું નામ જણાવો ?
- બિલ ગેટ્સ

## 9.July 2018

**(૧) દીપાને જિમ્નાસ્ટિક્સ વર્લ્ડ ચેલેન્જમાં ગોલ્ડ :**
- જિમ્નાસ્ટ દીપા કર્માકરે તૂર્કીના મર્સિમાં આયોજિત એફઆઇજી ચેલેન્જ કપમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે.
- રિયો ઓલિમ્પિક ૨૦૧૬માં ત્રિપુરાની દીપા કર્માકરે ચોથું સ્થાન મેળવ્યું હતું.
- એફઆઇજી ચેલેન્જ કપમાં તેમણે ૧૪.૧૫૦ પોઇન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- વર્લ્ડ ચેલેન્જ કપમાં દીપાનો આ પ્રથમ મેડલ છે.

**(૨) ભારતે સતત પાંચમી ટી-૨૦ શ્રેણી જીતી : આઇસીસી રેન્કિંગમાં નંબર - ૨**
- ટીમ ઇન્ડિયાએ ઇંગ્લેન્ડ સામે ત્રીજી ટી-૨૦ મેચ ૭ વિકેટ જીતીને શ્રેણી ૨-૧ થી જીતી લીધી છે. આ સાથે ટીમ ઈન્ડિયાએ સતત પાંચમી શ્રેણી જીતી છે.
- રોહિતે અણનમ ૧૦૦ રન કરીને કેરિયરની ત્રીજી સદી કરી હતી અને સૌથી વધુ સદી કરવાના ન્યૂઝીલેન્ડના કોલીન મુનરોના વિક્રમની બરાબરી કરી છે.
- આઇસીસી રેન્કિંગમાં ભારત ઓસ્ટ્રેલિયાને પછાડી બીજા ક્રમે આવી ગયું છે. પ્રથમ સ્થાને પાકિસ્તાન છે.
- ધોનીએ આ મેચમાં ૫ કેચ ઝડપતાં એક ૨૦-ટ્વેન્ટી મેચમાં ૫ કેચ પકડનાર પ્રથમ વિકેટ કીપર બન્યો છે.
- રોહિતે ૨૦- ટ્વેન્ટીમાં ૨૦૦૦ રન પણ પુરા કર્યા છે.

**(૩) ૧૭ મું વિશ્વ સંસ્કૃત સંમેલન :**
- કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર ૧૭માં વિશ્વ સંસ્કૃત સંમેલનનું ઉદ્‌ઘાટન કરશે.
- આ સંમેલનનું આયોજન ૯ જુલાઇ થી ૧૩ જુલાઇ ૨૦૧૮ દરમ્યાન કેનેડાના વૈંકુવર ખાતે થશે.
- સંમેલનમાં ૫૦૦ થી વધુ વિદ્વાન અને ૪૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે
- વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન દર ત્રણ વર્ષે એક વખત દુનિયાના અલગ અલગ દેશોમાં થાય છે.
- વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન અત્યાર સુધીમાં ભારતમાં કુલ ત્રણ વખત થઇ ચૂક્યું છે.
- પ્રથમ વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન વર્ષ -૧૯૭૨માં નવી દિલ્લી ખાતે થયું હતું.
- કેનેડા રાજધાની : ઓટાવા
- પ્રધાનમંત્રી : જસ્ટિસ ટૂડો

**(૪) આઇએનએસ ત્રિકંદ :**
- ભારતનું નવીનતમ ફ્રંડલાઇન યુધ્ધજહાજ આઇએનએસ ત્રિકંદ પોતાના ગુડવિલ પ્રવાસ પર છે.
- શ્રીલંકા નૌસેના એ પરંપરાગત રીતે આઇએનએસ ત્રિકંદનું સ્વાગત કર્યું.
- અત્યાધુનિક આઇએનએસ ત્રિકંદ વિવિધ હથિયારોથી સજ્જ છે. અને હવા, પાણી અને જમીન હેઠળ ત્રણમાંથી આવતા દુશ્મનના શસ્ત્રોને શોધી અને નાશ કરવા સક્ષમ છે.
- આઇએનએસ ત્રિકંદ એ ભારતીય નૌકાદળની તલવાર કેટેગરીનું લડાઇ જહાજ છે.
- આ જહાજ રશિયાના કેલિનિનગ્રેડ શિપયાર્ડમાં બનાવવામાં આવ્યું હતું. તે જૂન - ૨૦૧૩ થી ભારતીય નૌકાદળમાં સેવા આપી રહ્યું છે.

- આ જહાજ યુદ્ધ દરમિયાન તે તેની ડિઝાઇનને લીધે, રડારની પકડમાં ભાગ્યે જ આવે છે.
- આ જહાજ પર બ્રહ્મોસ મિસાઇલ પણ તેનાત કરવામાં આવી છે.
- શ્રીલંકાની રાજધાની : શ્રી જયવર્ધનાપુરે કોટ્ટે
- રાષ્ટ્રપતિ : મિથિરીપાલ શ્રીસેના

**(૫) દક્ષિણ કોરિયાના પ્રમુખનો પ્રથમ ભારત પ્રવાસ :**

- દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જે ઇન ૮ જુલાઇ, ૨૦૧૮ના રોજ નવી દિલ્હી આવ્યા. આ તેમનો પહેલો ભારત પ્રવાસ છે.
- તેમની સાથે પત્ની કિમ જોંગ, સુક કેબિનેટના વરિષ્ઠ સભ્ય, અધિકારી અને ૧૦૦ ઉદ્યોગપતિ પણ આવ્યા છે.
- ૯ જુલાઇના રોજ મૂન ભારત – કોરિયા બિઝનેસ ફોરમની બેઠક બાદ વડાપ્રધાન મોદી સાથે ગાંધી મેમોરિયલ જશે.
- ૧૦ જુલાઇએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું ઔપચારિક સ્વાગત થશે.
- હૈદરાબાદ હાઉસમાં મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે સંરક્ષણ ક્ષેત્રમાં કરાર થવાની આશા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૦૧૫માં દક્ષિણ કોરિયા ગયા હતા.
- દક્ષિણ કોરિયા રાજધાની સિયોલ
- રાષ્ટ્રપતિ : મૂન જે ઇન

**(૬) ટ્રેનમાં ડિજિટલ આધાર, ડ્રાઇવિંગ લાઇસન્સ માન્ય :**

પ્રશ્નો :

૧ રેલવેએ ટ્રેનોમાં ફોટો આઇડીના ડિજિટલ સ્વરૂપને મંજૂરી આપી દીધી છે.

- હવે યાત્રીઓએ ટ્રેનમાં આધાર કે ડ્રાઇવિંગ લાઇસન્સ સાથે રાખવું જરૂરી નથી.
- આ દસ્તાવેજોમાંથી કોઇ એકની કોપી સરકારના ડિજિલોકરમાં હોવી જોઇએ. રેલવેએ બધા ઝોનમાં આદેશ જારી કરી દીધો છે.
- રેલવે મંત્રી : પીયૂષ ગોયલ

પ્રશ્નો :

૧ દીપા કર્માકર કયાં રાજ્યના વતની છે.

- ત્રિપુરા

૨ આઇસીસી ટી–૨૦ રેન્કિંગમાં ભારતનું સ્થાન જણાવો.

- ૨

૩ તાજેતરમાં આઇસીસી ટી–૨૦ ટ્વેન્ટીમાં ૨૦૦૦ રન પુરા કરનાર ખેલાડી ?

- રોહિત શર્મા

૪) આઇસીસીસ ટી–૨૦ સૌથી વધુ સદી ફટકારનાર પ્રથમ ખેલાડીનું નામ જણાવો ?

- કોલીન મુનરો (ન્યૂઝીલેન્ડ)

૫) કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રીનું નામ જણાવો ?

- પ્રકાશ જાવડેકર

(૬) પ્રથમ વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન કયાં થયું હતું ?

- વર્ષ ૧૯૭૨માં નવી દિલ્લી ખાતે

(૭) ૧૭માં વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન કયાં થયું હતું ?

- કેનેડાના વૈંકુવર ખાતે

(૮) કેનેડાની રાજધાની જણાવો ?

- ઓટાવા

(૯) આઇએનએસ ત્રિકંદ એ ભારતીય નૌકાદળની કઇ કેટેગરીનું લડાઇ જહાજ છે.

- તલવાર

(૧૦) આઇએનએસ ત્રિકંદ ક્યારથી ભારતીય નૌકાદળમાં સેવા આપી રહ્યું છે ?

- જૂન – ૨૦૧૩

(૧૧) દક્ષિણ કોરિયાની રાજધાની ?

- સિયોલ

(૧૨) ભારતના રેલવે મંત્રી :

- પીયૂષ ગોયલ

## 10.July 2018

**(૧) તારક મહેતાના ઉલ્ટા ચશ્મા ફેઇમ ડૉ.હાથીનું અવસાન :**

- તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી શ્રેણીમાં ડૉ. હંસરાજ હાથીનું પાત્ર ભજવતા કવિ કુમાર આઝાદનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે.
- તેમનો જન્મ ૧૨ મે ૧૯૮૧ ના રોજ બિહાર ખાતે થયો હતો.
- તેમણે આમિર ખાનની ફિલ્મ મેલા અને પરેશ રાવલ સાથે ફન્ટુસ ફિલ્મમાં પણ કામ કર્યું હતું.

**(૨) સેમસંગની સૌથી મોટી મોબાઇલ ફેક્ટરી શરૂ :**

- સેમસંગ કંપનીનો વિશ્વમાં સૌથી મોટો મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ઉત્તર પ્રદેશનાં નોઇડામાં શરૂ થયો છે.
- આશરે પાંચ હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા પ્લાન્ટનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જેના હસ્તે કરવામાં આવ્યું હતું.
- નોઇડાના ૮૧ સેક્ટરમાં બનેલો પ્લાન્ટ ૩૫ એકરમાં વિસ્તરેલો છે.
- હાલ કંપની ભારતમાં ૬.૭ કરોડ સ્માર્ટફોનનું મેન્યુફેક્ચરિંગ કરે છે.
- જે પ્લાન્ટ બન્યા બાદ ઉત્પાદન ક્ષમતા વધીને ૧૨ કરોડે પહોંચશે.
- સેમસંગ 'મેક ઇન ઇન્ડિયા' મેક ફોર ઇન્ડિયા' અને હવે 'મેક ફોર ધ વર્લ્ડ' કરશે.
- ૧૯૯૦માં સેમસંગ કંપનીએ દેશમાં પ્રથમ યુનિટ સ્થાપ્યું હતું.
- સેમસંગ ઇન્ડિયા ધી એક્ઝિક્યુટીવ ઓફિસર – એચસી હોંગ

**(૩) ગોલકીપર શ્રીજેશને એશિયન ગેમ્સની હોકી ટીમનો કેપ્ટન બનાવાયો :**

- ગોલકીપર પી.આર. શ્રીજેશને ૧૮ મી એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનો કેપ્ટન બનાવાયો.
- ૧૮ મી એશિયન ગેમ્સનું આયોજન ઓગસ્ટ ૨૦૧૮માં જકાર્તા અને પાલેમ્બૈગ ખાતે થશે.
- શ્રીજેશને સતત બીજી શ્રેણીમાં ટીમનો કેપ્ટન બનાવાયો છે. તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ ભારતનો કેપ્ટન હતો.
- મિડફીલ્ડર ચિંગલેનસાના સિંહ કંગજુમને વાઇસ કેપ્ટન બનાવાયો છે.

**(૪) ફિન્ચ ૯૦૦ રેટિંગ પ્રાપ્ત કરનારો પ્રથમ ખેલાડી બન્યો :**

- ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ ત્રણ સ્થાનનો કૂદકો મારીને ૧ નંબરનો બેટ્સમેન બન્યો છે.
- તેણે ઝિમ્બાબ્વે વિરૂદ્ધ ૧૭૨ રનની ઇનિંગ્સ રમી હતી, જેના કારણે તેના રેટિંગ પોઇન્ટ ૯૦૦ થઇ ગયા હતા.

- અત્યારે તે ૮૯૧ પોઇન્ટ સાથે ટોપ પર છે. ફિન્ચ ટી–૨૦ રેન્કિંગમાં ૯૦૦ રેટિંગ પોઇન્ટ પ્રાપ્ત કરનારો પ્રથમ બેટ્સમેન છે.
- પાકિસ્તાનનો ફુખરઝ માન બીજા સ્થાને છે.
- કે.એલ. રાહુલ બેટ્સમેનના રેન્કિંગમાં ૯ સ્થાનનો કૂદકો મારીને ત્રીજા સ્થાને આવી ગયો છે.
- રોહિત શર્મા બે સ્થાનના ફાયદા સાથે ૧૧મા સ્થાને અને વિરાટ કોહલી ચાર સ્થાનના નુકસાન સાથે ૧૨મા ક્રમે પહોંચ્યો છે.

**(૫) દેશની શ્રેષ્ઠ PSU કંપની તરીકે GNFC ને વધુ એક એવોર્ડ :**

- ગુજરાત સરકાર દ્વારા પ્રમોટ કરાયેલી કંપની ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ – જીએનએફસીએ વધુ એક એવોર્ડ મેળવ્યો છે.
- બિઝનેસમાં અસાધારણ વૃદ્ધિ બદલ છત્તીસગઢ સરકાર તથા એક મીડિયા હાઉસના સહયોગથી પ્રથમ સીઇઓ ઍવોર્ડ, ૨૦૧૮ જીએનએફસીના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. રાજીવકુમાર ગુપ્તાને છત્તીસગઢના મુખ્યમંત્રી ડૉ. રમણ સિંઘના હસ્તે અપાયો હતો.
- એવોર્ડ માટે કંપનીની નાણાંકીય પ્રગતિ તથા સીએસઆર પ્રવૃત્તિઓ ધ્યાને લેવાઇ હતી.

  જીએનએફસીનો ચોખ્ખો નફો – ૨૦૧૬–૧૭ની તુલનામાં ૨૦૧૭–૧૮ માં ૫૧ ટકા જેટલો વધ્યો છે. અને કંપની સંપૂર્ણ દેવામુક્ત બની છે.
- જી.એન.એફ.સી. કંપનીનો પાયો ઇ.સ. ૧૯૭૬ના વર્ષમાં નાંખવામાં આવ્યો હતો અને આ કંપનીની નોંધણી મુંબઇ શેરબજાર ખાતે કરવામાં આવી હતી.
- આ કંપનીની સ્થાપના ગુજરાત સરકાર (Government of Gujarat) અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપની લિમિટેડ (Gujarat State Fertilizer Company Limited) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.
- આ કંપની મુખ્ય પ્લાન્ટ અને મુખ્ય કાર્યાલય ભરૂચ શહેરની બાજુમાં નર્મદાનગર ખાતે આવેલ છે.

**(૬) હિમાચલ પ્રદેશ થર્મોકોલના વાસણ પર પ્રતિબંધ :**

- હિમાચલ પ્રદેશ સરકારએ ૭ જુલાઇ ૨૦૧૮ના રોજ રાજ્યમાં થર્મોકોલ વાસણોના ઉપયોગ તેમજ વેચાણ પર પ્રતિબંધ મૂક્યો.
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતતે આ અંગે આદેશ આપ્યા.
- રાજ્યમાં થર્મોકોલના કપ, પ્લેટ, ગ્લાસ જેવા વાસણો પર પ્રતિબંધ મૂક્યો.
- હિમાચલ પ્રદેશ ભારતનું એવું પ્રથમ રાજ્ય છે જેણે પ્લાસ્ટિક પોલીથિન પર પ્રતિબંધ મૂક્યો હતો.
- વર્ષ ૨૦૦૯માં પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો હતો.
- હિમાચલ પ્રદેશ રાજધાની : શિમલા
- રાજ્યપાલ – આચાર્ય દેવવ્રત

**(૭) દુનિયાના સૌથી ઊંચા જ્વાળામુખી પર ચઢાણ કરનાર ભારતીય – સત્યરૂપ સિદ્ધાંત**

- સત્યરૂપ સિદ્ધાંત દુનિયાના સૌથી ઊંચા જ્વાળામુખી માઉન્ટ ઓજોસ ડેલ સલાડો પર ચઢાઇ કરી હતી.
- ઓજોસ ડેલ સલાડો આર્જેટીના – ચીલી સરહદ પર આવેલ એક સ્ટ્રેટોવોલ્કેનો છે જે ૬૮૯૩ મીટર ઊંચાઇ ધરાવે છે. તે દુનિયાનું સૌથી ઊંચુ અને સૌથી સક્રિય જ્વાળામુખી કેન્દ્ર છે.
- સત્યરૂપ સિદ્ધાંત તે દુનિયાના અંત મહાદ્વીપોમાં સાત પર્વત પર તિરંગો ફરકાવ્યો છે. આ સિદ્ધિ મેળવનાર તેઓ પાંચમા ભારતીય છે.

પ્રશ્નો :

(૧) તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી શ્રેણીમાં ડૉ. હંસરાજ હાથીનું પાત્ર ભજવતા અભિનેતાનું નામ જણાવો ?
- કવિ કુમાર આઝાદ

(૨) સેમસંગ કંપનીનો વિશ્વમાં સૌથી મોટો મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કયાં શરૂ થયો છે.
- ઉત્તર પ્રદેશનાં નોઇડામાં

(૩) સેમસંગ કંપનીએ ભારતમાં પ્રથમ યુનિટ ક્યારે સ્થાપ્યું હતું ?
- ૧૯૯૦માં

(૪) ૧૮ મી એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમના કેપ્ટનનું નામ જણાવો ?
- ગોલકીપર પી.આર. શ્રીજેશ

(૫) ૧૮ મી એશિયન ગેમ્સનું આયોજન ઓગસ્ટ ૨૦૧૮માં ક્યાં થશે ?
- જકાર્તા અને પાલેમ્બૈગ ખાતે

(૬) ટી–૨૦ રેન્કિંગમાં ૯૦૦ રેટિંગ પોઇન્ટ પ્રાપ્ત કરનારો પ્રથમ બેટ્સમેન જણાવો ?
- એરોન ફિન્ચ (ઓસ્ટ્રેલિયા)

(૭) જીએનએફસીનું પુરૂનામ જણાવો ? :
- ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

(૮) છત્તીસગઢના મુખ્યમંત્રી જણાવો ?
- ડૉ. રમણસિંહ

(૯) જી.એન.એફ.સી. કંપનીનો પાયો કયાં વર્ષમાં નાંખવામાં આવ્યો હતો ?
- ઇ.સ. ૧૯૭૬

(૧૦) જી.એન.એફ.સી.નું મુખ્ય કાર્યાલય કયાં આવેલ છે ?
- ભરૂચ શહેરની બાજુમાં નર્મદાનગર ખાતે

(૧૧) પ્લાસ્ટિક પોલીથિન પર પ્રતીબંધ મૂકનાર દેશનું પ્રથમ રાજ્ય જણાવો ?
- હિમાચલ પ્રદેશ (૨૦૦૯)

૧૨) હિમાચલ પ્રદેશની રાજધાની જણાવો ?
- શિમલા

૧૩) દુનિયાનું સૌથી ઊંચુ અને સૌથી સક્રિય જ્વાળામુખી કેન્દ્ર જણાવો ?
- માઉન્ટ ઓજોસ ડેલ સલાડો

## 11.July 2018

**(૧) ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનું રેન્કિંગ :**

- ભારતમાં 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' એટલે કે બિઝનેસ કરવામાં સુગમતા મામલે આંધ્રપ્રદેશ ટોપ પર રહ્યું.
- તેલંગણા અને હરિયાણા અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાને રહ્યું.
- જ્યારે ઝારખંડ અને ગુજરાત અનુક્રમે ચોથા અને પાંચમાં ક્રમે છે.
- ૨૦૧૫માં ગુજરાત દેશમાં આ મામલે ટૉચ પર હતું પછી ૧૬–૧૭માં ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું.
- વર્લ્ડ બેન્ક ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પોલિસી એન્ડ પ્રમોશન (DIPP) દ્વારા દેશનાં રાજ્યો અને

કેન્દ્રશાસિત પ્રદેશોનું ઇઝ ઓફ ડુઇંગ બિજનેસનું રેન્કિંગ અપાયું છે.

- ડીઆઇપીપીએ વર્લ્ડ બેન્કના સહકારથી બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન (BRAP) હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એક વાર્ષિક ક્વાયત હાથ ધરી હતી.
- બીઆરએપી –૨૦૧૭માં સૂચિત સુગમ બિઝનેસ માટે થયેલા સુધારામાં ઘણા રાજ્યોએ પ્રગતિ સાધી છે.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પૂરા પડાયેલા પુરાવાના આધારે રિફોર્મ સ્કોર આપવામાં આવ્યાં છે.

**(૨) વિશ્વ વસતી દિવસ :**

- દર વર્ષે ૧૧ જુલાઇના રોજ વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુએનએ વસતી પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ દિવસને વિશ્વ વસતી દિવસ જાહેર કર્યો.
- આ દિવસની ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રસંઘના 'સંયુક્તરાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ'ની સંચાલન સમિતિ દ્વારા કરવામાં આવી હતી.
- ૧૧ જુલાઇ ૧૯૮૯ના રોજ પ્રથમ વખત વસ્તી ગણતરી કરવામાં આવી હતી ત્યારે દુનિયાની વસતી ૫૦૦ કરોડ થઇ હતી.

વસ્તીની દ્રષ્ટિએ ૫ સૌથી મોટા દેશો

(૧) ચીન : દુનિયાની ૧૮% વસ્તી, તેની પાસે ધરતી નો ૬% ભાગ છે.

(૨) ભારત : દુનિયાની ૧૭.૭% વસ્તી, જમીન માત્ર ૨% જ છે.

(3) એમરિકા : દુનિયાની ૪.3% વસ્તી છે, પરંતુ જમીન ૬% છે.

(૪) ઇન્ડોનેશિયા : દુનિયાની ૩.૫% વસ્તી અને જમીન ૧.૨% છે.

(૫) બ્રાઝિલ : દુનિયાની ૨.૮% વસ્તી અને જમીન ૫.૬% છે.

**(3) આઇડિયા – વોડાફોનના મર્જરને દૂરસંચાર મંત્રાલયની લીલીઝંડી**

- દૂરસંચાર મંત્રાલયે વોડાફોન અને આઇડિયા સેલ્યુલર મર્જરને લીલીઝંડી આપી છે.
- આ વિલય બાદ તે દેશની સૌથી મોટી ટેલિકોમ સર્વિસ આપતી કંપની બનશે.
- જેનું મૂલ્ય ૧.૫ લાખ કરોડથી વધુ હશે.
- વિભાગે વોડાફોનના વનટાઇમ સ્પેક્ટ્રમ ચાર્જ માટે ૩,૯૨૬ કરોડની રોકડ ચૂકવણી કરવા કહ્યું છે.
- આ રકમ વોડાફોન અને આઇડિયા બંનેમાંથી કોઇપણ ચૂકવી શકશે.
- આઇડિયાને રૂા. ૩,૩૪૨ કરોડની બેન્ક ગેરંટી પણ આપવા નિર્દેશ કર્યો છે.
- મર્જર બાદ કંપનીનું નવું નામ વોડાફોન આઇડિયા લિમિટેડ થશે.

**(૪) રોજર ફેડરરને આઇસીસીએ બેટિંગમાં નંબર–૧ રેટિંગ આપ્યું :**

- રોજર ફેડરરની ટેનિસ સ્કિલ્સ વિશે તો સૌ કોઇ જાણે છે, પરંતુ વિમ્બલ્ડન દરમિયાન તેણે ક્રિકેટ સ્કિલ્સ દર્શાવી હતી.
- ચોથા રાઉન્ડમાં ફ્રાન્સના એડરેઇન મનારિઓ સામેની મેચ દરમિયાન ફેડરરે ક્રિકેટના ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટાઇલમાં એક શોટ માર્યો હતો.
- વિમ્બલ્ડને પોતાના ટ્વિટર હેન્ડલ પર ફેડરરની આ ક્રિકેટ ટેલેન્ટ દર્શાવતો વીડિયો પોસ્ટ કરીને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ ICC એ ફેડરર ને રેટિંગ આપવા જણાવ્યું હતું.
- આઇસીસીએ પણ તાત્કાલિક પ્રતિક્રિયા આપતાં ૨૦ વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા ફેડરરને ટેસ્ટ બેટિંગમાં નંબર–૧ નું રેન્કિંગ આપ્યું હતું અને તેનો સ્ક્રિન શોટ પણ પોસ્ટ કર્યો હતો.
- ફેડરર ગ્રાન્ડસ્લેમની ૫૩મી મેચ રમી રહ્યો હતો અને વિમ્બલ્ડનમાં સતત ૩૨ મેચ જીતવાનો તેનો રેકોર્ડ થઇ ગયો છે.

**(૫) રામાયણની સંબંધિત જગ્યાઓ પર શ્રીરામાયણ ટ્રેન ચાલશે**

- ભારતીય રેલવે ધાર્મિક પર્યટનને મહત્વ આપવા માટે ટ્રેન ચલાવશે.
- આ ટ્રેન રામાયણ સાથે સંકળાયેલ મહત્વપૂર્ણ સ્થાનોને જોડશે.
- આ ટ્રેનનું નામ શ્રીરામાયણ એક્સપ્રેસ છે. જે ૧૪ નવેમ્બર થી કાર્યરત બનશે.
- ૮૦૦ યાત્રીઓ સાથે ૧૪ નવેમ્બરે સફદરગંજથી રવાના ટ્રેનનું પ્રથમ સ્ટોપ અયોધ્યા હશે.
- ૧૬ દિવસમાં નંદીગ્રામ, સીતામઢી, જનકપુર, વારાણસી, પ્રયાગ, હમ્પી, ચિત્રકૂટ, નાસિક, રામેશ્વર જશે.

**(૬) પૃથ્વીનો સૌથી જૂનો રંગ ગુલાબી છે**

- ઓસ્ટ્રેલિયન વિજ્ઞાનીઓએ સહારાના રણમાંથીએ શોધી કાઢ્યું પૃથ્વીનો સૌથી જૂનો રંગ ગુલાબી છે.
- તેના ૧૧૦ કરોડ વર્ષ જૂના પુરાવા શોધી કાઢ્યા.
- ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીના વિજ્ઞાની પૃથ્વીનો સૌથી જૂનો રંગ જાણવા માટે ૧૦ વર્ષથી શોધ કરી રહ્યા હતા.
- વિજ્ઞાનીઓએ સહરાના રણ વિસ્તારની નીચે બનેલા ખડકોમાંથી ગુલાબી રંગના કેટલાક પુરાવા જોયા.
- આ પુરાવા આશરે ૧૧૦ કરોડ વર્ષ જૂના છે. આ પુરાવા વાસ્તવમાં ગુલાબી રંગના થોડા તંતુ હતા.
- આ રંગને થોડો ગરમ કરવાથી તે લાલ ગુલાબી રંગમાં બદલાય છે. એટલે એવું કહી શકાય કે તે લાલ રંગ બીજો સૌથી જૂનો રંગ છે.

પ્રશ્નો :

(૧) ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં પ્રથમ આવેલ રાજ્યનું નામ જણાવો ?
- આંધ્રપ્રદેશ

(૨) 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં ગુજરાતનો ક્રમ જણાવો ?
- પાંચમો

(3) વિશ્વ વસતી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- ૧૧ જુલાઈ

(૪) દુનિયાની પ્રથમ વખત વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવી હતી ?
- ૧૧ જુલાઇ ૧૯૮૯ના રોજ

(૫) વસ્તીની દ્રષ્ટિએ દુનિયાનો સૌથી મોટો દેશ જણાવો ?
- ચીન

(૬) પૃથ્વીનો સૌથી જૂનો રંગ કયો છે ?
- ગુલાબી

(૭) પૃથ્વીના સૌથી જૂના રંગ અંગેના પુરાવા કોણે શોધી કાઢ્યા ?
– ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ

## 12.July 2018

**(૧) ભારત હવે વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું અર્થતંત્ર બન્યું :**
– ભારત ફ્રાન્સને પછાડીને વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.
– ફ્રાન્સ સાતમા સ્થાને ધકેલાઇ ગયું છે.
– વિશ્વ બેન્ક મુજબ ભારતની જીડીપી ગયા વર્ષને અંતે ૧૭૮.૬૦ લાખ કરોડ હતી જ્યારે ફ્રાન્સની ૧૭૭.૫૬ લાખ કરોડ હતી.
– અમેરિકા ટોચ પર છે. ત્યારબાદ ચીન, જાપાન, અને જર્મની છે.
– લંડન સ્થિત સેન્ટર ફોર ઇકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચ મુજબ ૨૦૨૩માં ભારત ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

**(૨) ગુગલ પર બસની માહિતી આપનારું સુરત ભારતનું બીજું શહેર બન્યું :**
– સુરત મ્યુનિ. અને ગુગલ વચ્ચે કરાર થયા.
– સુરત મ્યુનિ. ની સીટી અને બીઆરટીએસ બસના રૂટની તમામ પ્રકારની માહિતી હવે ગુગલ પર જોવા મળી રહી છે.
– ગુગલ પર સામુહિક પરિવહન એવી સીટી અને બીઆરટીએસ બસની માહિતી ગુગલ પર મુકાય હોય તેવું સુરત ગુજરાતનું પહેલું જ્યારે દેશનું કોલકત્તા પછી બીજું શહેર બન્યું છે.
– સુરત મયુનિ. તંત્ર દ્વારા સામુહિક પરિવહન સેવાને વધુ સુદ્દઢ બનાવવા માટે ૧૫૦ બીઆરટીએસ અને ૨૭૫ સીટી બસ દોડાવવામાં આવે છે.
– બસના ટાઇમ ટેબલ અને મોબાઇલ એપ થકી બસની માહિતી મુસાફરને મળતી હતી.
– હવે સુરતમાં બહારથી પણ અનેક લોકો આવે છે. તેઓ મોબાઇલ એપથી અજાણ હોય તેઓ માટે સીટી અને બીઆરટીએસ બસ મળી રહે તે માટે ગુગલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(3) ૨૭ મી જુલાઇએ રાજ્યભરમાં વન મહોત્સવની ઉજવણી થશે.**
– ૨૭ જુલાઇના રોજ રાજ્યભરમાં વન મહોત્સવ ઉજવાશે.
– કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના સરસપુર ગામ નજીક આવેલા રૂદ્રમાતા ડેમસાઇટ ઉપર મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાશે.
– ત્યારબાદ ૨૯ મી જુલાઇએ તમામા ૨૩ જિલ્લામાં જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ઉજવાશે.
– ૬૯માં વન મહોત્સવમાં નદી કાંઠાઓ ઉપર તૈયાર કરાયેલા ૮૫૦ થી વધુ સ્થળો પર ૪૦ લાખ રોપાનું વાવેતર થશે.
– જ્યારે સમગ્ર રાજ્યમાં ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરાશે.
– રાજ્યમાં આવેલા જંગલો સિવાય વૃક્ષોની સંખ્યા ૨૫ કરોડથી વધીને ૩૪ કરોડ સુધી પહોંચી છે. આ મહોત્સવમાં એનજીએ, શૈક્ષણિક ધાર્મિક સંસ્થાઓ પણ જોડાશે.
– વૃક્ષોના વાવેતરમાં ગુજરાતનું બીજું સ્થાન છે.
– રાજ્ય કક્ષાના કાર્યક્રમ ઉપરાંત મ્યુનિ. કોર્પોરેશનો, ૩૩ જિલ્લામાં, ૨૦૧ તાલુકામાં એક સાથે ૩૦ મી જુલાઇના રોજ થનારી ઉજવણીમાં પ્રભારી મંત્રી, પ્રભારી સચિવો ભાગ લેશે જિલ્લાદીઠ એક એમ કુલ ૩૩ 'વૃક્ષરથ' ફરીને ડોર ટુ ડોર રોપા વિતરણ કરશે.
– વનમંત્રી : ગણપત વસાવા

**(૪) સ્કૂલ ઓન વ્હીલ :**
– રાજ્ય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળ અગરિયા વિસ્તારોમાં બાળકોના સારા ભણતર માટે 'સ્કૂલ ઓન વ્હીલ' યોજનાનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
– આ બસ દ્વારા અગરિયાના બાળકો સપ્ટેમ્બર મહિનાથી ડીશ, એલસીડી દ્વારા વિડીયો લેક્ચરથી શિક્ષક વિના અભ્યાસ કરશે.
– સ્કૂલ ઓન વ્હીલમાં ૧૮ વિદ્યાર્થીઓની બેસવાની સગવડ સાથે ૨૯ ઇંચની ટીવી. સ્ટાર્ટઅપ બોક્સ જેથી ટેક્નોલોજીથી શિક્ષણ આપી શકાય ઉપરાંત બસની છત પર સોલાર સિસ્ટમ મૂકીને સ્કૂલની અંદરના પંખા, ટીવી, લાઇટનો ઉપયોગ કરી શકાશે તેવી સુવિધાઓથી સ્કૂલ ઓન વ્હીલ બનાવાઈ છે.
– ચોમાસામાં આખુ રણ વરસાદમાં મીની સમુદ્રમાં ફેરવાઇ જાય છે. આથી તમામ અગરિયા પરિવારો પોતાના માદરે વતન ફરે છે. અને અગરિયા ભુલકાઓ જે તે ગામની શાળામાં અભ્યાસ અર્થે જાય છે.
– આગામી સપ્ટેમ્બર – ઓક્ટોબર માસમાં નવી સીઝનમાં અગરિયાઓ રણમાં મીઠું પકવવા પોતાના પરિવાજનો સાથે રણમાં જાય એટલે નવી સીઝનમાં અગરિયા ભુલકાઓ તંબુ શાળાના બદલે આ આધુનિક રણ બસ શાળામાં શિક્ષણનું ભાથું મેળવશે.

**(૫) માનવ ઠક્કર – ટેબલટેનિસ :**
– સુરતના માનવ ઠક્કરે યૂથ અને મેન્સ ટાઇટલ જીતી નેશનલ ટેબલ ટેનિસમાં ગુજરાતને બેવડી સફળતા અપાવી હતી.
– પંચકુલાના તાઉ દેવીલાલ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલી ૧૧ મી સ્પોર્ટ્સ નેશનલ રેન્કિંગ (નોર્થ ઝોન) ટેબલટેનિસ ચેમ્પિયનશિપમાં બેવડી સિદ્ધિ મેળવતાં માનવે મેન્સ સિંગલ્સ અને યૂથ બોયઝ ટાઇટલ પણ જીતી લીધું હતું.
– માનવે એક જ ઇવેન્ટમાં બંને ટાઇટલ જીત્યાનો પ્રથમ પ્રસંગ છે.
– મેન્સ સિંગલ્સમાં તેલંગણાના એસએફઆર સ્નેહિતને ૪–૨ થી પરાજય આપ્યો હતો.
– યૂથ બોયઝની ફાઇનલમાં માનવે વેસ્ટ બંગાળના રોનિત ભાંજાને ૪–૧ થી હાર આપી હતી.

**(૬) ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ – ૨૦૧૮**
– ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં ભારત ૫૭માં સ્થાને.
– આ ઇન્ડેક્સ કૉર્નેલ યુનિવર્સિટી અને વર્લ્ડ ઇંટેકચ્યુંઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન એ તૈયાર કર્યો છે.
– ગત વર્ષે આ ઇન્ડેક્સમાં ભારત ૬૦માં સ્થાને હતું. જ્યારે વર્ષ ૨૦૧૫માં ૮૧ માં સ્થાને હતું.

ઇન્ડેક્સમાં પ્રથમ ૫ દેશો :

(૧) સ્વીટ્ઝરલેન્ડ
(૨) નેધરલેન્ડ
(૩) સ્વીડન
(૪) યુનાઇટેડ કિંગડમ

(૫) સિંગાપુર

**(૭) રાજ્યસભા ચોમાસુ સત્ર :**

- રાજ્યસભામાં ૧૮ જુલાઇ ૨૦૧૮થી ચોમાસુ સત્ર શરૂ થશે.
- આ ચોમાસુ સત્રથી રાજ્યસભાના સદસ્યો સત્ર દરમ્યાન ૨૨ અનુસૂચિત ભાષા પૈકી કોઇપણ ભાષામાં ચર્ચા કરી શકશે.
- આ પહેલા રાજ્યસભામાં ૧૨ ભાષાઓ માન્ય હતી.
- રાજ્યસભા : કાયમી અને ઉપલું ગૃહ
- સદસ્ય – ૨૫૦
- કાર્યકાળ – ૬ વર્ષ
- રચના – અનુચ્છેદ ૮૦ મુજબ
- પ્રથમ સત્ર – ૧૩ મે ૧૯૫૨
- વર્તમાન સ્પીકર (અધ્યક્ષ) વૈંકયા નાયડુ

**(૮) વર્લ્ડ રેંકિંગ ટુર્નામેન્ટ સ્ટેજ ૩ – એશિયા કપ :**

- તાઇવાન ખાતે યોજાયેલ એશિયા કપ વર્લ્ડ રેંકિંગ ટુર્નામેન્ટ સ્ટેજ–૩ માં ભારત ત્રીજા સ્થાને રહ્યું.
- ત્રણ સિલ્વર મેડલ તેમજ એક બ્રોન્ઝ મેડલ સાથે ભારતે ત્રીજા સ્થાને ઇરાન સાથે સંયુક્ત રીતે રહ્યું. આ ટુર્નામેન્ટમાં દક્ષિણ કોરિયા અને તાઇવાન અનુક્રમે પ્રથમ અને દ્વિતીય સ્થાને રહ્યું.
- બે દિવસીય ટુર્નામેન્ટમાં અંતિમ દિવસે પુરૂષ રિકર્વ ટીમ એક અને કમ્પાઉન્ડ વ્યક્તિગત શ્રેણીમાં દિવ્યા ઘાયલે બે સિલ્વર મેડલ જીત્યા.

**(૯) દક્ષિણ એશિયા શિખર સંમેલન– સુમિત્રા મહાજન :**

- લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજન દક્ષિણ એશિયાઇ દેશોના સંસદીય અધ્યક્ષોના ત્રીજા શિખર સંમેલનમાં ભાગ લેવા માટે કોલંબો ગયા.
- શ્રીલંકાની રાજધાની કોલંબો ખાતે ૧૧ અને ૧૨ જુલાઇ દરમિયાન આ સંમેલન યોજવામાં આવ્યું.
- આ સંમેલનમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, મ્યાનમાર, નેપાળ અને પાકિસ્તાનના સંસદીય અધ્યક્ષોએ ભાગ લીધો.

**(૧૦) દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જેઇ ઇનનો ભારત પ્રવાસ :**

- દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જેઇ ઇને ભારત પ્રવાસના દરમિયાન પીએમ મોદી સાથે હૈદરાબાદ હાઉસમાં ભારત સાથે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી પર વાત કરી.
- બંને નેતાઓએ અર્લી હાર્વેસ્ટ પેકેજના માધ્યમથી વ્યાપક ભાગીદારી સમજૂતી (સીઇપીએ) ઇનોવેશન કો–ઓપરેશન સેન્ટર અને ફ્યુચર સ્ટ્રેટેજી ગ્રુપ બનાવવાની જાહેરાત સહિત ૧૧ સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા.
- આ સિવાય મૂને બે હજાર વર્ષ જૂના સંબંધોને તાજા કરવાના ભાગરૂપે મોદી સાથે ભારત અને દક્ષિણ કોરિયાની સંયુક્ત સાંસ્કૃતિક વિરાસતની પ્રતીક રાણી સુરીરત્નાનું સ્મારક બનાવવાની દરખાસ્ત કરી. કોરિયા તેના માટે ૬ કરોડ રૂપિયા આપશે. અયોધ્યમાં રાજકુમારીનું સ્મારક છે.
- બંને દેશ નિયમિત સમિટ કરતા રહે તે માટે પણ સંમતિ સધાઇ. આગામી સમિટ ૨૦૨૦માં દક્ષિણ કોરિયામાં થશે.

**આ સમજૂતીઓ પર મહોર વાગી :**

(૧) વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતીમાં સમુદ્ર ઉત્પાદનોનો વેપાર સુગમ બનાવવો.

(૨) વેપાર સંકટ સમાધાનના કરારમાં એન્ટિડમ્પિંગ, સબસિડી અને એક–બીજાનાં ઉત્પાદનો પર ચાર્જ–સંરક્ષણવાદી પગલાં પર વાતચીત અને સહયોગ માટે સમિતિ બનાવાશે.

(૩) ભાવિ રણનીતિ માટે જૂથ બનશે, જે અત્યાધુનિક ટેક્નોલોજી આધારિત વાણિજ્યિક યોજનાઓ ખાસ કરીને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બિગડેટા, સ્માર્ટ ફેક્ટર, ડી થ્રી પ્રિન્ટિંગમાં સંભાવનાઓ શોધશે.

(૪) ઇલેક્ટ્રિક વાહન, વૃદ્ધો– વિકલાંગો માટે એડવાન્સ મટીરિયલ, સ્વાસ્થ્ય સેવામાં મદદ.

(૫) સાંસ્કૃતિક આદાન– પ્રદાન, રેલવેના વિકાસમાં સહયોગ, વિજ્ઞાન અને ટેક્નોલોજી રિસર્ચમાં સહયોગ વધશે.

**પ્રશ્નો :**

(૧) ભારત– વિશ્વનું કેટલામું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું ?
- છઠ્ઠું

(૨) વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ક્યા દેશનું છે ?
- અમેરિકા

(૩) સીટી અને બીઆરટીએસ બસની માહિતી ગુગલપર મુકાય હોય તેવું ગુજરાતનું પહેલું શહેર ?
- સુરત

(૪) સીટી અને બીઆરટીએસ બસની માહિતી ગુગલપર મુકાય હોય તેવું ભારતનું પહેલું શહેર ?
- કોલકત્તા

(૫) રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી કોના અધ્યક્ષસ્થાને કરવામાં આવશે ?
- મુખ્યમંત્રી વિજયરૂપાણીના અધ્યક્ષસ્થાને

(૬) રાજ્યકક્ષાના વનમંત્રીનું નામ જણાવો ?
- ગણપત વસાવા

(૭) રાજ્ય સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ અગરિયા વિસ્તારોમાં બાળકોના સારા ભણતર માટે કઇ યોજનાનું લોકાર્પણ કર્યું.
- ‘સ્કૂલ ઓફ વ્હીલ’

(૮) માનવ ઠક્કર કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- ટેબલ ટેનિસ

(૯) માનવ ઠક્કર ક્યાંના વતની છે ?
- સુરત

(૧૦) ૧૧ મી સ્પોર્ટ્સ નેશનલ રેન્કિંગ (નોર્થ ઝોન) ટેબલટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કયાં થયું ?
- પંચકુલાના તાઉ દેવીલાલ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે

(૧૧) ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ –૨૦૧૮માં ભારતનું સ્થાન જણાવો ?
- ૫૭માં

(૧૨) ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ – ૨૦૧૮માં પ્રથમ સ્થાને કયો દેશ છે ?
- સ્વીટ્ઝરલેન્ડ

(૧૩) રાજ્યસભાના સદસ્યો હવે કેટલી ભાષાનો સદનમાં ઉપયોગ કરી શકશે ?
- ૨૨ ભાષા

(૧૪) રાજ્યસભાના વર્તમાન સ્પીકર (અધ્યક્ષ)નું નામ જણાવો ?
- વૈંકયા નાયડુ

(૧૫) એશિયા કપ વર્લ્ડ રેંકિંગ ટુર્નામેન્ટ સ્ટેજ ૩ ટૂર્નામેન્ટનું આયોજન કયાં થયું હતું.
- તાઇવાન

(૧૬) એશિયા કપ વર્લ્ડ રેંકિંગ ટુર્નામેન્ટ સ્ટેજ –૩ ટુર્નામેન્ટ પ્રથમ સ્થાને કયો દેશ આવ્યો ?
- દક્ષિણ કોરિયા

(૧૭) દક્ષિણ એશિયાઇ દેશોના સંસદીય અધ્યક્ષોના ત્રીજા શિખર સંમેલનનું આયોજન કયા દેશમાં થયું હતું
- શ્રીલંકા

## 13.July 2018

### (૧) કુલદીપની વન–ડેમાં ૬ વિકેટ :
- સ્પિનર કુલદીપ યાદવે ઇંગ્લેન્ડ વિરૂદ્ધની પ્રથમ વન–ડેમાં ૨૫ રનમાં ૬ વિકેટ મેળવી રેકોર્ડ બનાવ્યો.
- અગાઉ મુરલી કાર્તિકે ૨૦૦૭માં ઓસ્ટ્રેલિયા સામે ૨૭ રનમાં ૬ વિકેટનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.
- ડાબોડી સ્પિનરોમાં કુલદીપ અને મુરલી ઉપરાંત શ્રીલંકાનો સનથ જયસૂર્યા જ વન ડેમાં ૬ વિકેટ ઝડપી શક્યો છે.
- વન – ડેમાં ઓવર ઓલ શ્રેષ્ઠ બોલિંગનો રેકોર્ડ શ્રીલંકાના ચાર્મિંડા વાસ (૧૯ રનમાં ૮ વિકેટ) અને સ્પિનરોમાં શ્રેષ્ઠ બોલિંગનો રેકોર્ડ શાહિદ આફ્રિદી (૧૨ રનમાં ૭ વિકેટ) ના નામે છે.

ટોપ– ૫ ડાબોડી સ્પિનર્સ

| બોલર | પ્રદર્શન | દેશ (વર્ષ) |
|---|---|---|
| કુલદીપ યાદવ | ૬/૨૫ | ઇંગ્લેન્ડ (૨૦૧૮) |
| મુરલી કાર્તિક | ૬/૨૭ | ઓસ્ટ્રેલિયા (૨૦૦૭) |
| સનથ જયસૂર્યા | ૬/૨૯ | ઇંગ્લેન્ડ (૧૯૯૩) |
| સુનીલ જોશી | ૫/૬ | દક્ષિણ આફ્રિકા (૧૯૯૯) |
| ડેનિયલ વિટોરી | ૫/૭ | બાંગ્લાદેશ (૨૦૦૭) |

### (૨) હિમા દાસે ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ જીતી ઇતિહાસ સર્જ્યો :
- ભારતની ૧૮ વર્ષની હિમા દાસ IAAF વર્લ્ડ અન્ડર – ૨૦ ચેમ્પિયનશીપની ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ સર્જ્યો છે.
- ટેમ્પેર (ફિનલેન્ડ) ના રેટિના સ્ટેડિયમમાં તેણે રેકોર્ડ ૫૧.૪૬ સેકન્ડમાં દોડ પુરી કરી હતી.
- આ સાથે હિમા દાસ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં તમામ વયની શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય છે.
- રોમાનિયાની આન્દ્રે મિકલોસે ૫૨.૦૭ સેકન્ડ સાથે સિલ્વર અને અમેરિકાની ટેલર મેનસે ૫૨.૨૮ સેકન્ડ સાથે બ્રોન્ઝ જીત્યો હતો.

### (૩) ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ મુખ્યાલય – નવી દિલ્લી
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્લીના ૨૪, તિલક માર્ગ ખાતે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના નવા મુખ્યાલયના ધરોહર ભવનનું ઉદ્દ્ઘાટન કર્યું.
- આ ઉદ્દ્ઘાટન સમારોહમાં સંસ્કૃતિ રાજ્યમંત્રી ડૉ. મહેશ શર્મા પણ હાજર રહ્યા હતા.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ઇએસઆઇ) દેશના ૩૬૮૬ સ્મારકોની દેખરેખ કરવાનું કાર્ય કરે છે.
- ઇએસઆઇ ભારત સરકારના સંસ્કૃતિ વિભાગ અંતર્ગત આવતી એક સરકારી એજન્સી છે.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ઇએસઆઇ) ની સ્થાપના વર્ષ ૧૮૬૧માં એલેક્ઝેંડર કન્નિધમ દ્વારા કરવામાં આવી હતી.

### (૩) સીમાદર્શન પરિયોજના :
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં બોર્ડર ટૂરિઝમ અંતર્ગત બનાસકાંઠાના નડાબેટ– સીમાદર્શન માટે ગાંધીનગર ખાતે અધિકારીઓ સાથે રિવ્યૂ બેઠકમાં ૩૯ કરોડ રૂપિયાના વિકાસકામોને મંજૂરી આપી.
- આ પ્રોજેક્ટ અંતર્ગત નડાબેટ ખાતે એક્ઝીબિશન હોલ અને અંદાજે ૫ હજાર વ્યક્તિઓ એક સાથે બેસી શકે તેવી ક્ષમતાનું પરેડ ગ્રાઉન્ડ તેમજ ટી – જંક્શનથી ઝીરો પોઇન્ટ સુધી માળાખાકીય વિકાસ કાર્યો હાથ ધરાશે.
- સીમાદર્શન માટે યોજનાનો પ્રથમ તબક્કો ૨૪ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- લગભગ એક લાખ પ્રવાસીઓ – યુવાનો પહેલેથી જ સીમા દર્શનમાં ઉત્સાહથી વહેતા વાતાવરણમાં સરહદ જોવામાં ભાગ લીધો છે.
- આ પ્રોજેક્ટ બીએસએફના જવાનોની સરહદને રાઉન્ડ–ધ–ક્વીક સેન્ટીનેલ્સની સુરક્ષા સાથેના પ્રયાસને દર્શાવે છે.

### (૫) ભારત યુરોપીય પુનર્નિર્માણ અને વિકાસ બેંકનું ૬૯મું શેરધારક :
- ભારત દેશ ઔપચારિક રૂપે ૧૧ જુલાઇ ૨૦૧૮ના રોજ યુરોપીય પુનઃ નિર્માણ અને વિકાસ બેંકનો ૬૯મો શેરધારક બન્યો.
- વર્ષ ૨૦૧૭ના ડિસેમ્બરમાં ભારતે યુરોપીય પુનઃનિર્માણ અને વિકાસ બેંકની સદસ્યતા માટે આવેદન આપ્યું હતું.
- યુરોપીય પુનર્નિર્માણ અને વિકાસ બેંકનું મુખ્યાલય – લંડન
- સ્થાપના : ૧૯૯૧

પ્રશ્નો :

૧ કુદીપ યાદવ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ક્રિકેટ

૨ IAAF વર્લ્ડ અન્ડર–૨૦ ચેમ્પિયનશીપ – ૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- ટેમ્પેરે (ફિનલેન્ડ)ના રેટિના સ્ટેડિયમમાં

૩ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં તમામ વયની શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય ?
- હિમા દાસ

૪ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ઇએસઆઇ)ની સ્થાપના કયાં વર્ષ થઇ હતી ?
- ૧૮૬૧માં

૫ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ઇએસઆઇ)ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
- એલેકઝેંડર કન્નિધમ દ્વારા

૬ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ઇએસઆઇ) ભારત સરકારના કયાં વિભાગ અંતર્ગત આવતી એક સરકારી એજન્સી છે ?
- સંસ્કૃતિ

૭) યુરોપીય પુનઃનિર્માણ અને વિકાસ બેંકનું મુખ્યાલય કયાં આવેલ છે ?
- લંડન

(૮) ભારત દેશ ઔપચારિકરૂપે યુરોપીય પુનઃનિર્માણ અને વિકાસ બેંકનો કેટલામો શેરધારક બન્યો ?
- ૬૯ મું

Vivekanand Academy Gandhinagar

(૯) યુરોપીય પુનનિર્માણ અને વિકાસ બેંકની સ્થાપના કયાં વર્ષમાં થઈ હતી ?
- ૧૯૯૧

## 14.July 2018

**(૧) સ્વાતિ વિધાન ટ્રાન્સજેન્ડર જજ તરીકે આસામમાં હોદ્દો સંભાળશે :**
- ટ્રાન્સજેન્ડર જજે આસામમાં હોદ્દો સંભાળ્યો.
- સ્વાતિ વિધાન આસામના ૧૪ જુલાઇથી પ્રથમ ટ્રાન્સજેન્ડર જજ કામગીરી શરૂ કરી.
- તેઓ કામરૂપ જિલ્લાની કોર્ટ નંબર ૨૫માં કામ શરૂ કર્યું.
- અગાઉ પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં પણ ટ્રાન્સજેન્ડર જજ બની ચૂક્યાં છે.
- આસામ દેશનું ત્રીજું રાજ્ય છે જેમાં ટ્રાન્સજેન્ડર જજના હોદ્દા પર ફરજ બજાવશે.

**(૨) મુકેશ અંબાણી એશિયાના નંબર-૧ ધનિક બન્યા.**
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અલીબાબા ગ્રૂપના સંસ્થાપક જેક માને પાછળ પાડી એશિયાની સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે.
- બ્લૂમબર્ગ બિલિયોનર ઇન્ડેક્સ મુજબ અંબાણીની નેટવર્થ ૪૪.૩ અબજ ડોલર (૩.૦૩ લાખ કરોડ રૂપિયા) થઇ ગઇ છે.
- જેક માની નેટવર્થ ૪૪ અબજ ડોલર (૩.૦૧ લાખ કરોડ રૂપિયા) છે. જેક માની કંપની અમેરિકામાં લિસ્ટેડ છે.
- તેમની નેટવર્થ વધવામાં ગ્રૂપના શેરામાં ઝડપી ઉછાળાનું મોટું યોગદાન છે.
- જાન્યુઆરીથી અત્યાર સુધી રિલાયન્સ ઇન્ડ.ના શેર ૨૦ ટકા વધી ગયા છે.

**(૩) ૧૪૧ મી રથયાત્રા :**
- અષાઢી બીજનો તહેવાર ભગવાન જગન્નાથની રથયાત્રા માટે પણ પ્રસિધ્ધ છે.
- પુરીમાં આવેલા જગન્નાથજી મંદિરમાંથી ભગવાન જગન્નાથ, ભાઇ બલરામ અને બહોન સુભદ્રા સાથે નગરચર્યાએ નિકળે છે.
- આ પવિત્ર યાત્રા રથયાત્રા તરીકે ઓળખાય છે.
- પુરીમાં જગ્ન્નાથજી મંદિર ઉપરાંત દેશભરમાં અનેક કૃષ્ણમંદિરોમાંથી રથયાત્રા નિકળે છે.
- રથયાત્રાનો આ વખતનો ક્રમ- ૧૪૧ અદમવાદમાં સવારથી સાંજ સુધી -૧૮ કિ.મી.નું અંતરકાપી આ રથયાત્રા યોજાઇ છે.
- ઓડીશાના સમુદ્ર કિનારે આવેલા યાત્રાધામ જગન્નાથપુરીમાં આ રથયાત્રા નવ દિવસ ચાલે છે.
- રથયાત્રામાં ૧૭ જેટલા હાથી જોડાયા હતા. આ તમામ હાથીને રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યા. જેમાં એક હાથીના મસ્તકે જગન્નાથ ભગવાન રંગવામાં આવ્યા હતા.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે એ સાથે મળીને સોનાની સાવરણી દ્વારા સફાઇ કરીને પારંપારિક પહિંદ વિધિ કરી હતી.
- અમદાવાદને મળેલા વર્લ્ડ હેરિટેજ સિટીના માનમાં ૧૪૧મી રથયાત્રાની થીમ હેરિટેજ રાખવામાં આવી હતી. રથાયાત્રાની હેરિટેજ થીમ આટલા વર્ષોમાં પ્રથમ વખત જ જોવા મળી હતી.
- રથયાત્રામાં કવિ દલપતરામની હવેલી, સિટી સૈયદની જાળી, કાલુપુર સ્વામિનારાયણ મંદિર, ગાંધી કુટીર, ચબૂતરો, ભદ્રનો કિલ્લો, શહેરની ફરતે આવેલા દરવાજાની પ્રતિકૃતિ સાથે ટેબ્લો જોવા મળ્યા હતા.

આ રીતે શરૂ થઇ રથયાત્રા :
- 'વત્સ નરસિંહ. તારી અને સારંગદાસની ઇચ્છા મુજબ હું પુરીથી અહી આવ્યો છું પુરીને જેમ હું કર્ણાવતીના નગરજનોને પણ દર્શન આપવા માગું છું.' આ વાત ૧૮૭૮ની છે. જ્યારે ભગવાન જગન્નાથે મંદિરના તત્કાલિન મહંત નરસિંહદાસ મહારાજના સ્વપ્નમાં આવીને નગર પરિક્રમાની ઇચ્છા વ્યક્ત કરી હતી. એ પછી રથયાત્રાની પરંપરા શરૂ થઇ હતી.

**યાત્રામાં પ્રથમ વખત :**
- પહેલીવાર શહેરના ઐતિહાસિક ટેબ્લો જોવા મળ્યા.
- પહેલીવાર ભગવાન સાડા નવ કિલોનો સોનાનો મુગટ પહેરી દર્શન આપ્યા હતા.
- મોસાળ સરસપુરમાં પહેલીવાર ૬૪ ફુવારાથી ભગવાનના રથ પર જળાભિષેક કરાયો.
- રથયાત્રામાં નિરીક્ષણ માટે પ્રથમ વખત ઇઝરાયેલથી લવાયેલા હિલિયમ બલૂનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ બલૂન સતત ૭૨ કલાક આકાશમાં રહી શકે છે. તેને ૧૫૦૦ ફૂટ ઉંચે ઊડાડાશે. બલૂનમાં નાઇટ વિઝન સહિતના કેમેરા ફીટ કરવામાં આવ્યા છે.
- આ બલૂન પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં તસવીરો ખેંચી હતી. પોલીસ અને બીએસએફ જરૂર પડે આ તસવીરોને એનલાર્જ કરી તેનું એનાલિસિસ કરી શકે છે.
- દિલ્હી ચકલાની આરસી ટેકનિકલ ખાતે બલૂનનો ડેમો યોજાયો હતો.

**(૪) સ્વચ્છતા સર્વેક્ષણ - ૨૦૧૮**
- સ્વચ્છતા મંત્રાલય દ્વારા રાજધાની દિલ્લી થી સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮નો પ્રારંભ કરવામાં આવ્યો.
- દેશના તમામ જિલ્લાઓમાં ૧ થી ૩૧ ઓગસ્ટ ૨૦૧૮ સુધીમાં સર્વેક્ષણ એજન્સી દ્વારા સર્વે કરવામાં આવશે.
- આ સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્યો અને જિલ્લાઓને ૨ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ પુરસ્કાર આપવામાં આવશે.
- આ સર્વેક્ષણ અંતર્ગત દેશના ૬૯૮ જિલ્લા અને ૬૯૮૦ ગામોમાં સર્વે કરવામાં આવશે.
- સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત ૨ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.

**(૭) ટોલ શીપ રેસીસ - ૨૦૧૮**
- આઇએનએસ તરંગિની પોતાની લોક્યાન - ૧૮ યાત્રા સમુદ્ર યાત્રા દરમ્યાન બ્રિટનના સુંદરલેન્ડ પહોંચ્યું.
- બ્રિટનના સુંદરલેન્ડ ખાતે 'ટોલ શીપ રેસિસ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આઇએનએસ તરંગિની ભાગ લેશે.
- આ જહાજ ભારતીય નૌસેનાના દક્ષિણ નૌ સૈનિક કમાન અંતર્ગત કોચીના પ્રથમ પ્રશિક્ષણ દળનો એક ભાગ છે.
- આઇએનએસ તરંગિની ભારતીય નૌસેનાનું પ્રથમ જહાજ છે જેને ૨૦૦૩-૦૪ અંતર્ગત આખી દુનિયાનું ભ્રમણ કરી ચૂક્યું છે.

Vivekanand Academy Gandhinagar

- આઇએનએસ તરંગિની આ પહેલા ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૫માં ટોલ શીપ રેસિસમાં ભાગ લઇ ચૂક્યું છે.

પ્રશ્નો :

૧ આસામના પ્રથમ ટ્રાન્સજેન્ડર જજ નું નામ જણાવો ?
- સ્વાતિ વિધાન

૨ આસામ દેશનું એવું કેટલામું રાજ્ય છે જેમા ટ્રાન્સજેન્ડર જજના હોદ્દા પર ફરજ બજાવશે ?
- ત્રીજું

૩ તાજેતરમાં કયાં ભારતીય એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે ?
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી

૪ સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૧૮નો પ્રારંભ કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો ?
- સ્વચ્છતા મંત્રાલય

૫ ભગવાન જગન્નાથની રથયાત્રા ક્યારે નીકળે છે ?
- દર વર્ષે અષાઢી બીજના દિવસે

૬ ૧૪૧ મી રથયાત્રામાં નિરીક્ષણ માટે કયાં દેશના હીલિયમ બલુનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
- ઇઝરાયલ

૭ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી ?
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી

૮ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?
- ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ

૯ 'ટોલ શીપ રેસિસ–૨૦૧૮' નું આયોજન કયાં કરવામાં આવ્યું ?
- બ્રિટનના સુંદરલેન્ડ ખાતે

૧૦ આખી દુનિયાનું ભ્રમણ કરનાર ભારતીય નૌસેનાનું પ્રથમ જહાજ ?
- આઇએનએસ તરંગિની

## 15.July 2018

**(૧) એન્જેલિક – વિમ્બલ્ડન ચેમ્પિયન :**

- વિમ્બલ્ડન વિમેન્સ સિંગલ્સ ફાઇનલમાં અમેરિકાની સેરેના વિલિયમ્સને સતત બે સેટમાં ૬–૩, ૬–૩ થી હરાવીને જર્મનીની એન્જેલિક કેર્બર ચેમ્પિયન બની છે.
- તેનું આ ત્રીજું ગ્રાન્ડસ્લેમ ટાઇટલ છે.
- વર્લ્ડ નંબર – ૧૦ જર્મનીની એન્જેલિક કેર્બર અમેરિકાની સેરેના વિલિયમ્સને હરાવીને તેને ૨૪મું ટાઇટલ જીતતા અટકાવી હતી.
- વર્ષ ૨૦૧૬માં કેર્બર સેરેનાને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપનના સ્વરૂપમાં પોતાનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યું હતું.
- કેર્બર કુલ ચોથી વખત કોઇ ગ્રાન્ડ સ્લેમની ફાઇતનલમાં પહોંચી હતી, જેમાંથી તે ત્રણ વખત જીતવામાં સફળ રહી છે.
- સેરેના અને કેર્બર વચ્ચે ૨૦૧૬માં પણ વિમ્બલડન ફાઇનલ રમાઇ હતી, જેમાં સેરેના વિજેતા બની હતી.
- સેરેના આ ૧૦ મી વખત વિમ્બલડન ફાઇનલ રમી રહી હતી. તેણે કુલ ૭ વિમ્બલ્ડન ટાઇટલ જીત્યા છે.
- કેર્બરને ચેમ્પિયન તરીકે ૨.૨૫ મિલિયન પાઉન્ડ અને ટ્રોફિ ઇનામમાં મળી હતી.

**(૨) ડભોઇ– મિયાગામ વચ્ચેની બાપુ ગાડી બંધ :**

- ૮ મી એપ્રિલ – ૧૮૭૩ના રોજથી ડભોઇ – મીયાગામ (કરજણ) વચ્ચે દોડતી થયેલી બાપુ ગાડી ૧૪૫ વર્ષ ૩ માસ અને ૬ દિવસની ઐતિહાસિક સફર પૂર્ણ કરી ૧૪ મી જુલાઇએ સાંજે ૭.૨૦ની છેલ્લી ટ્રીપ સાથે બંધ કરી દેવામાં આવી.
- હવે એશિયા ખંડના નેરોગેજનાં પ્રથમ જંકશન પરથી બાપુગાડી તેનાં સોનેરી ઇતિહાસ સાથે ગાયબ થઇ જશે.
- ગાયકવાડ સરકારનાં રાજમાં ૮ મી એપ્રિલ ૧૮૭૩માં ડભોઈ– મિયાંગામ (કરજણ) નો આ નેરોગેજ ટ્રેક ખુલ્લો મુકાયો હતો.
- આ ટ્રેકને પુરા ૧૪૫ વર્ષ થઇ ગયાં છે.
- ગુજરાતમાં નર્મદા ડેમ ખાતે આકાર લઇ રહેલા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ને લઇને ડભોઈ પંકથમાં દોડતી ડભોઈ ચાંણોદ બાપુગાડીને તો ૨૫ મે ૨૦૧૮ થી બંધ કરી કેન્દ્ર સરકાર દ્વારા આ રૂટને નેરોગેજમાંથી બ્રોડગ્રેજમાં રૂપાંતરિત કરી રાજપીપળા સુધી લંબાવવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

**(૩) અમદાવાદની ઇલેવાનિલે વાલ્વારિને જૂનિયર શૂટિંગમાં ગોલ્ડ જીત્યો :**

- અમદાવાદની શૂટર ઇલેવાનિલ વાલ્વારિને ચેક રિપબ્લિકના પ્લેજનમાં ચાલી રહેલી ૨૮ મી જુનિયર આં.રા. શૂટિંગ ચેમ્પિયનશીપમાં મહિલાઓના એર રાઇફલ વર્ગમાં ગોલ્ડ જીત્યો છે.
- ૧૮ વર્ષની ઇલેવાનિલે ફાઇનલમાં ૨૫૦.૮નો સ્કોર બનાવ્યો હતો અને ઇટાલીની નિકોલ ગેબ્રિયલી (૨૪૯.૭)ને ૧.૧ પોઇન્ટથી પાછળ રાખી હતી. ક્વોલિફિકેશનમાં પણ તે ૬૨૮.૦ પોઇન્ટ સાથે ટોચ પર રહી હતી.
- પોલેન્ડની અલેક્સાન્દ્રા સુઝુકોએ ૨૨૮.૨ પોઇન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ફાઇનલમાં પહોચેલી ભારતીય શૂટર શ્રેયા અગ્રવાલ ૨૦૬.૬ પોઇન્ટ સાથે ચોથા સ્થાને રહી.
- છોકરાઓના વર્ગમાં ભારતીય શૂટરોએ ૨૫ મી સ્પોર્ટ્સ પિસ્ટલમાં ત્રણેય મેડલ જીત્યા હતા.
- રાજકંવર સિંહ સંધુએ ૫૮૬ પોઇન્ટ સાથે ગોલ્ડ, વિજયવીર સિદ્ધુએ ૫૮૫ પોઇન્ટ સાથે સિલ્વર અને ઉદયવીર સિદ્ધુએ ૫૮૨ પોઇન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**(૩) રાષ્ટ્રપતિએ રાજ્યસભામાં ચાર સભ્યોને નોમિનેટ કર્યા**

- ઉત્તર પ્રદેશના દલિત નેતા રામ શકલ, સંઘના વિચાર પ્રો. રાકેશ સિંહ, નૃત્યાંગના સોનલ માનસિક અને સ્ટો આર્ટિસ્ટ રઘુનાથ મહાપાત્રાની રાજ્યસભામાં નિમણૂંક કરાઇ છે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અનુચ્છેદ ૮૦નો ઉપયોગ કરી વડાપ્રધાનની સલાહથી આ ચાર સભ્યોને નોમિનેટ કર્યા હતા.
- રાજ્યસભાના ઉપસભાપતિ પી.જે. કુરિયન ૧ જુલાઇએ નિવૃત્ત થઇ ગયા છે.

**(૪) ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સંરક્ષીત સ્મારકોની ફોટોગ્રાફી પર પ્રતિબંધ હટાવ્યો**

- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ) એ સંરક્ષીત સ્મારકોની ફોટોગ્રાફી પર પ્રતિબંધ હટાવ્યો.
- સુરક્ષાના કારણોસર વર્ષ ૨૦૧૬માં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.
- એએસઆઇ દ્વારા ૩૬૯૮ પ્રાચીન સ્થળો, સ્મારકો અને સ્થાપત્યો પર ફોટોગ્રાફીનો પ્રતિબંધ મૂકયો હતો.

– પર્યટકો અને સ્થાનિક લોકો અજંતા ગુફાઓ, લેહ પેલેસ અને તાજ મહેલને બાદ કરતાં બધા સ્મારકોની ફોટોગ્રાફી પર પ્રતિબંધ હટાવ્યો.

**(૪) રૂસની સાથે S–૪૦૦ મિસાઇલ ડીલ પર ભારત આગળ વધશે**

– ભારત રૂસ સાથેની ૩૯ હજાર કરોડની એડ્વાન્સ એસ – ૪૦૦ એયર ડિફેન્સ મિસાઇલ ડીલ પર આગળ વધશે.

– અમેરિકાએ 'કાઉંટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રૂ સૈક્શન્સ એક્ટ' રૂસ પર પ્રતિબંધ મૂક્યો છે.

– આ મિસાઇલ એક ડિફેન્સ મિસાઇલ છે. જે બહારથી આવતી મિસાઇલ સામે દેશનું રક્ષણ કરે છે.

– રૂસ રાજધાની – મોસ્કો

– રાષ્ટ્રપતિ – વ્લાદિમિર પુતીન

પ્રશ્નો :

૧ વિમ્બલ્ડન વિમેન્સ સિંગલ્સ ૨૦૧૮ વિજેતા જણાવો ?

– એન્જેલિક કેર્બર (જર્મની)

૨ એન્જેલિક કેર્બર સેરેનાને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપનના સ્વરૂપમાં પોતાનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ ક્યારે જીત્યું હતું ?

– ૨૦૧૬

૩ ડભોઇ– મીયાગામ (કરજણ) વચ્ચે દોડતી બાપુ ગાડી ક્યારે શરૂ થઇ હતી ?

– ૮ મી એપ્રિલ ૧૮૭૩નાં રોજથી

૪ ૨૮ મી જુનિયર આં.રા. ચેમ્પિયનશીપનું આયોજન કયાં થયું હતું ?

– ચેક રિપબ્લિકનના પ્લેજનમાં

૫ શ્રેયા અગ્રવાલનું કાર્યક્ષેત્ર જણાવો ?

– શૂટર

૬ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કયા અનુચ્છેદનો ઉપયોગ કરી રાજ્યસભામાં ચાર સભ્યોને નોમિનેટ કર્યા ?

– અનુચ્છેદ – ૮૦

૭ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ) એ સુરક્ષાના કરણોસર કયાં વર્ષમાં ફોટોગ્રાફી પર પ્રતિબંધ મૂક્યો હતો ?

– વર્ષ ૨૦૧૬

## 16.July 2018

**(૧) ફ્રાન્સ ફૂટબોલ ચેમ્પિયન :**

– રશિયાની મોસ્કોમાં આવેલી લુઝનિકી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફિફા વર્લ્ડ કપ–૨૦૧૮ની ફાઇનલ મેચમાં ફ્રાન્સ ૪–૨ થી ક્રોએશિયાને હરાવીને ચેમ્પિયન બન્યું.

– ૧૯૯૮ બાદ ફ્રાન્સ બીજી વખત ફૂટબોલ ચેમ્પિયન બન્યું છે.

– વર્ષ ૨૦૦૬માં ફ્રાન્સ ફાઇનલ સુધી પહોચ્યું હતું. પણ ઇટાલીએ મેચ જીતી હતી.

– ૨૦૦૨ બાદ આ પ્રથમ વખત નિર્ધારિત સમયમાં ફાઇનલ મેચ પુરી થઇ ગઇ હતી.

– ૨૧ માં વર્લ્ડકપની શરૂઆત ૧૪ જૂન થી થઇ હતી.

– ૨૧માં વર્લ્ડકપ માટે મેસ્કોટ તરીકે વરૂને પસંદ કરાયું હતું જેને ઝાબીવકા નામ અપાયું હતું.

– ૨૧મા વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં પનામા અને આઇસલેન્ડ પ્રથમ વખત રમ્યું હતું.

– ૨૧માં વર્લ્ડકપમાં પ્રથમ વખત VAR એટલે વીડિયો આસિસ્ટન્ટ રેફરી પણ હતા.

– ૨૧માં વર્લ્ડકપની ૬૪ મેચમાં ૧૬૯ ગોલ થયા છે.

– ૨૦૧૪ અને ૧૯૯૮ બાદ સૌથી વધુ ગોલ છે. આ બંને વર્લ્ડ કપમાં ૧૭૧ ગોલ થયા હતા.

ક્લોઝિંગ સેરેમની

– વર્લ્ડકપની ક્લોઝિંગ સેરેમનીમાં યુએસના ગાયક વીલ સ્મિથ, કોસોવોની ગાયિકા એરાઇસ્ટ્રેફી અને યુએસના રેસર નીકીજામે પરફોર્મ કર્યું હતું.

– મોસ્કોના લૂઝનીકી સ્ટેડિયમમાં યોજાયો રંગારંગ સમાપન સમારોહન

**રશિયાએ ૨૦૨૨ વર્લ્ડ કપ માટે કતારને સોંપી જવાબદારી**

– રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રવિવારે આગામી વર્લ્ડ કપ ૨૦૨૨ની જવાબદારી કતારને સોંપી હતી.

– પુતિને ફિફા અધ્યક્ષ જિયાની ઇન્ફેન્ટિનોને ઓફિશિયલ ફૂટબોલ સોંપ્યો.

– ઇન્ફેન્ટિનોએ આ બોલ તીમ બિન હમાદ અલ – ધાનીને આપ્યો.

– આરબ દેશોમાં આ પ્રથમ વખત ફૂટબોલ વર્લ્ડ કપ રમાશે.

– કતારમાં યોજાનારા વર્લ્ડ કપની સંભવિત તારીખ ૨૧ નવેમ્બરથી ૧૮ ડિસેમ્બર – ૨૦૨૨ છે અને તેમાં ૩૨ ટીમ ભાગ લેશે.

અત્યાર સુધીના ફિફા વર્લ્ડ કપ વિજેતાઓ :

–બ્રાઝિલ (૫) : ૧૯૫૮, ૧૯૬૨, ૧૯૭૦, ૧૯૯૪, ૨૦૦૨

– જર્મની (૪) : ૧૯૫૪, ૧૯૭૪, ૧૯૯૦, ૨૦૧૪

– ઇટાલી (૪) : ૧૯૩૪, ૧૯૩૮, ૧૯૮૨, ૨૦૦૬

– આર્જેન્ટિના (૨) : ૧૯૭૮, ૧૯૮૬

– ઉરુગ્વે (૨) : ૧૯૩૦, ૧૯૫૦

– ફ્રાન્સ (૨) : ૧૯૯૮, ૨૦૧૮

– ઇંગ્લેન્ડ (૧) : ૧૯૬૬

– સ્પેન (૧) : ૨૦૧૦

એવોર્ડ :

– ગોલ્ડન બૂટ એવોર્ડ : હેરીકેન, ઇંગ્લેન્ડ (૬ ગોલ)

– ગોલ્ડન ગ્લોવ એવોર્ડ : થિબોટ કોર્ટોઇસ, બેલ્જિયમ

– ફિફા ફેર પ્લે ટ્રોફી : સ્પેન

– ફિફા યંગ પ્લેયર એવોર્ડ : કેલિયન એમબાપે

– એડિદાસ ગોલ્ડન બોલ પ્રાઇઝ : લૂકા મોડ્રિચ

અત્યાર સુધીના ફિફા વર્લ્ડ કપની મહત્વ :

– ૮૮ વર્ષમાં પાંચમી વખત ફાઇનલમાં પાંચથી વધુ ગોલ થયા.

– ૧૯૩૦, ૧૯૩૮, ૧૫૮, ૧૯૬૬માં પાંચ થી વધુ ગોલ થયા હતા.

– ૬૦ વર્ષ બાદ મેબાપે ફાઇનલમાં ગોલ કરનારો સૌથી યુવા ખેલાડી.

– પેલેએ ૧૭ વર્ષની ઉંમરે ફાઇનલમાં પહેલો ગોલ કર્યો હતો.

– મેબાપેએ ૧૯ વર્ષની ઉંમરે ફાઇનલમાં પહેલો ગોલ કર્યો.

– રશિયા વર્લ્ડ કપમાં ફ્રાન્સ સાતમાંથી છ મેચ જીત્યું. ૧ ડ્રો થઈ

– અત્યાર સુધીના તમામ વર્લ્ડ કપમાં ફ્રાન્સ સામે ક્રોએશિયાની બીજી હાર ૧૯૯૮ની સેમિફાઇનલમાં ૨–૧ થી ક્રોએશિયાને પરાજય આપ્યો હતો.

– ફ્રાન્સની ટીમમાંથી ૨૩ ખેલાડીમાંથી ૮ જ ખેલાડીઓ ૨૫ વર્ષથી ઉપરના છે.

- ફ્રાન્સ ક્રોએશિયા છ વખત ટકરાયા છે જેમાં ફ્રાન્સ ચાર વખત જીત્યું છે.

**(૨) જોકોવિચ મેન્સ વિમ્બલડન ચેમ્પિયન :**

- સર્બિયાના નોવાક જોકોવિચે વિમ્બલડનનું ટાઇટલ ચોથી વખત જીતી લીધું છે.
- તેણે જોકોવિચે દ.આફ્રિકાના કેવિન એન્ડરસનને હરાવ્યો હતો.
- જોકોવિચે છેલ્લે ૨૦૧૬માં ફ્રેન્ચ ઓપનની ફાઇનલ જીતી હતી.
- આ સાથે જ હવે જોકોવિચના નામે કુલ ૧૩ ગ્રાન્ડસ્લમે ટાઇટલ થઇ ગયા છે.
- કેવિન એન્ડસન રાફેલ નાદાલ સાથેની મેરાથોન ક્વાર્ટર ફાઇનલ મેચ અને ત્યાર બાદ સેમિ ફાઇનલમાં વિમ્બલડન ઇતિહાસની સૌથી લાંબી ૬ કલાક ૩૬ મિનિટની મેચ રમ્યા બાદ ફાઇનલમાં પ્રવેશ્યો હતો.
- કેવિન એન્ડરસન ગયા વર્ષે ૨૦૧૭માં યુએસ ઓપનની ફાઇનલમાં પહોંચ્યો હતો, જેમાં તે રનર અપ રહ્યો હતો.

**જોકોવિચના ગ્રાન્ડસ્લેમ ટાઇટલ :**

- ઓસ્ટ્રેલિયન ઓપન : ૨૦૦૮, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૬
- ફ્રેન્ચ ઓપન : ૨૦૧૬
- વિમ્બલ્ડન : ૨૦૧૧,૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૮
- યુએસ ઓપન : ૨૦૧૧, ૨૦૧૫

**વિમ્બલડન ૨૦૧૮ ચેમ્પિયન :**

- પુરૂષ સિંગલ્સ : નોવાક જોકોવિચ
- મહિલા સિંગલ્સ : અન્જેલિક કેર્બર (જર્મની)
- પુરૂષ ડબલ્સ : માઇક બ્રાયન અને જેક સોસ (અમેરિકા)

મહિલા ડબલ્સ : બારબોરા ક્રેજિસ કોવા અને કેટરિના સિનિકોવા (ચેક રિપબ્લિક)

**અંતિમ ૫ વિમ્બલ્ડન વિજેતા :**

| પુરૂષ સિંગલ્સ | વર્ષ | મહિલા સિંગલ્સ |
|---|---|---|
| રોજર ફેડરર | ૨૦૧૭ | ગાર્બિન મુગુરુઝા |
| એન્ડી મરે | ૨૦૧૬ | સેરેના વિલિયમ્સ |
| નોવાક જોકોવિચ | ૨૦૧૫ | સેરેના વિલિયમ્સ |
| નોવાક જોકોવિચ | ૨૦૧૪ | પેટ્રા ક્વિટોવા |
| એન્ડી મરે | ૨૦૧૩ | મેરિયન બાર્ટોલી |

**(3) પીએમ મોદીએ મિર્ઝાપુરમાં બાણસાગર યોજનાનું લોકાર્પણ કર્યું :**

- પીએમ મોદીએ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં બાણસાગર નહેર પરિયોજના ઉદ્દ્યાટન કર્યું.
- આ પરિયોજના એશિયાની સૌથી મોટી નહેર પરિયોજના છે.
- બાણસાગર નહેર પરિયોજનાનો શિલાન્યાસ વર્ષ ૧૯૭૮માં તત્કાલિન વડાપ્રધાન મોરારજી દેસાઇ દ્વારા કરવામાં આવ્યો હતો.
- ૧૭૧ કિમી કુલ લંબાઇ ધરાવતી આ નહેર પરિયોજના કુલ ૩૫૦૦ કરોડ રૂપિયામાં તૈયાર થઇ છે. પરિયોજનાને લીધે અંદાજિત ૧.૫ લાખ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે.
- આ પરિયોજના ઉદ્દ્યાટન સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સૌથી લાંબા ૩૫૪ કિમીના એક્સપ્રેસ – વે નો શિલાન્યાસ કર્યો.
- બાણસાગર નહેર પરિયોજના મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને બિહાર ની સંયુક્ત પરિયોજના છે.
- બાણસાગર ડેમ – મધ્યપ્રદેશ રાજ્યમાં શહડોલ જિલ્લામાં સોન નદી પર

**(૪) ઇશ્વર શર્મા : 'બ્રિટિશ ઇન્ડિયન ઑફ ધ યર' થી સન્માનિત**

- અન્ડર – ૧૧ યુકે નેશનલ યોગા ચેમ્પિયન ઇશ્વર શર્માને 'બ્રિટિશ ઇન્ડિયન ઑફ ધ યર' તરીકે સન્માનિત કરાયો છે.
- ઇન્ડિવિડ્યુઅલ અને આર્ટિસ્ટિક યોગામાં સંખ્યા બંધ ટાઇટલ્સ જીતી ચૂકેલો ઇશ્વર જૂનમાં કેનેડાના વિન્ની પેગમાં વર્લ્ડ સ્ટુડન્ટ ગેમ્સ–૨૦૧૮માં ગોલ્ડ જીત્યો હતો.
- ઇશ્વરને બર્મિંગહામમાં યોજાયેલી છઠ્ઠી એન્યુઅલ એવોર્ડ્સ સેરેમનીમાં યંગ એચિવર કેટેગરીમાં 'બ્રિટિશ ઇન્ડિયન ઑફ ધ યર' તરીકે નવાજવામાં આવ્યો હતો.
- ઇશ્વરના પિતા વિશ્વનાથ પણ યોગ કરે છે. તેમનો પરિવાર મૂળ મૈસૂરનો છે.
- ઇશ્વર દુનિયાભરમાં યોગની ૧૦૦ થી વધુ ઇવેન્ટસમાં ભાગ લઇ ચૂક્યો છે.
- તે આ વર્ષે મે મહિનામાં તુર્કીમાં યુરો એશિયન યોગા ચેમ્પિયનશીપમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રશ્નો :

(૧) ફિફા વર્લ્ડ કપ – ૨૦૧૮ની ફાઇનલ ક્યાં યોજાઇ ?
- રશિયાના મોસ્કોમાં આવેલા લુઝનિકી સ્ટેડિયમ ખાતે

૨ ફિફા વર્લ્ડ કપ– ૨૦૧૮ની ફાઇનલ મેચમાં વિજેતા ટીમ જણાવો ?
- ફ્રાન્સ

૩ ફિફા વર્લ્ડ કપ – ૨૦૧૮રનર્સ અપ– ટીમનું નામ જણાવો ?
- ક્રોએશિયા

૪ ફ્રાન્સ પ્રથમ વખત ફૂટબોલ ચેમ્પિયન ક્યારે બન્યું હતું ?
- ૧૯૯૮

૫ ૨૧ માં ફિફા વર્લ્ડકપ માટે મેસ્કોટ તરીકે કયાં પ્રાણી પસંદ કરાયું હતું ?
- વરૂ

૬ ૨૦૨૨માં ફિફા વર્લ્ડ કપનું આયોજન કયાં થશે ?
- કતાર

૭ ૨૧માં ફિફા વર્લ્ડકપ ગોલ્ડન બૂટ એવોર્ડ વિજેતા જણાવો ?
- હેરીકેન, ઇંગ્લેન્ડ

૮ સૌથી વધુ વખત ફિફા વર્લ્ડકપ જીતનાર દેશનું નામ જણાવો ?
- બ્રાઝિલ

૯ નોવાક જોકવિચ કયાનો વતની છે ?
- સર્બિયા

૧૦ વિમ્બલ્ડન ૨૦૧૮ ચેમ્પિયન પુરૂષ ડબલ્ડ વિજેતા જણાવો ?
- માઇક બ્રાયન અને જેક સોક (અમેરીકા)

૧૧ પીએમ મોદીએ કયા રાજ્યમાં બાણાસાગર નહેર પરિયોજના ઉદ્દ્યાટન કર્યું ?
- ઉત્તર પ્રદેશ

૧૨ બાણસાગર નહેર પરિયોજનાનો શિલાન્યાસ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?

– તત્કાલિન વડાપ્રધાન મોરારજી દેસાઇ (૧૯૭૮)

(૧૩) બાણસાગર ડેમ કઇ નદી પર આવેલ છે ?

– સોન

(૧૪) ઇશ્વર શર્માને કયા પુરસ્કારથી સન્માનિત કરાયો ?

– 'બ્રિટિશ ઇન્ડિયન ઑફ ધ યર'

## 17.July 2018

**(૧) બોક્સિંગ ટૂર્નામેન્ટમાં ભારતે ૭ ગોલ્ડ સાથે ૧૭ મેડલ જીત્યા :**

– સર્બિયાના સુબોટિકામાં આયોજિત ૩૬ મી ગોલ્ડન ગ્લોવ ઓફ વોવોદીના યુથ ટૂર્નામેન્ટમાં કુલ ૧૭ મેડલ જીતીને ભારતીય ટીમ ટોપ પર રહી છે.

– ભારતે ૭ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ જીત્યા છે.

– રશિયાએ ૧૧ મેડલ (૩ ગોલ્ડ, ૨ સિલ્વર, ૬ બ્રોન્ઝ) જીતીને ત્રીજા સ્થાને રહ્યું હતું.

– જ્યારે કઝાખસ્તાન ૫ ગોલ્ડ સહિત કુલ ૭ મેડલ સાથે બીજા સ્થાને રહ્યું છે.

**(૨) દિલજીત દોસાંઝ – મેડમ તુસાદ મ્યુઝિયમ :**

– બોલિવુડ ગાયક અભિનેતા દિલજીત દોસાંઝની સફળતા બદલ મેડમ તુસાદ મ્યુઝિયમ ખાતે તેમની મીણની પ્રતિમા મૂકવામાં આવશે.

– રાજધાની દિલ્લી ખાતેના મેડમ તુસાદ મ્યુઝિયમ માં દિલજીતની મીણ પ્રતિમા મૂકવામાં આવશે.

– આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન, રણબીર કપૂર, વિરાટ કોહલી, સલમાન ખાન જેવી હસ્તીઓની પ્રતિમા મૂકવમાં આવી છે.

– મેડમ તુષાદ મ્યુઝિયમ લંડનનું મીણની મૂર્તિઓવાળું એક વિશાળ સંગ્રહાલય છે. જેની સ્થાપના મીણ શિલ્પકાર મેરી તુષાદે વર્ષ ૧૮૩૫માં કરી હતી.

– આ મ્યુઝિયમની દુનિયાના ઘણા મોટા શહેરોમાં શાખાઓ આવેલી છે.

**(૩) દીપા કર્માકર – જિમ્નાસ્ટ :**

– ભારતની ટોચની જિમ્નાસ્ટ દીપા કર્માકરે તુર્કીમાં ચાલી રહેલી એફઆઇજી કલાત્મક જિમ્નાસ્ટિક વર્લ્ડ ચેલેન્જ કપની વૉલ્ટ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

– ૨૪ વર્ષીય દીપા રિયો ઓલિમ્પિકમાં વૉલ્ટ સ્પર્ધામાં ચોથા સ્થાને રહી હતી.

– તેણે ૧૪.૧૫૦ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

– તે ક્વૉલિફિકેશનમાં પણ ૧૩.૪૦૦ના સ્કોર સાથે ટોચનાં સ્થાને રહી હતી.

– દીપાનો આ વર્લ્ડ ચેલેન્જમાં પ્રથમ મેડલ છે.

**(૪) ઓરી– રૂબેલા રસીકરણ :**

– ૨૦૨૦ સુધીમાં દેશમાંથી ઓરીને નાબૂદ કરવાના વડાપ્રધાન મોદીનાં નિર્ધારને પરિપૂર્ણ કરવા માટે દેશભરમાં નાના ભૂલકાઓ કિશોરોને ઓરી – રૂબેલાનું રસીકરણ કરવામાં આવે છે.

– ગુજરાતમાં પણ ૧૬ મી જુલાઇથી ઓરી –રૂબેલાનું રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો.

– આ અભિયાન પાંચ અઠવાડિયા સુધી ચાલશે. જેમાં ગુજરાતના ૯ મહિનાથી માંડીને ૧૫ વર્ષ સુધીના તમામ ૧.૬ કરોડથી વધુ બાળકોને આવરી લેવાશે.

– ૧૯ મી મેના રોજ મુખ્યમંત્રીએ ભરૂચ ખાતેથી ઓરી– રૂબેલા અભિયાનને લોન્ચ કર્યું હતું.

– ઓરી– રૂબેલા અભિયાન દેશના ૨૦ રાજ્યોમાં ૯૫ ટકાથી વધુ કવરેજ સાથે સંપન્ન થયું છે.

– ૧૬ મી જુલાઇથી ગુજરાત ઝારખંડ અને છત્તીસગઢમાં આ અભિયાન શરૂ થયું.

**(૫) વિશ્વની પ્રથમ અને સસ્તી સ્વચ્છ પેયજળ પરિયોજના :**

– સુલભ ઇન્ટરનેશનલ દ્વારા વિશ્વની સૌથી સસ્તી પેજળ પરિયોજના શરૂ કરવામાં આવી.

– બિહાર ના દરભંગા જિલ્લામાં આ પરિયોજનાની શરૂઆત કરવામાં આવી.

– આ પરિયોજના અંતર્ગત લોકો માત્ર ૫૦ પૈસા / લિટરમાં શુદ્ધ પાણી મેળવી શકશે.

– સુલભ ઇન્ટરનેશનલની સ્થાપના વર્ષ ૧૯૭૦માં બિન્દેશ્વર પાઠક દ્વારા કરવામાં આવી હતી.

– બિન્દેશ્વર પાઠકને ભારત સરકાર દ્વારા પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા છે.

**(૬) બ્રાહ્મોસ મિસાઇલનું સફળ પરીક્ષણ :**

– ઓડિશાના બાલાસોર ખાતે આવેલ પરીક્ષણ ક્ષેત્રમાં સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ બ્રાહ્મોસનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.

– આ પરીક્ષણ મોબાઇલ ઓટોનોમસ લોન્ચરથી ખરાબ મોસમની હાલતમાં ઉપયોગ થઇ શકે તે હેતુથી કરવામાં આવ્યું હતું.

– આ વર્ષે મે મહિનામાં મિસાઇલની આયુસીમામાં ૧૦ થી ૧૫ વર્ષ વધારો કરવા માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

– બ્રાહ્મોસ મિસાઇલ ભારત અને રૂસ (રશિયા) દ્વારા વિકસાવવામાં આવી છે.

**(૭) અરૂણા સાઇરામ – સંગીત કલાનિધી પુરસ્કાર :**

– જાણીતા ગાયિકા અરૂણા સાઇરામને ૨૦૧૮ના સંગીત અકાદમીના સંગીત કલાનિધિ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

– અરૂણા સાઇરામ કર્ણાટક ગાયન શૈલીના જાણીતા ગાયિકા છે.

– મદ્રાસ સંગીત અકાદમી દ્વારા દર વર્ષે કર્ણાટક સંગીતના તજજ્ઞોને સંગીત કલાનિધિ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવે છે.

– સંગીત કલાનિધિ પુરસ્કાર કર્ણાટક સંગીતનું સર્વશ્રેષ્ઠ સન્માન છે.

પ્રશ્નો :

૧ ૩૬મી ગોલ્ડન સ્લોવ ઓફ વોવોદીના યુથ ટૂર્નામેન્ટમાં ભારત ક્યાં સ્થાને રહ્યું ?

– પ્રથમ

૨ દિલજીત દોસાંઝનું કાર્યક્ષેત્ર જણાવો ?

– બૉલીવુડ ગાયક

૩ મેડમ તુષાદ મ્યુઝિયમની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?

– મીણ શિલ્પકાર મેરી તુષાદે (૧૮૩૫માં)

૪ રિયો ઓલિમ્પિકમાં વૉલ્ટ સ્પર્ધામાં ચોથા સ્થાને રહેનાર ભારતીય જિમ્નાસ્ટનું નામ જણાવો ?

– દીપા કર્માકરે

૫ ૩૬મી ગોલ્ડન સ્લોવ ઓફ વોવોદીના યુથ ટૂર્નામેન્ટ ક્યાં યોજાઇ હતી ?

– સર્બિયાના

૬ ઓરી –રૂબેલા અભિયાનને ક્યાથી લોન્ચ કરવામાં આવયું ?

– ભરૂચ ખાતેથી

૭ ૧૬ મી જુલાઇથી ઓરી–રૂબેલા અભિયાન કયાં કયાં રાજ્યમાં શરૂ થયું ?
– ગુજરાત ઝારખંડ અને છત્તીસગઢમાં
૮ વિશ્વની સૌથી સસ્તી પેજળ પરિયોજના કોના દ્વારા શરૂ કરવામાં આવી ?
– સુલભ ઇન્ટરનેશનલ દ્વારા
૯ વિશ્વની સૌથી સસ્તી પેજળ પરિયોજના કયાં રાજ્યમાં શરૂ કરવામાં આવી ?
– બિહાર
૧૦ બ્રાહ્મોસ મિસાઇલ કયા દેશ દ્વારા વિકસાવવામાં આવી છે ?
– ભારત અને રૂસ (રશિયા)
૧૧ ૨૦૧૮માં સંગીત અકાદમીના સંગીત કલાનિધિ પુરસ્કારથી થી કયાં જાણીતા ગાયિકાને સન્માનીત કરવામાં આવ્યા ?
– અરૂણા સાઇરામને

## 18.July 2018

### (૧) વિખ્યાત અભિનેત્રી રીટા ભાદુરીનું અવસાન :
– ફિલ્મ અને ટીવીના વિખ્યાત અભિનેત્રી રીટા ભાદુરીનું (૬૨) ૧૭ જુલાઇ ૨૦૧૮ના રોજ નિધન થયું હતું.
– રીટા ભાદુરીનો જન્મ ૪ નવેમ્બર ૧૯૫૫ના રોજ લખનૌમાં થયો હતો.
– ૧૯૬૮ થી તેઓ ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય થયા હતા.
– તેમની પાંચ દાયકાની કારકિર્દીમાં રીટાએ ‘કભી હૂં ના ના’, ‘કયા કહના’, ‘દિલ વીલ પ્યાર વ્યાર’ જેવા ફિલ્મોમાં કામ કર્યું છે.
– તેમણે ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યું છે.
– ફિલ્મો સાથે તેમણે ઘણી જાણીતી ટેલીવિઝન સિરિયલ્સમાં પણ અભિનય કર્યો છે.

### (૨) વિશ્વ ઇમોજી દિવસ :
– એપલ અને ફેસબુકે વિશ્વ ઇમોજી દિવસની ઉજવણી કરી.
– એપલ, ફેસબુક અને ટ્વિટરે ૧૭ જુલાઇ વિશ્વ ઇમોજી દિવસની ઉજવણી કરી હતી.
– આ પ્રસંગે એપલે રંગીન વાળ ધરાવતાં, પૌરાણિક કથાઓ અને અન્ય ૭૦ જેટલા ઇમોજી કેરેક્ટર રજૂ કર્યા હતા.
– ફેસબુક પાસે ૨૮૦૦ ઇમોજી છે. ટ્વિટરે ટોપ ૧૦ ઇમોજીની યાદી જાહેર કરી.

### (૩) ફોર્બ્સ વર્લ્ડ ટોપ–૧૦૦ સેલિબ્રિટી :
– બિઝનેસ મેગેઝિન ‘ફોર્બ્સ’ એ આ વર્ષે જાહેર કરેલી દુનિયાના ૧૦૦ હાઇએસ્ટ પેઇડ સ્ટાર્સ ની યાદીમાં બોલીવુડમાંથી અક્ષયકુમાર અને સલામાન ખાનનો સમાવેશ થયો છે.
– ગયા વર્ષે આ યાદીમાં ૬૫મું સ્થાન ધરાવતો શાહરૂખ ખાન ટોપ ૧૦૦ ની યાદીમાંથ બહાર ફેંકાઇ ગયો છે.
– ફોર્બ્સ મુજબ છેલ્લા ૧૨ મહિનામાં વિશ્વના ટોચના ૧૦૦ એન્ટરટેઇનર્સની સંયુક્ત કમાણી ૬.૩ અબજ ડોલર થઇ છે. જે ગયા વર્ષ કરતાં ૨૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૧૧ સુપર સ્ટાર્સ ૧૦૦ મિલિયન ડોલરનો આંકને વટાવી ગયા છે.
– વર્ષ ૨૦૧૮ની ફોર્બ્સની આ યાદી મુજબ તેમાં ટોચ પર ભૂતપૂર્વ પ્રોફેશનલ બોક્સર ફલોઇડ મેવેદર છે.
– આ યાદીમાં અક્ષય ગયા વર્ષના ૮૦ માં ક્રમેથી ચાર ક્રમ આગળ વધી ૭૬મા સ્થાને પહોંચ્યો છે.
– આ યાદીમાં સલમાન ખાન ૮૨માં ક્રમે ધકેલાઇ ગયો છે. જે ગયા વર્ષે ૭૧માં ક્રમે હતો.
– અન્ય સેલિબ્રિટિઝમાં જ્યોર્જ ક્લૂની (બીજાક્રમે, રિયાલીટલી ટીવી સ્ટાર કાઇલી જેનર (ત્રીજા ક્રમે), સોકર સ્ટાર ક્રિસ્ટ્રિયાનો રોનાલ્ડો (૧૦ માં ક્રમે) છે.

### (૪) જૂનિયર વર્લ્ડ ચેમ્પિયનશીપની ગોલ્ડ મેડાલિસ્ટ હિમા આસામની સ્પોર્ટ્સ એમ્બેસેડર :
– આસામ સરકારે અંડર– ૨૦ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મી. દોડમાં ગોલ્ડ જીતીને ઇતિહાસ બનાવનારી હિમા દાસને રાજ્યની સ્પોર્ટ્સ એમ્બેસેડર બનાવવાનો નિર્ણય લીધો છે.
– સાથે જ તેને રૂા. ૫૦ લાખનું ઇનામ પણ અપાશે.
– હિમા દાસે જુનિયર અને સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની ટ્રેક ઇવેન્ટમાં ગોલ્ડ જીતનાર ભારતની પ્રથમ ખેલાડી બની હતી.
– મુખ્યમંત્રી : સર્વનંદ સોનોવાલ
– રાજ્યપાલ – જગદીશ મુખી
– રાજધાની દિસપુર

### (૪) IIT મદ્રાસે વિશ્વનું પ્રથમ દૂરસ્થ માઇક્રોસ્કોપ LEAP લોન્ચ કર્યુ ?
– આઇઆઇટી મદ્રાસે વિશ્વનું પ્રથમ દૂરસ્થ રૂપે સંચાલિત માઇક્રોસ્કોપ લોન્ચ કર્યુ.
– આ માઇક્રોસ્કોપ પદાર્થના પરમાણુ દ્રશ્યને સક્ષમ કરશે.
– આઇઆઇટી મદ્રાસની આગેવાની હેઠળ આઠ ટોચની સંશોધન સંસ્થાઓ એ સાથે મળી એક સહયોગી કવાયતમાં ‘Local Electrode Atom Probe’ (LEAP) વિકસાવવામાં આવ્યું.
– માઇક્રોસ્કોપ સાચા ત્રિ– પરિમાણીય (3D) અણુનું પુનર્નિર્માણ પણ સક્રિય કરે છે જે અન્ય ક્ષેત્રોમાં નેનો ટેક્નોલોજીમાં સંશોધન કરવા માટે મુખ્ય ધ્યેય આપશે.
– આ માઇક્રોસ્કોપને ૪૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે.

### (૫) એમેઝોનના જેફ બેઝોસ સૌથી શ્રીમંત
– એમેઝોનના સ્થાપક અને ચેરમેન જેફરી (જેફ) બેઝોસ ૧૫૦ અબજ ડોલર (૧૦ લાખ કરોડ રૂા.) નેટવર્થવાળા પ્રથમ ધનિક બની ગયા છે.
– ૮ મહિના અગાઉ ૨૪ નવેમ્બર ૨૦૧૭ના રોજ તેમની નેટવર્થ ૧૦૦ અબજ ડોલર (૬.૮૫ લાખ કરોડ રૂા.) ને પાર થઇ હતી.
– બેઝોસની સંપતિ જે ઝડપે વધી રહી છે તે જોતાં તેઓ માત્ર ૧૨ વર્ષ પછી સપ્ટેમ્બર ૨૦3૦ સુધીમાં વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર (૬૮.૫ લાખ કરોડ રૂા.ની સંપત્તિ) ના આસામી બની શકે છે.
– આર.એસ. કમ્પોનન્ટ્સ નામની કંપની બ્લૂમબર્ગ ડેટાના આધારે આ વિશ્લેષણ કર્યું છે. તેણે ‘ફોર કોમા કલબ’ નામથી રિપોર્ટ જારી કર્યો છે.
– તે મુજબ વિશ્વના સૌથી ધનિક લોકોની હાલની સંપત્તિ ૬૩.૫ લાખ કરોડ ડોલર (૪,૩૫૦ લાખ કરોડ રૂા.) ૨૦૨૫ સુધીમાં તે ૧૦૦ લાખ કરોડ ડોલર (૬,૮૫૦ લાખ કરોડ રૂા.) થઇ જશે.

### (૭) ભારતીય હોકી ટીમે રેન્કિંગમાં ૫ મું સ્થાન પ્રાપ્ત કર્યું :
– સતત બીજા વર્ષે ચેમ્પિયન ટ્રોફીમાં રનર અપ રહ્યા બાદ ભારતીય પુરૂષ હોકી ટીમે (ઇન્ટરનેશનલ હોકી ફેડકરેશન) આઇએચએફ રેન્કિંગમાં એક સ્થાનનો કૂદકો લગાવ્યો છે.

- હવે ભારતીય ટીમ ૫ મા સ્થાને પહોંચી ગઇ છે.
- ચેમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ જીતનારી ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ સ્થાને છે.
- ઓસ્ટ્રેલિયાએ ૧૫મી વખત આ ટાઇટલ જીત્યું હતું. રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાના ૧૯૦૬ પોઇન્ટ છે.
- ૧૮૮૩ પોઇન્ટ સાથે ઓલિમ્પિક ચેમ્પિયન આર્જેન્ટિના બીજા સ્થાને છે. ૧૭૦૯ પોઇન્ટ સાથે બેલ્જિયમ ત્રીજા અને ૧૬૫૪ પોઇન્ટ સાથે નેધરલેન્ડ્સ ચોથા સ્થાને છે.
- ભારત ૧૪૮૪ પોઇન્ટ સાથે પાંચમા સ્થાને છે.
- જર્મનીની ટીમ ૧૪૫૬ સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગઇ છે.
- ભારતનો સતત બીજા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો.
- ટોપ–૨૦ માં મોટાભાગની ટીમોનું રેન્કિંગ યથાવત રહ્યું છે.
- આઇએએફ મુખ્યાલય – લુસાને (સ્વિત્ઝર્લેન્ડ)

પ્રશ્નો :

૧ વિખ્યાત અભિનેત્રી રીટા ભાદુરીનો જન્મ ક્યાં થયો હતો ?
- લખનૌ

૨ વિશ્વ ઇમોજી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- ૧૭ જુલાઇ

૩ હિમા દાસ કયાં રાજયની સ્પોર્ટ્સ એમ્બેસેડર બની ?
- આસામ

૪ આસામ રાજયના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- સર્વનંદ સોનોવાલ

૫ કઇ સંસ્થાએ વિશ્વનું પ્રથમ દૂરસ્થ રૂપે સંચાલિત માઇક્રોસ્કોપ લોન્ચ કર્યું ?
- આઇઆઇટી મદ્રાસે

૬ LEAPનું પુરૂનામ જણાવો
- Local Electrode Atom Probe

૭ ઓસ્ટ્રેલિયાએ કુલ કેટલી વખતે ચેમ્પિયન ટ્રોફી જીતી છે.
- ૧૫

૮ ઇન્ટરનેશનલ હોકી ફેડરેશનનું મુખ્યાલ્ય કયાં આવેલ છે ?
- લુસાને (સ્વિત્ઝર્લેન્ડ)

૯ હોકી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૮ની ફાઇનલમાં કઇ બે ટીમ પહોંચી હતી ?
- ઓસ્ટ્રેલિયા, ભારત

## 19.July 2018

**૧ આરબીઆઇએ ૧૦૦ રૂપિયાની નવીનોટ જાહેર કરી.**

- ભારતીય રિઝર્વ બેંકે રૂપિયા ૧૦૦ની નવી નોટ જાહેર કરી.
- નવી નોટ ઓગસ્ટ મહિનાથી જાહેર થશે. જેમાં ભારતીય રિઝર્વ બેંકના વર્તમાન ગર્વનર ડૉ. ઉર્જિત આર. પટેલના હસ્તાક્ષર હશે.
- મહાત્મા ગાંધી સીરીઝની નવી નોટમાં આરબીઆઇએ સંસ્કૃતિ વારસાને મહત્વ આપ્યું છે.
- નોટ ના પાછળના ભાગમાં 'રાણકી વાવ'ની આકૃતિ દર્શાવવામાં આવી છે.
- 'રાણકી વાવ' ગુજરાતના પાટણ ખાતે આવેલ છે, જેને યુનેસ્કો દ્વારા ૨૦૧૪માં વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે દરજ્જો આપવામાં આવ્યો હતો.
- નોટનો રંગ લવન્ડર રાખવામાં આવ્યો છે.
- દેવાસ ખાતેના સિક્યુરિટી પ્રિન્ટીંગ પ્રેસમાં આ નોટ છાપવાનું શરૂ થયું છે.
- નોટબંધી બાદ રિઝર્વ બેંકે ૧૦, ૫૦,૨૦૦ અને ૨૦૦૦ની નવી નોટો અત્યાર સુધી જાહેર કરી છે.
- નોટ માટેનો કાગળ હોશંગાબાદ ખાતેની પેપર મિલ દ્વારા સપ્લાય કરવામાં આવશે.
- નોટની સાઇઝ ૬૬ મીમી X ૧૪૨ મીમી રાખવામાં આવી છે.
- નોટ વિશે જાણવા જેવું :
  - ૧ એપ્રિલ, ૧૯૩૫માં કોલકત્તામાં કેન્દ્રિય ઓફિસ સાથે રિઝર્વ બેંકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.
  - ૧૯૩૮માં પહેલીવાર રીઝર્વ બેંકે પેપર કરન્સી છાપી હતી જે. રૂા. ૫ની નોટ હતી અને તેમાં જ્યોર્જ પંચમની તસવીર મુકવામાં આવી હતી.
  - આઝાદી પછી ૧૯૪૯માં ભારત સરકારે ૧ રૂપિયાની નવી ડિઝાઇનની નોટ બહાર પાડી હતી.
  - ૧૯૫૩માં પહેલીવાર નોટો પર હિન્દીમાં લખાણ શરૂ કરવામાં આવ્યું.
  - ૧૯૬૯માં મહાત્મા ગાંધીની જન્મ શતાબ્દી વખતે પહેલી વાર નોટોની સીરીઝ પર સેવાગ્રામ આશ્રમમાં તેને બેઠેલી તસ્વીર છાપવામાં આવી.
  - ૧૯૭૨માં રૂા. ૨૦ ની નોટ અને ૧૯૭૫માં રૂા. ૫૦ની નોટ બહાર પાડવામાં આવી હતી.
  - વર્ષ ૧૯૫૪માં રૂા. ૧૦૦ની, ૧૯૭૯માં રૂા. ૫૦૦ની નોટ ચલણમાં આવી.

**(૨) ઇ– ટિકિટ કેન્સલ કરાવતા હવે ૪૮ કલાકમાં રિફન્ડ મળશે.**

- આગામી મહિનાથી રેલવેની ઇ– ટિકિટ કેન્સલ કરાવ્યા બાદ રિફન્ડ માટે હવે ૭ થી ૧૦ દિવસ સુધી રાહ જોવી પડશે નહીં.
- ટિકિટ રદ કરાવ્યાના ૪૮ કલાકની અંદર જ રિફન્ડ મળી જશે.
- રેલવે ની નવી વેબસાઇટના મિલ્સ ઓપ્શન દ્વારા સીટ પર જ ફૂડ ડિલિવરી પણ મળશે.
- આ માટે પીએનઆર નંબરની માહિતી આપવી પડશે.

**(૩) બ્રિટનમાં સૌંદર્ય સ્પર્ધાના ૬૬ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર અશ્વેત મહિલા મિસ યુનિવર્સ બની.**

- કેન્ટિસ રોજર્સ બ્રિટનની મિસ યુનિવર્સ બની.
- બ્રિટનની સૌંદર્ય સ્પર્ધા મિસ યુનિવર્સ ૬૬ વર્ષના ઇતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે જ્યારે કોઇ અશ્વેત મહિલાની પસંદગી કરાઇ છે.
- હવે રોજર્સ આગામી વર્ષે મિસ યુનિવર્સ સ્પર્ધામાં બ્રિટનનું પ્રતિનિધિત્વ કરશે.

**(૪) સૌથી સ્વચ્છ સ્ટ્રીટ ફૂડ હબ– કાંકરીયા**

- કાંકરિયા દેશનું પ્રથમ સૌથી સ્વચ્છ સ્ટ્રીટ ફૂડ હબ બન્યું.
- FSSI એ ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ પ્રોજેક્ટ બનાવ્યો હતો.
- ખાદ્ય પદાર્થની ગુણવત્તાની જાળવણી કરતી FSSI એ કાંકરિયા લેકને ઇન્ડિયાનું ફર્સ્ટ ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ તરીકેનો નેશનલ એવોર્ડ આપ્યો છે.
- લો ગાર્ડનની ખાઉ ગલીને બીજો ક્રમ પ્રાપ્ત થયો છે. અહી ૬૬ સ્ટ્રીટ વેન્ડર્સ છે.

આ કારણોએ પ્રથમ

- કિચન વેસ્ટનો નિકાલ
- ડ્રેનેજ – પીવાના પાણીની, બેસવાની, પાર્કિંગની વ્યવસ્થા
- દૂધના ઉત્પાદનોમાંથી બનેલી વસ્તુઓને રાખવાની વ્યવસ્થા

**(૫) ૧૮૫૭નું બ્યૂગલ : મંગલ પાંડે :**

- ૧૮૫૭ના સંગ્રામના પહેલા શહીદ મંગલ પાંડેનો જન્મ ૧૯ જુલાઇ ૧૮૨૭ના રોજ થયો હતો.
- તેમનો જન્મ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામે થયો હતો.
- અકબરપુર શહેરમાં સેનાની પરેડ જોવા ગયા ત્યાં કોઇએ તેમનું શરીર જોઇ લશ્કરમાં જોડાવા કહ્યું અને મંગલ પાંડે ૧૮૪૮માં બ્રિટિશ થળ આર્મીમાં જોડાઇ ગયા.
- ૧૮૫૦માં બરાકપુર સૈનિક ટુકડીમાં જોડાયા હતા.
- એકવાર માતાદીન નામના વાલ્મીકિ જ્ઞાતિના કંપનીના સેવકે સૈનિકોના માટલામાંથી પાણી પીવા પ્રયત્ન કર્યો તેને મંગલ પાંડેએ જમાનાની તાસીર મુજબ રોક્યો તો માતાદીને કહ્યું રાઇફલમાં ગાય અને ડુક્કરની ચરબી લગાડેલી કારતૂસ મોંઢેથી તોડવાની થશે ત્યારે તમે શું કરશો.
- માતાદીન કારતૂસ બનાવવાના કારખાનામાં કામ કરતો હોવાથી તેની વાતમાં સચ્ચાઇ હતી.
- ૨૯ માર્ચ ૧૮૫૭ના રોજ કારતૂસ તોડવાનું કહેવાયું ત્યારે મંગલ પાંડેએ તેનો વિરોધ કર્યો.
- બ્રિટિશ ઓફિસરે રાઇફલ છીનવવા પ્રયાસ કર્યો. મંગલ ઓફિસર પર હુમલો કરી તેને મારી નાંખ્યો. પ્રતિક્રિયારૂપે મંગલ પાંડેને ફાંસીની સજા કરવામાં આવી.
- કલકત્તાથી જલ્લાદ બોલાવી ૮ એપ્રિલ ૧૮૫૭ના રોજ ૨૯ વર્ષની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી.
- ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

પ્રશ્નો :

૧ રૂપિયા ૧૦૦ ની નવી નોટની પાછળના ભાગમાં કઇ આકૃતિ દર્શાવેલ છે ?
- રાણકી વાવ ની

૨ રૂપિયા ૧૦૦ની નવી નોટનો રંગ જણાવો ?
- લવન્ડર

૩ રૂપિયા ૧૦૦ ની નવી નોટની સાઇઝ જણાવો ?
- ૬૬ મીમી X ૧૪૨ મીમી

૪ પહેલીવાર નોટો પર હિન્દીમાં લખાણ કઈ સાલમાં શરૂ કરવામાં આવ્યું ?
- ૧૯૫૩માં

૫ તાજેતરમાં બ્રિટન મિસ યુનિવર્સ કોણ બની ?
- કેન્ટિસ રોજર્સ

૬ દેશનું પ્રથમ સૌથી સ્વચ્છ સ્ટ્રીટ ફૂડ હબ ?
- કાંકરિયા

૭ મંગલ પાંડેનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો ?
- ઉત્તર પ્રદેશ

૮ ભારત સરકારે મંગલ પાંડેની યાદમાં ક્યારે ટપાલ ટિકિટ બહાર પાડી હતી ?
- ૧૯૮૪માં

**20.July 2018**

**૧ કવિ ગોપાલદાસ નીરજનું નિધન :**

- ગીતકાર અને કવિ ગોપાલ દાસ 'નીરજ' નથી રહ્યા. ૧૯ જુલાઇ ૨૦૧૮ના રોજ તેમનું નિધન થયું.
- ઉત્તર પ્રદેશના ઇટાવાના પુરાવલી ગામમાં જન્મેલા નીરજને ૧૯૯૧માં પદ્મશ્રી અને ૨૦૦૭માં પદ્મભૂષણથી સન્માનિત કરાયા હતા.
- તેમને ફીલ્મ ગીતો માટે સતત ત્રણ વખત ફિલ્મફેર એવૉર્ડસથી નવાજવામાં આવ્યા હતા.
- યુપી સરકારે તેમને 'યશ ભારતી' થી સન્માનિત કર્યા. યોગી સરકારમાં તેમને કેબિનેટ દરજ્જો મળ્યો હતો.

તેમણે લખેલાં ગીતો

- કારવાં ગુજર ગયા, ગુબાર દેખતે રહે..
- ફૂલો કે રંગ સે દિલ કી કલમ સે..
- શોખીયોં મે ઘોલા જાએ..
- ફૂલો કી બગિયા મહેકેગી..
- લિખે જો ખત તુજે...
- એ ભાઇ જરા દેખ કે ચલો...
- બસ યહી અપરાધ મૈં બાર બાર..
- રંગીલા રે..

**(૨) ૨૦૨૨ બેઇજીંગ ઓલિમ્પિક્સમાં નવા ૭ મેડલનો ઉમેરો કરાયો :**

- આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ ૨૦૨૨માં યોજાનારી બેઇજિંગ વિન્ટર ઓલિમ્પિક ગેમ્સમાં નવા ૭ મેડલનો ઉમેરો કર્યો છે.
- આ સાથે જ સમિતિએ ૨૦૨૦ ટોકિયો ઓલિમ્પિક અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક્સમાં નવી રમતોનો ઉમેરવા અંગેનું ટાઇમટેબલ રીલીઝ કર્યું હું.
- આગામી વિન્ટર ઓલિમ્પિક્સમાં ઉમેરાયેલી નવી ૭ રમતોમાં વિમેન્સ મોનોબોબ, બીગ એર ફ્રિસ્ટાઇલ સ્કીઇંગ ફોર મેન એન્ડ વિમેન, શોર્ટ ટ્રેક સ્પીડ સ્કેટિંગમાં મિક્સ્ડ ટીમ ઇવેન્ટ, સ્કી જમ્પિંગ, સ્કી એરિયલન્સ અને સ્નો બોર્ડ ક્રોસ. આમ, કુલ ૧૦૯ ગોલ્ડ મેડલ આપવામાં આવશે.
- જાતિય સમાનતામાં વધારો કરતાં બેઇજીંગમાં ૪૫.૫ ટકા મહિલા એથલેટ્સને સ્થાન અપાયું છે.
- આગામી વિન્ટર ઓલિમ્પિક્સમાં ૯૫ દેશો ભાગ લેશે.
- ઓલિમ્પિક સમિતિ ડિરેક્ટર – કિટ મેક્કોનેલ

**(૩) નાસામાં ફ્લાઇટ ડિરેક્ટર બનનારા પ્રથમ ભારતીય – પુજા જોશી**

- ગુજરાતી મૂળની પુજા જોશીની અમેરિકી અવકાશ સંસ્થા નાસામાં ફ્લાઇટ ડિરેક્ટર તરીકે નિમણૂક થઇ છે.
- નાસાએ કુલ ૬ વ્યક્તિની ફ્લાઇટ ડિરેક્ટર તરીકે નિમણૂક કરી હતી. જેમાં પુજાનો પણ સમાવેશ થાય છે.
- જ્યારે કોઇ ફ્લાઇટ અવકાશમાં મોકલવામાં આવે ત્યારે ફ્લાઇટ ડિરેક્ટરનો રોલ મહત્વનો બની જતો હોય છે.
- ડિરેક્ટરને નાસાના હ્યુસ્ટન સ્થિત કંટ્રોલ મથકમાં રહીને અવકાશમાં રહેલી ફ્લાઇટ અને ગ્રાઉન્ડમાં રહેલા મિશન સાથે સંકળાયેલા ઓપરેશન સંભાળવાના હોય છે.
- આખી ફ્લાઇટની જવાબદારી ફ્લાઇટ ડિરેક્ટર પર જ હોય છે.
- નાસાએ ૧૯૫૮માં ક્રિસ્ટ્રોફર ક્રાફટની પ્રથમ ફ્લાઇટ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરી હતી.

Vivekanand Academy Gandhinagar

- ત્યારથી અત્યાર સુધીમાં ૯૭ ફ્લાઇટ ડીરેક્ટર એપોઇન્ટ થયા છે.
- પુજા જોશી મૂળ ગુજરાતની છે. પૂજાનો જન્મ ઈંગ્લેન્ડમાં થયો છે અને એ દસ વર્ષની હતી. ત્યારે પરિવાર અમેરીકા શિફ્ટ થયો હતો.
- પુજાએ અલિંગ્ટન સ્થિત યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી ૨૦૦૭માં એરોસ્પેસ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું હતું.
- પુજા છેલ્લા ૧૧ વર્ષથી નાસાના હ્યુસ્ટન સ્થિત જહોન્સન સ્પેસ સેન્ટરમાં કામ કરે છે. હવે નાસાએ તેમની ફ્લાઇટ ડીરેક્ટર તરીકે પસંદગી કરી છે.
- નાસામાં ફ્લાઇટ ડીરેક્ટર બનનારા તેઓ પ્રથમ ભારતીય ઉપરાંત પ્રથમ એશિયન છે.
- હાલ નાસા પાસે ૨૬ ફ્લાઇટ ડિરેક્ટર છે. તેમની સાથે જોડાઇને આ નવા છ ડિરેક્ટર પણ કામ કરશે.
- પુજા ઉપરાંત એલિસ બૉલિંગર, એડી બોલસ, બ્રેસ માર્કોસ, પોલ કોન્યા, અને રિબેકા વિંગફિલ્ડની પસંદગી ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે.

**(૪) વિરાટ કોહલીનો નવો વિશ્વ રેકોર્ડ :**

- ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલીએ ઇંગ્લેન્ડ સામેની વન-ડે મેચ દરમ્યાન કેપ્ટન તરીકે ૩૦૦૦ રન પુરા કર્યા
- વિરાટે કેપ્ટન તરીકે સૌથી ઝડપી ૩૦૦૦ રન પુરા કર્યા. આ સાથે જ સૌથી ઝડપી ૩૦૦૦ રન પુરા કર્યાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો.
- આ અગાઉ આ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના એ.બી.ડીવિલિયર્સના નામે હતો.
- આઇસીસ વનડે રેન્કિંગમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી બેટ્સમેનમાં નંબર-૧ પોઝિશન પર યથાવત છે.

**(૫) સોટેવિલ એથ્લેટિક્સમાં ભારતીય ભાલા ફેંક એથ્લીટ નીરજે ગોલ્ડ જીત્યો :**

- ભારતીય ભાલા ફેંક સ્ટાર નીરજ ચોપરાએ ફ્રાન્સમાં આયોજિત સોટેવિલ એથ્લેટિક્સમાં ગોલ્ડ જીત્યો છે.
- તેણે ૨૦૧૨ લંડન ઓલિમ્પિક્સના ગોલ્ડ મેડાલિસ્ટ કેશોર્ન વોલકોટને પણ પાછળ રાખ્યો છે.
- નીરજે ૮૫.૧૭ મીટર દૂર ભાલો ફેંકીને ગોલ્ડ જીત્યો હતો
- મોલ્ડોવોને એનડ્રીયન મારદારે ૮૧.૪૮ ભાલો ફેંકી સિલ્વર અને લુથુઆનિયાના એડિસ મેટુસેવિસિઅસ ૭૯.૩૧ મી દૂર ફેંકીને બ્રોન્જ જીત્યો હતો.
- નીરજનો શ્રેષ્ઠ રેકોર્ડ ૮૭.૪૩ મી નો છે, જે તેણે આઇએએફ ડાયમંડ લીગમાં બનાવ્યો હતો.

**(૬) ભારતીય વાયુસેના પ્રથમ વખત પિચ બ્લૈક યુધ્ધ અભ્યાસમાં ભાગ લેશે.**

- ભારતીય વાયુસેના પ્રથમ વખત ઓસ્ટ્રેલીયા ખાતે આયોજીત
  આંતરરાષ્ટ્રીય 'પિચ બ્લૈક' યુધ્ધ અભ્યાસમાં ભાગ લેશે.
- 'પિચ બ્લૈક' યુધ્ધ અભ્યાસ ૨૪ જુલાઇ થી ૧૮ ઓગસ્ટ સુધી યોજાશે.
- 'પિચ બ્લૈક' યુધ્ધ અભ્યાસની યજમાની રોયલ ઓસ્ટ્રેલીયા વાયુસેના દ્વારા કરવામાં આવે છે. જેમાં ૧૦૦ થી વધુ વિમાનો સાથે આઠ દેશો ભાગ લેશે.
- ઓસ્ટ્રેલીયા રાજધાની – કેનબરા, પ્રધાનમંત્રી : મૌલ્કમ ટર્નબુલ

**(૭) ભારતમાં ૧૦ સ્વદેશી પરમાણુ ઉર્જા રિએક્ટર બનશે :**

- કેન્દ્ર સરકારે દેશભરમાં દસ સ્વદેશી પરમાણુ ઉર્જા રીએક્ટર બનાવવા માટે મંજૂરી આપી.
- સ્વદેશી ટેકનોલોજીથી નિર્મીત આ રીએક્ટરનું ભારતીય પરમાણુ ઉર્જા નિગમ લિમિટેડ (NPCIL) તેનું સંચાલન કરશે.
- પરમાણુ ઉર્જા રીએક્ટરથી ૨૦૩૧ સુધીમાં ભારતની કુલ પરમાણુ ઉર્જા ક્ષમતા ૨૨૪૮૦ મેગાવૉટ થશે.
- ચુટકા (મધ્યપ્રદેશ), કૈગા (કર્ણાટક), માહી બાંસવાડા (રાજસ્થાન), ગોરખપુર (હરિયાણા) જેવા સ્થળે સ્વદેશી પરમાણુ ઉર્જા રીએક્ટર બનશે.

પ્રશ્નો :

૧ કવિ 'નીરજ' તરીકે જાણીતા ગોપાલ દાસનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો ?
- ઉત્તર પ્રદેશ

૨ કવિ ગોપાલ દાસને યુપી સરકારે કયાં એવોર્ડથી સન્માનીત કર્યા હતા ?
- યશભારતી

૩ ૨૦૨૨માં યોજાનારી વિન્ટર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કયાં થશે ?
- બેઇજિંગ

૪ ૨૦૨૨માં યોજાનારી વિન્ટર ઓલિમ્પિક ગેમ્સમાં કેટલા નવા મેડલ ઉમેરો કરાયો છે ?
- ૭

૫ ઓલિમ્પિક સમિતીના ડીરેક્ટર જણાવો ?
- કિટ મેક્કોનેલ

૬ ગુજરાતી મૂળની પૂજા જોશીની અમેરિકી અવકાશ સંસ્થા નાસામાં કયાં પદ માટે નિમણૂંક થઇ ?
- ફ્લાઇટ ડીરેક્ટર તરીકે

૭ નાસાએ પ્રથમ ફ્લાઇટ ડિરેક્ટર તરીકે કોની નિમણૂંક કરી હતી ?
- ક્રિસ્ટ્રોફર ક્રાફ્ટની (૧૯૫૮)

૮ વન-ડે મેચમાં કેપ્ટન તરીકે સૌથી ઝડપી ૩૦૦૦ રન પુરા કરનાર ખેલાડીનું નામ જણાવો ?
- વિરાટ કોહલી

૯ આઇસીસી વન-ડે રેન્કિંગ પ્રથમ સ્થાને કયો ખેલાડી ?
- વિરાટ કોહલી

૧૦ સોટેવિલ એથ્લેટિક્સનું આયોજન કયાં દેશમાં થયું હતું ?
- ફ્રાન્સ

૧૧ સોટેવિલ એથ્લેટિક્સમાં કયા ભારતીય ભાલા ફેંક સ્ટારે ગોલ્ડ જીત્યો ?
- નીરજ ચોપરાએ

૧૨ 'પીચ બ્લૈક' યુધ્ધ અભ્યાસની યજમાની કોના દ્વારા કરવામાં આવે છે ?
- રોયલ ઓસ્ટ્રેલીયા વાયુસેના દ્વારા

૧૩ ઓસ્ટ્રેલીયાની રાજધાની જણાવો ?
- કેનબરા

## 21.July 2018

**(૧) ૫ નવોદિત કવિઓને દર વર્ષે નીરજ એવોર્ડ :**

- પ્રખ્યાત કવિ ગોપાલદાસ નીરજની યાદમાં દર વર્ષે પાંચ નવોદિત કવીઓને એક – એક લાખ રૂપિયાનો એવોર્ડ અપાશે.

Vivekanand Academy Gandhinagar

- આ અંગેની જાહેરાત યૂપીના સીએમ યોગી આદિત્યનાથે કરી.
- નીરજને ૧૯૯૧માં પદ્મશ્રી અને ૨૦૦૭માં પદ્મભૂષણથી સન્માનીત કરાયા હતા.
- ગીતકાર અને કવિ ગોપાલ દાસ ૧૯ જુલાઇ ૨૦૧૮ના રોજ નિધન થયું.

**(૨) ફખર ઝમાન વનડેમાં બેવડી સદી ફટકારનારો પ્રથમ પાકિસ્તાની બન્યો.**

- ફખર ઝમાન વન–ડે ક્રિકેટમાં બેવડી સદી ફટકારનારો પાકિસ્તાનનો પ્રથમ અને દુનિયાનો છઠ્ઠો બેટ્સમેન બની ગયો છે.
- તેણે ઝિમ્બાબ્વે સાથે ૨૧૦ રનની અણનમ ઇનિંગ્સ રમી હતી.
- પાકિસ્તાને વન–ડેનો પોતાનો સર્વોચ્ચ સ્કોર ૩૯૯/૧ બનાવ્યો હતો.
- વન–ડે માં કોઇપણ જોડીની આ ચોથી ત્રેવડી સદી છે.
- પાક.ના ઓપાનિંગ બેટ્સમેન ફખર ઝમાન (૨૧૦) અને ઇમામ –ઉલ–હક (૧૧૩) ની જોડીએ ૩૦૪ રન કરી વન ડે ભાગીદારીનો ઓલટાઇમ રેકોર્ડ તોડી નાખ્યો છે.
- આ સાથે તેમણે ૨૦૦૬માં વનડેમાં પ્રથમ વિકેટ માટે શ્રીલંકાના થરંગા અને જયસુર્યાની જોડી (૨૮૪) રનનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો.

**(૩) જૂનિયર એશિયન કુસ્તી ચેમ્પિયનશીપમાં દિવ્યા કાકરને સિલ્વર :**

- ઘર આંગણે શરૂ થયેલી જૂનિયર એશિયન કુસ્તી ચેમ્પિયનશીપમાં દિવ્યા કાકરને ૬૮ કિ.ગ્રા. વજન વર્ગની ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- એક વર્ષ અગાઉ જ્યારે નવી દિલ્હીમાં સિનિયર એશિયન ચેમ્પિયનશીપ યોજાઇ હતી, તેમાં પણ દિવ્યાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- મહિલાઓની ફ્રિ સ્ટાઇલ રેસલિંગ ઇવેન્ટમાં ભારતની રીના અને કરૂણાએ બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.
- ઉત્તર પ્રદેશની ૨૦ વર્ષીય કુસ્તીબાજ હવે ઇન્ડોનેશિયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે જશે.

**(૪) આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- મ્યાનમાર ૧૯ જુલાઇ ૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો સદસ્ય બન્યો.
- ભારત દ્વારા શરૂ કરવામાં આવેલ પહેલ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (આઇએએસ) નો તે ૬૮મો સદસ્ય બન્યો.
- દિલ્લી ખાતે દ્વિપક્ષી બેઠકમાં મ્યાનમારના વિદેશમંત્રી ક્યાવતિન અને ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ વચ્ચે આઇએઆઇ ફ્રેમવર્ક પર હસ્તાક્ષર કર્યા.
- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન કર્ક અને મકર રેખા વચ્ચેના રાષ્ટ્રોનું એક સંગઠન છે.
- આઇએસઇની સ્થાપના ૩૦ નવેમ્બર ૨૦૧૫ના રોજ સંયુક્ત રાષ્ટ્ર જલવાયુ સંમેલન દરમિયાન કોપ–૨૧ માં ભારત અને ફ્રાન્સ કરવામાં આવી હતી.
- સદસ્ય દેશો : ૬૮
- મુખ્યાલય : ગુરૂગ્રામ, હરિયાણા
- મ્યાનમાર રાજધાની : નૈપ્યીદા
- પ્રધાનમંત્રી – યુ વિન મિંટ

**(૫) યહૂદી રાષ્ટ્ર – ઇઝરાયલ**

- ઇઝરાયલ સંસદ દ્વરા દેશને યહૂદીઓના રાષ્ટ્ર તરીકે પરિભાષિત કર્યું.
- આ અંગેની જાહેરાત ૧૯ જુલાઇના રોજ કરવામાં આવી.
- ઇઝરાયલ સંસદના ૬૨ પૈકી ૫૫ લોકોએ આ પક્ષમાં મતદાન કર્યું હતું.
- સંસદ દ્વારા હિબ્રુને રાષ્ટ્રીય ભાષા ઘોષિત કરવામાં આવી. સાથે જ અરબી ભાષાને એક વિશેષ ભાષાનો દરજ્જો આપ્યો.
- આ કાયદા અંતર્ગત ઝેરુશલેમને દેશની રાજધાની ઘોષિત કરવામાં આવી.
- ઈઝરાયલ રાજધાની : ઝેરુશલેમ
- પ્રધાનમંત્રી : બેંજામીન નેતન્યાહૂ

**(૬) આંતરરાષ્ટ્રીય સેના ખેલ – ૨૦૧૮**

- આંતરરાષ્ટ્રીય સેના ખેલ –૨૦૧૮નું આયોજન મોસ્કો ખાતે ૨૮ જુલાઇ થી ૧૧ ઓગસ્ટ દરમ્યાન થશે.
- આ ઇવેન્ટમાં ભાગ લેવા માટે ભારતીય સેનાની ટીમ મોસ્કો પહોચી.
- સેના ખેલ ૨૦૧૮નું આયોજન ૭ દેશોમાં આયોજીત થશે.
- આર્મેનિયા, અજરબૈજાન, બેલારૂસ, ચીન, ઇરાન, રૂસ, કઝાખસ્તાન

પ્રશ્નો :

૧ વનડે ક્રિકેટમાં બેવડી સદી ફટકારનારો પાકિસ્તાનનો પ્રથમ ખેલાડી ?
- ફખર ઝમાન

૨ પાકિસ્તાન ક્રિકેટ ટીમનો વનડેનો સર્વોચ્ચ સ્કોર ૩૯૯/૧ કઈ ટીમ વિરૂદ્ધ બનાવ્યો ?
- ઝિમ્બાબ્વે

૩ જુનિયર એશિયન કુસ્તી ચેમ્પિયનશીપ ૨૦૧૮માં દિવ્યા કાકરને ૬૮ કિ.ગ્રા વજન વર્ગની ઇવેન્ટમાં કયો મેડલ જીત્યો ?
- સિલ્વર મેડલ

૪ મ્યાનમાર આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (આઇએસઇ) નો કેટલામો સદસ્ય બન્યો ?
- ૬૮

૫ મ્યાનમારના વિદેશમંત્રીનું નામ જણાવો?
- ક્યાવ તિન

૬ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું મુખ્યાલય જણાવો ?
- ગુરુગ્રામ, હરિયાણા

૭ ઇઝરાયલ સંસદ દ્વારા ઇઝરાયલને કયાં રાષ્ટ્ર તરીકે પરિભાષિત કર્યુ ?
- યહૂદીઓના રાષ્ટ્ર

૮ ઇઝરાયલની રાષ્ટ્રીય ભાષા જણાવો ?

Vivekanand Academy Gandhinagar

– હિબ્રુ

૯ ઇઝરાયલની રાજધાની જણાવો ?

– ઝેરુશલેમ

૧૦ આંતરરાષ્ટ્રીય સેના ખેલ ૨૦૧૮નું આયોજન ક્યાં થશે ?

– મોસ્કો ખાતે

## 22.July 2018

**(૧) વિદ્યાર્થી પોલીસ કેડેટ કાર્યક્રમનો પ્રારંભ :**

– કેન્દ્ર ગૃહમંત્રી રાજધાનસિંહે ૨૧ જુલાઇ ૨૦૧૮ના રોજ વિદ્યાર્થી પોલીસ કેડેટ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો.

– ગુરુગ્રામ ખાતે દેશભરમાં વિદ્યાર્થી પોલીસ કેડેટ કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો.

– આ કાર્યક્રમ તમામ શહેરો અને ગ્રામીણ વિસ્તારોની સરકારી શાળામાં એક વર્ષ સુધી પાઇલટ પ્રોજેક્ટ તરીકે ચાલુ રહેશે.

– તેમાં દરેક શાળાને ૫૦ હજાર રૂપિયા તાલીમ, સહાય, આકસ્મિક ખર્ચ માટે મળશે.

**(૨) તીરંદાજી : ભારતની મહિલા કમ્પાઉન્ડ ટીમે સિલ્વર, મિક્સ્ડ ટીમે બ્રોન્ઝ જીત્યો :**

– જર્મનીના બર્લિન ખાતે યોજાયેલ તીરંદાજી વર્લ્ડ કપમાં ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમ તીરંદાજી વર્લ્ડ કપના સ્ટેજ-૪ ની ફાઇનલમાં ફ્રાન્સ સામે માત્ર ૧ પોઇન્ટથી હારી ગઇ. તેને સિલ્વર થી સંતોષ માનવો પડ્યો.

– મિક્સ્ડ કમ્પાઉન્ડ ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

– ભારતીય મહિલા ટીમમાં મુસ્કાન કીરાર, જ્યોતિ સુરખા અને ત્રિશા દેવેની ત્રિપુટીને ફ્રાન્સ સામે ૨૨૮–૨૨૯ પોઇન્ટથી હારનો સામનો કરવો પડ્યો હતો.

– અભિષેક વર્મા અને જ્યોતિ સુરેખાની મિક્સ્ડ ટીમે તુર્કીની ટીમ સામે ૧૫૬–૧૫૩ પોઇન્ટથી હારીને બ્રોન્ઝ જીત્યો હતો.

– ભારતીય ત્રિપુટીએ ક્વાર્ટરમાં અમેરિકાને સેમિફાઇનલમાં તુર્કીને હરાવ્યું હતું.

– જર્મની રાજધાની : બર્લિન

**(૩) દેશની આન–બાન શાનનું પ્રતીક ત્રિરંગો : રાષ્ટ્રીય ધ્વજ :**

– ૨૨ મી જુલાઇ, ૧૯૪૭ના દિવસે બંધારણ સભા દ્વારા વર્તમાન ત્રિરંગાના આકાર અને પ્રકાર નિશ્ચિત કરવામાં આવ્યા હતા.

– દેશ આઝાદ થયા બાદ બંધારણ સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ ૨૨ જુલાઇ, ૧૯૪૭માં વર્તમાન ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ તરીકે જાહેર કર્યો હતો.

– જેમાં ત્રણ રંગ હતા. ઉપર કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો. સફેદ રંગના પટ્ટામાં બ્લૂ રંગથી બનેલું અશોકચક્ર છે, જેમાં ૨૪ રેખા હતી જે ધર્મ અને કાયદાનું પ્રતિનિધિત્વ કરતી હતી.

– રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાનું સ્વરૂપ આજે પણ મોજુંદ છે.

– ગાંધીજીએ સૌથી પહેલાં ૧૯૨૧માં કોંગ્રેસને પોતાના ધ્વજની વાત કહી હતી.

– આ ધ્વજને પિંગલી વૈંકેયાએ ડિઝાઇન કર્યો હતો. આમાં બે રંગ હતા, લાલ રંગ હિંદુઓ માટે અને લીલો રંગ મુસ્લિમો માટે. વચ્ચે અશોક ચક્ર હતું ત્યાર પછી તેમાં અન્ય ધર્મો માટે સફેદ રંગ જોડવામાં આવ્યો હતો.

– સ્વતંત્રતા મળ્યાના થોડા દિવસ પહેલાં બંધારણ સભાએ રાષ્ટ્રધ્વજને સંશોધિત કર્યું. આમાં ચરખાની જગ્યા અશોક ચક્ર લીધી.

– આ નવા ધ્વજની દેશના બીજા રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણને ફરીથી વ્યાખ્યા કરી.

– ૨૧ ફૂટ બાય ૧૪ ફૂટ ધ્વજ પૂરાં દેશમાં માત્ર ત્રણ કિલ્લા ઉપર લહેરાવવામાં આવે છે.

– મધ્યપ્રદેશનો ગ્વાલિયર જિલ્લા ખાતે આવેલો એક કિલ્લો તેમાંનો એક છે. આ ઉપરાંત કર્ણાટકના નારપુંડ કિલ્લો અને મહારાષ્ટના પનહાલા કિલ્લા પર પણ સૌથી લાંબો ધ્વજ લહેરાવવામાં આવે છે.

**(૪) ૨૮ મી જીએસટી કાઉન્સીલ બેઠક**

– દિલ્લી ખાતે આવેલ વિજ્ઞાન ભવન ખાતે નાણાં મંત્રી પિયુષ ગોયલની અધ્યક્ષતામાં ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી) કાઉન્સીલની ૨૮ મી બેઠક યોજાઇ હતી.

– જીએસટી કાઉન્સિલે સામાન્ય લોકો અને ઇન્ડસ્ટ્રીને મોટી રાહત આપી છે. અંદાજે ૮૮ વસ્તુઓ પર ટેક્સ રેટ ઘટાડ્યો અથવા ખતમ કરી દીધો છે. આ બધી જ વસ્તુઓ હવે સસ્તી થશે.

– સેનેટરી નેપકીન પરનો ૧૨ ટકા અને ધાતુ વિનાની રાખડીનો ટેક્સ ખતમ કરી દેવાયો છે.

– ફ્રિજ, વોશિંગ મશીન, કોસ્મેટિક્સ અને પેઇન્ટ– વોર્નિશ જેવી વસ્તુઓ પર જીએસટી રેટ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયો છે.

– કાઉન્સિલે જીએસટી એક્ટમાં ૪૬ સુધારાને મંજૂરી આપી છે. તે સંસદમાં પાસ કરાવવી પડશે. નવા દર ૨૭ જુલાઇથી લાગુ થશે.

– જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ ‘ એક દેશ એક કર’ છે.

– ૧ જુલાઇ ૨૦૧૭ થી જીએસટી દેશભરમાં લાગુ કરવામાં આવ્યું હતું.

– ૧ જુલાઇના દિવસ ને જીએસટી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

– ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી) કાઉન્સિલમાં કેન્દ્રિય નાણાંમંત્રી, અને દેશના તમામ રાજ્યના નાણાંમંત્રીઓ સભ્ય હોય છે.

**(૫) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકા માટે આપાત્કાલીન એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું :**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્લીથી વિડીયો કોન્ફરસના માધ્યમથી શ્રીલંકા માટે દેશવ્યાપી આપાત્કાલીન એમ્બ્યુલન્સ સેવાનું લોકાર્પણ કર્યું.

– આ સેવા શ્રીલંકાના બે પ્રાંતોમાં ભારત સરકારના અનુદાન દ્વારા શરૂ કરવામાં આવી.

Vivekanand Academy Gandhinagar

- આ સેવા માટે ૧૫.૦૨ મિલિયન ડોલરનું ફંડ આપ્યું છે.
- શ્રીલંકા રાજધાની – શ્રી જયવર્ધનપૂરા (કોટ્ટે)
- રાષ્ટ્રપતિ – મિથીરિપાલા શ્રી સેના

**(૬) ૮ મી BRICS સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક – ડરબન :**

- દક્ષિણ આફ્રિકાના ડરબન ખાતે ૮મી બ્રિક્સ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકનું આયોજન થયું.
- આ બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કેન્દ્રિય સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી. નડ્ડાએ કર્યું હતું.
- બ્રિક્સની સ્થાપના વર્ષ ૨૦૧૦ના જૂન મહિનામાં થઇ હતી.
- સદસ્ય દેશો – બ્રાઝિલ, રૂસ, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા
- મુખ્યાલય : ગુરૂગ્રામ, હરિયાણા
- દક્ષિણ આફ્રિકા રાજધાની – પ્રીટોરિયા
- રાષ્ટ્રપતિ : સાયરીલ રમાપોસા

પ્રશ્નો :

૧ વિદ્યાર્થી પોલીસ કેડેટ કાર્યક્રમનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો ?
- રાજનાથ સિંહ

૨ તીરંદાજી વર્લ્ડ કપ ૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- જર્મનીના બર્લિન ખાતે

૩ તીરંદાજી વર્લ્ડ કપમાં ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમ તીરંદાજી વર્લ્ડ કપના સ્ટેજ–૪ ની ફાઇનલમાં કયો મેડલ જીત્યો ?
- સિલ્વર

૪ દેશ આઝાદ થયા બાદ બંધારણ સભામાં કોના દ્વારા વર્તમાન ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ તરીકે જાહરે કરાયો હતો ? ક્યારે ?
- પંડિત જવાહરલાલ નહેરૂ, ૨૨ જુલાઇ ૧૯૪૭માં

**(૫) ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ કાઉન્સિલની ૨૮ મી બેઠકનું આયોજન ક્યાં થયું હતું ?**
- દિલ્લી ખાતે આવેલ વિજ્ઞાન ભવન ખાતે

૬ ગુડ્સ એન્ડ સર્વીસીઝ ટેક્સ કાઉન્સિલની ૨૮ મી બેઠકનું આયોજન કોની અધ્યક્ષતામાં થયું હતું ?
- નાણાંમંત્રી પિયુષ ગોયલની

૭ ૧ જુલાઇના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે ?
- જીએસટી દિવસ

૮ ૮ મી બ્રીક્સ સ્વાસ્થય મંત્રીઓની બેઠકનું આયોજન કયાં થયું હતું ?
- દક્ષિણ આફ્રિકાના ડરબન ખાતે

૯ ૮ મી BRICS સ્વાસ્થય મંત્રીઓની બેઠકમાં ભારતનું નેતૃત્વ કોણે કર્યું હતું ?
- કેન્દ્રિય સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી. નડ્ડાએ

૧૦ BRICS ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- વર્ષ ૨૦૧૦માં

૧૧ BRICS નું મુખ્યાલય કયાં આવેલ છે ?
- ગુરૂગ્રામ, હરિયાણા

## 23.July 2018

**(૧) ટોકિયો – ૨૦૨૦ ઓલિમ્પિક, પેરાલિમ્પિક રમતોત્સવ માટેના મેસ્કોટ લોન્ચ :**

- ટોકિયોમાં આયોજિત એક સમારોહમાં ૨૦૨૦ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોત્સવ માટેનાં મેસ્કોટ લોન્ચ કરવામાં આવ્યા
- ટોકિયોના ગવર્નર યુરિકોછ કોઇકેની સાથે આયોજન સમિતિના અધ્યક્ષ યોશિરોની હાજરીમાં 'મિરાઇટોવા' અને 'સોમેતી' નામના બે મેસ્કોટ લોન્ચ કરાયા હતા.
- ટોકિયોમાં ૨૫ જુલાઇ થી ૯ ઓગસ્ટ ૨૦૨૦ સુધી ઓલિમ્પિક અને ૨૫ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી પેરાલિમ્પિક રમતોત્સવનું આયોજન કરાયું છે.
- મિરાઇટોવા : વાદળી રંગનો આ મેસ્કો ઓલિમ્પિક રમતોત્સવ માટેનો છે. ભવિષ્ય અને અનંત કાળ માટે ઉપયોગમાં લેવાતા જાપાની શબ્દોનું સંયોજન છે. 'મિરાઇટોવા'
- સોમેતી : ગુલાબી રંગનો આ મેસ્કોટ પેરાલિમ્પિક રમતોત્સવ માટેનો છે. તેનો જાપાની ભાષામાં અર્થ માનસિક અને શારીરિક શક્તિ છે.
- આ મેસ્કોટ એવા એથલીટોનું પ્રતિનિધિત્વ કરશે જેમણે જીવનની મુશ્કેલીઓ અને અડચણો સામે સંઘર્ષ કર્યો છે.

**(૨) ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન– વાર્ષિક એવોર્ડ**

- ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા વાર્ષિક એવોર્ડ વિજેતાની જાહેરાત કરાઇ.
- ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનની દિલ્લી ખાતે યોજાયેલ બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

| ખેલાડી | એવોર્ડ |
|---|---|
| પ્લેયર ઓફ ધ યર (પુરૂષ) | સુનિલ છેત્રી |
| પ્લેયર ઓફ ધ યર (મહિલા) | કમલા દેવી |
| ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ યર (પુરૂષ) | અનિરુદ્ધ થાપા |
| સર્વશ્રેષ્ઠ રેફરી | ઇ.પાંથોઇ |
| સર્વશ્રેષ્ઠ આસિસ્ટન્ટ રેફરી | સુમન્થા દત્તા |
| સર્વશ્રેષ્ઠ ગ્રાસરૂટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ | કેરળ ફૂટબોલ ક્લબ |

- ઓલ ઇન્ડિયા – ફૂટબોલ ફેડરેશન પ્રમુખ – પ્રફુલ પટેલ
- મુખ્યાલય : દ્વારકા (દિલ્લી)

**(૩) એશિયા જૂનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપ :**

- ભારતના લક્ષ્યસેન એશિયા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.
- લક્ષ્ય ૫૩ વર્ષ બાદ પુરૂષ સિંગલ્સ ટાઇટલ જીતનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.
- ૧૬ વર્ષ નો લક્ષ્ય ટૂર્નામેન્ટમાં ગોલ્ડ જીતનારો ત્રીજો ભારતીય છે.

- આ અગાઉ ૧૯૫૬માં ગૌતમ ઠક્કર પુરૂષ સિંગલ્સ અને ૨૦૧૨માં પી.વી. સિંધુ મહિલા સિંગલ્સમાં ચેમ્પિયન બની હતી.
- વર્લ્ડ નંબર વન લક્ષ્યે ૨૦૧૬માં આ ટૂર્નામેન્ટમાં બ્રોન્ઝ જીત્યો હતો.
- તે આ ટૂર્નામેન્ટમાં બે મેડલ જીતનારો ત્રીજો ભારતીય ખેલાડી છે. પી.વી. સિંધુએ ૨૦૧૨માં ગોલ્ડ, ૨૦૧૧માં બ્રોન્ઝ જીત્યો હતો.
- સમીર વર્માએ ૨૦૧૧માં સિલ્વર અને ૨૦૧૨માં બ્રોન્ઝ જીત્યો હતો.

**(૪) મેઘાલય યુગ– પૃથ્વીના ઇતિહાસમાં નવો યુગ :**

- ભુ– વૈજ્ઞાનિકોએ ૪૨૦૦ વર્ષ પહેલા શરૂ થયેલ પૃથ્વીના ઇતિહાસને 'મેઘાલય યુગ' નામ આપ્યું.
- વર્તમાન યુગ હોલોસીન યુગ (૧૧૭૦૦ વર્ષ પૂર્વ શરૂ) જેનો સૌથી યુવા 'મેઘાલય યુગ' ૪૨૦૦ વર્ષ પહેલાથી ૧૯૫૦ સુધી માનવામાં આવે છે.
- ઇન્ટરનેશનલ કમિશન ઓફ સ્ટ્રેટીગ્રફી (ICS) દ્વારા મેઘાલયની એક ગુફાનજી છત પર જમા થયેલ ચુનાના નામ પરથી આ યુગનું નામ રાખવામાં આવ્યું છે.
- મેઘાલય રાજધાની – શિલોંગ
- મુખ્યમંત્રી – સી સંગમા
- રાજ્યપાલ – ગંગાપ્રસાદ

પ્રશ્નો :

૧ ૨૦૨૦ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોત્સવ માટેનાં મેસ્કોટ લોન્ચ કરવાનો સમારોહ ક્યાં યોજાયો હતો ?
- ટોકિયો

૨ 'મિરાઇટોવા' અને 'સોમેતી' શું છે ?
- ૨૦૨૦ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોત્સવ માટેના મેસ્કોટ

૩ ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા જાહેર કરવામાં આવેલ વાર્ષિક એવોર્ડ સુનિલ છેત્રીને કયો એવોર્ડ મળ્યો ?
- પ્લેયર ઓફ ધ ય ર (પુરૂષ)

૪ ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનનું મુખ્યાલય ક્યાં આવેલ છે ?
- દ્વારકા

૫ જૂનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પુરૂષ સિંગલ્સ ટાઇટલ જીતનારો પ્રથમ ભારતીય ખેલાડી જણાવો ?
- ગૌતમ ઠક્કર (૧૯૫૬)

૧૬ ભુ– વૈજ્ઞાનિકોએ ૪૨૦૦ વર્ષ પહેલા શરૂ થયેલ પૃથ્વીના ઇતિહાસને ક્યું નામ આપ્યું ?
- 'મેઘાલય યુગ'

## 24.July 2018

**(૧) દિપીકા પદુકોણ – મેડમ તુસાદ મ્યુઝિયમ :**

- બોલીવુડ અભિનેત્રી દિપીકા પદુકોણ ની સફળતા બદલ મેડમ તુસાદ મ્યુઝિયમ લંડન ખાતે તેમની મીણની પ્રતિમા મૂકવામાં આવશે.
- રાજધાની દિલ્લી ખાતેના મેડમ તુસાદ મ્યુઝિયમમાં પણ દિપીકાની મીણ પ્રતિમા મૂકવામાં આવશે.
- આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન, રણવીર કપૂર, વિરાટ કોહલી, સલમાન ખાત જેવી હસ્તીઓની પ્રતિમા મૂકવામાં આવી છે.
- મેડમ તુષાદ મ્યુઝિયમ લંડનનું મીણની મૂર્તિઓ વાળું એક વિશાળ સંગ્રહાલય છે. જેની સ્થાપના મીણ શિલ્પકાર મેરી તુષાદે વર્ષ ૧૮૩૫માં કરી હતી.
- આ મ્યુઝિયમની દુનિયાના ઘણા મોટા શહેરોમાં શાખાઓ આવેલી છે.

**(૨) વડાપ્રધાન મોદીનો રવાન્ડા પ્રવાસ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩ જુલાઇના રોજ પોતાના વિદેશ પ્રવાસ પર ગયા.
- તે સૌથી પહેલાં રવાન્ડા પહોંચ્યા. મોદી રવાન્ડા જનારા પહેલા ભારતીય વડાપ્રધાન છે.
- ત્યારબાદ તે યુગાન્ડા જશે અને ત્યાંથી દક્ષિણ આફ્રિકા પહોંચશે.
- વડાપ્રધાન દક્ષિણ આફ્રિકા ખાતે જોહનિસબર્ગમાં યોજાનારા ૧૦ મા બ્રિક્સ સંમેલનમાં ભાગ લેશે.
- પીએમ મોદી રવાન્ડા 'ગિરિનકા' કાર્યક્રમમાં પણ ભાગ લેશે. અહીં તે ૨૦૦ ખેડૂતોને ગાય ભેટ આપશે.
- તે કાગામે દ્વારા શરૂ કરાયેલી રાષ્ટ્રીય સોશિયલ પ્રોટેક્શન સ્કીમ છે. તેના હેઠળ દરેક પરિવાર પાસે એક ગાય હોવી જરૂરી છે. સરકાર આ આશયથી દરેક પરિવારને એક ગાય આપી રહી છે.
- રવાન્ડા રાજધાની – કિગાલી, વડાપ્રધાન – પોલ કાગામે
- યુગાન્ડા રાજધાની – વડાપ્રધાન – યોવેરી મુસેવની
- દક્ષિણ આફ્રિકા રાજધાની – પ્રિટોરિયા, રાષ્ટ્રપતિ, સાયરીલ રમાપોસા

**(૩) સુશાસનમાં ટોપ– ૫ રાજ્યમાં ગુજરાત ૫ માં ક્રમે :**

- તાજેતરમાં પબ્લિક અફેર્સ સેન્ટર (પીએસી) દ્વારા સુશાસિત રાજ્યોની યાદી જાહેર કરવામાં આવી.
- ઇન્ડેક્સ દેશમાં સૌથી સારી રીતે શાસિત રાજ્યોની યાદીમાં ગુજરાત પાંચમાં ક્રમે છે.
- યાદીમાં કેરળ સતત ત્રીજા વર્ષે ટોપ પર રહ્યું છે. તમિલનાડુ બીજા, તેલંગાણા ત્રીજા અને કર્ણાટક ચોથા સ્થાને છે.
- થિન્ક ટેન્ક પબ્લિક અફેર્સ સેન્ટર (પીએસી) ના ઇન્ડેક્સમાં બિહાર સૌથી પાછળ છે જ્યારે બાળકો માટે સારી સ્થિતિ બાબતે કેરળ, હિમાચલ અને મિઝોરમ ટોપ પર છે.
- ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોના પ્રદર્શનનું આકલન કરાય છે. બેંગલુરૂ સ્થિત પીએસી ઇન્ડેક્સ મુજબ 'મધ્યપ્રદેશ, ઝારખંડ તથા બિહાર સૌથી નિમ્ન સ્થાને છે.

- ઇન્ડેક્સ તૈયાર કરવા રાજ્યોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માનવ વિકાસને સમર્થન, સામાજિક સુરક્ષા કાયદો– વ્યવસ્થા, મહિલાઓ– બાળકોની સ્થિતિનું આકલન કરાય છે.
- પીએસીના ચેરમેન – કે કસ્તૂરંગન

પ્રશ્નો :

૧ દિપીકા પદુકોણનું કાર્યક્ષેત્ર જણાવો ?
- બોલીવુડ અભિનેત્રી

૨ મેડમ તુષાદ મ્યુઝિયમની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
- મીણ શિલ્પકાર મેરી તુષાદે (૧૮૩૫માં)

૩ રવાન્ડા જનારા પહેલા ભારતીય વડાપ્રધાન જણાવો ?
- નરેન્દ્ર મોદી

૪ ૧૦ મી બ્રિક્સ સંમેલનનું આયોજન ક્યાં થશે ?
- દક્ષિણ આફ્રિકા ખાતે જોહાનિસબર્ગ

૫ રવાન્ડ રાજધાની જણાવો ?
- કિગાલી

૬ તાજેતરમાં કઇ સંસ્થા દ્વારા સુશાસિત રાજ્યોની યાદી જાહેર કરવામાં આવી ?
- પબ્લિક અફેર્સ સેન્ટર (પીએસી)

૭ દેશમાં સૌથી સારી રીતે શાસિત રાજ્યોની યાદીમાં ગુજરાતનો ક્રમ જણાવો ?
- પાંચમો

૮ પબ્લિક અફેર્સ સેન્ટર (પીએસી) દ્વારા જાહેર કરવામાં સુશાસિત રાજ્યોની યાદી પ્રથમ સ્થાન ક્યાં રાજ્યનું છે ?
- કેરળ

## 25.July 2018

**(૧) ઝારખંડનો સૌથી વધુ ટેક્સ ભરનાર વ્યક્તિ– મહેન્દ્રસિંહ ધોની :**

- ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની ઝારખંડનો સૌથી વધુ ટેક્સ ભરનારો વ્યક્તિ બન્યો.
- ઝારખંડમાંથી નાણાકિય વર્ષ ૨૦૧૭–૧૮નો સૌથી વધુ ટેક્સ ભરનારો વ્યક્તિ બન્યો છે.
- તેણે નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૧૨.૧૭ કરોડનો ટેક્સ ભર્યો છે.
- ધોનીએ વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૦.૯૩ કરોડ ટેક્સ ભર્યો હતો, પરંતુ એ સમયે તે ઝારખંડનો સૌથી વધુ ટેક્સ ભરનારો વ્યક્તિ ન હતો.
- ઝારખંડ રાજધાની – રાંચી

**(૨) હોલસેલ બજાર વિશ્વ સંઘ સંમેલન – ગુરૂગ્રામ :**

- વિશ્વ સંઘના સંમેલનનું આયોજન હરિયાણાના ગુરૂગ્રામ ખાતે થશે.
- આ સંમેલન ભારતમાં પ્રથમ વખત યોજાશે.
- સંમેલનનું આયોજન ૧૦ થી ૧૨ ઓક્ટોબર દરમ્યાન હરિયાણા રાજ્ય કૃષિ માર્કેટીંગ બોર્ડ દ્વારા કરવામાં આવશે.

**(૩) દેશના ૧૭ સ્થળોને આઇકોન પર્યટન સ્થળ તરીકે વિકસીત કરવામાં આવશે.**

- પર્યટન મંત્રાલયે દેશભરના ૧૭ સ્થળોને આઇકોન પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવાનો નિર્ણય કર્યો.
- આઇકોન પર્યટન વિકાસ પરિયોજના અંતર્ગત દેશના ૧૭ સ્થળોનો વિકાસ કરવામાં આવશે.
- આ યોજના અંગેની જાહેરાત ૨૦૧૮–૧૯ ના બજેટ ભાષણ દરમ્યાન કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત ૧૭ પૈકી ગુજરાતના સોમનાથ અને ધોળાવીરાને આઇકોન પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવામાં આવશે.
- કેન્દ્રિય પર્યટન રાજ્યમંત્રી – કે.જે. અલ્ફોંસ

પ્રશ્નો :

૧. ઝારખંડના સૌથી વધુ ટેક્સ ભરનાર વ્યક્તિ જણાવો ?
- મહેન્દ્રસિંહ ધોની

૨ ધોનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં કેટલા કરોડનો ટેક્સ ભર્યો ?
- ૧૨.૧૭ કરોડ

૩ વિશ્વ સંઘના સંમેલનનું આયોજન ક્યાં થયું હતું ?
- હરિયાણાના ગુરૂગ્રામ ખાતે

૪ કેન્દ્રિય પર્યટન રાજ્યમંત્રી જણાવો ?
- કે.જે.અલ્ફોંસ

## 26.July 2018

**(૧) ગાંધી : ધ ઇયર્સ દેટ ચેંજ્ડ ધ વર્લ્ડ :**

- પ્રસિદ્ધ ઇતિહાસકાર અને બેસ્ટસેલિંગ બુકના લેખક, શ્રી રામચંદ્ર ગુહાએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન પર એક પુસ્તક લખ્યું છે.
- ગાંધીજીતના જીવન પર આધારિત આ પુસ્તકનું નામ ગાંધી : ધ ઇયર્સ દૈટ ચેંજ્ડ ધ વર્લ્ડ (૧૯૪૧–૧૯૪૮) છે.
- આ પુસ્તકમાં ગાંધીજીના જીવન સાથે સાથે સ્વતંત્રતા આંદોલન અને તેના ઘણા ઇતિહાસનું વર્ણન કરવામાં આવ્યું છે.
- રામચંદ્ર ગુહાને ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ અને સાહિત્ય અકાદમી પુરસ્કાર દ્વારા સન્માનીત કરવામાં આવ્યા છે.
- રામચંદ્ર ગુહના જાણીતા પુસ્તકો
  - ઇન્ડિયા આફ્ટર ગાંધી
  - ગાંધી બિફોર ઇન્ડિયા

**(૨) કર્ણાટક વિધાનસભામાં મીડિયા પર પ્રતિબંધ :**

- કર્ણાટક મુખ્યમંત્રી એચ.ડી કુમારસ્વામીએ ભવનમાં મીડિયા કર્મીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાના આદેશ આપ્યા.
- આ પ્રથમ વખત છે જેમાં કર્ણાટક રાજ્ય વિધાનસભામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- કર્ણાટક રાજધાની – બેંગ્લોર
- રાજ્યપાલ – વજુભાઇ વાળા

**(૩) કારગિલ વિજય દિવસ :**

Vivekanand Academy Gandhinagar

- કારગીર વિજય દિવસ સ્વતંત્ર ભારત માટે એક મહત્વપૂર્ણ દિવસ છે. તે દર વર્ષે ૨૬ મી જુલાઇએ ઉજવવામાં આવે છે.
- કારીગલ યુદ્ધ લગભગ ૬૦ દિવસ સુધી ચાલ્યું અને જુલાઇ ૨૬ ના રોજ પૂરું થયું. આમ ભારતની જીત કારગીલ યુદ્ધમાં શહીદ સૈનિકોના માનમાં આ દિવસ ઉજવવામાં આવે છે.
- ૧૯૭૧ની ભારત પાકિસ્તાન યુદ્ધ પછી ઘણા લશ્કરી સંઘર્ષો થયા હતા. બંને દેશો દ્વારા પરમાણુ પરિક્ષણને કારણે તણાવ વધ્યો હતો.
- પરિસ્થિતિને શાંત કરવા માટે, બંને દેશોએ ફ્રેબુઆરી ૧૯૯૯માં લાહોરમાં ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા. જેમાં મુદ્દો દ્વિપક્ષીય મંત્રણા દ્વારા શાંતિપૂર્ણ વચન આપવામાં આવ્યું હતું.
- પરંતુ પાકિસ્તાન, તેના સૈનિકો અને અર્ધલશ્કરી દળોને છૂપાવીને નિયંત્રણ રેખા તરફ મોકલવામાં આવ્યા હતા અને આ ઘૂસણખોરીનું નામ 'ઓપરેશન બદ્ર' હતું.
- તેનો મુખ્ય ઉદ્દેશ કાશ્મરી અને લદ્દાખ વચ્ચેનો સંબંધ તોડી નાખવાનો હતો અને સિયાચીન ગ્લેશિયરથી ભારતીય ભૂમિને દૂર કરવાનો હતો.
- પાકિસ્તાન પણ માને છે કે આ વિસ્તારમાં કોઇપણ પ્રકારની તણાવ કાશ્મીરને આંતરરાષ્ટ્રીય મુદ્દો જાહેર કરવામાં મદદ કરશે.

પ્રશ્નો :

૧ ગાંધી ' ધ ઇયર્સ દેટ ચેંજડ ધ વર્લ્ડ પુસ્તકના રચયિતા જણાવો ?
- શ્રી રામચંદ્ર ગુહા

૨ કર્ણાટકના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- એચ.ડી. કુમાર સ્વામી

૩ ૨૬ જુલાઇના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- કારગિલ વિજય દિવસ

૪ કારગિલ વિજય દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૬ જુલાઇ

## 27.July 2018

**(૧) થ્રી ઇડિયટ્સ ફેમ સોનમ વાંગચુક, ભરત વાટવાનીને મેગ્સેસ એવોર્ડ :**

- થ્રી ઇડિયટ્સ ફિલ્મ ફેમ સોનમ વાંગચુકને ચાલુ વર્ષના રેમન મેગ્સેસ એવોર્ડથી સન્માનિત કરાશે.
- ભરત વાટવાનીને માનસિક રૂપે બીમાર અને ગરીબ લોકોની મદદ કરવા અને તેમના પરિવારોથી મેળાપ કરાવવા માટે આ એવોર્ડ અપાશે.
- જ્યારે ૫૧ વર્ષીય વાંગચૂકે જમ્મુ કાશ્મીરના લદ્દાખમાં શિક્ષણ સંસ્કૃતિ અને પર્યાવરણની મદદથી સામુદાયિક પ્રગતિ માટે શ્રેષ્ઠ કામ કર્યું છે.
- અભિનેતા આમિર ખાને તેની ફિલ્મ 'થ્રી ઇડિયટ્સ' માં વાંગચૂકના જીવન પર આધારિત પાત્રની ભૂમિકા નિભાવી હતી.
- મેગ્સેસ એવૉર્ડ ફાઉન્ડેશને ગુરૂવારે એવોર્ડ વિજેતાઓનાં નામ જાહેર કર્યા હતા.
- ચાલુ વર્ષે કુલ છ લોકોને આ એવૉર્ડ ૩૧ ઓગસ્ટે મનીલામાં અપાશે.
- ચાર અન્ય લોકોમાં કમ્બોડિયામાં થયેલા નરસંહારમાં હેમખેમ પોતાનો જીવ બચાવનારા ચૂક ચાંગ, પૂર્વ તિમોરના મારિયા ડી લાઉર્ડેસ માર્ટિન્સ ક્રૂજ, ફિલિપાઇન્સના હોવાર્ડડી અને વિયેતનામના વો થી હોઆંગયેન રોમનું નામ સામેલ છે.
- આ એવોર્ડની શરૂઆત ૧૯૫૭માં ફિલિપાઇન્સના તત્કાલીન રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેના વિમાન દુર્ઘટનામાં થયેલા મોત બાદ તેમના નામે કરાઇ હતી.

**(૨) મિશન વિદ્યા – ૨૦૧૮ :**

- ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણમાં સુધારો લાવવા રાજ્યવ્યાપી 'મિશન વિદ્યા' શરૂ કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીનું પરિણામ વાંચન, લેખન અને ગણનમાં નબળું જાણવા મળેલ છે. તેથી સરકારએ રાજ્યવ્યાપી 'મિશન વિદ્યા' શરૂ કર્યું છે.
- મિશન વિદ્યાનો પ્રારંભ માન. મુખ્યમંત્રીશ્રી સરકારી પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહી કરાવ્યું.
- મિશન વિદ્યા હેઠળ ૨૬ જુલાઇથી ૩૧ ઓગસ્ટ ૨૦૧૮ સુધી સરકારી શાળાઓમાં ભણતા ધોરણ ૬ થી ૮ ના બાળકોને વિશેષ કોચિંગ આપવામાં આવશે.
- 'મિશન વિદ્યા' અંતર્ગત જરૂરી સાહિત્ય તેમજ જીએસઆરટી તેમજ એસ.એસ.એ. દ્વારા આપવામાં આવશે.
- 'મિશન વિદ્યા' અંતર્ગત શાળા સમય પહેલા એક કલાક તેમજ શાળા સમય દરમ્યાન વાંચન, લેખન અને ગણન કાર્ય કરવામાં આવશે.
- આનાથી બુનિયાદી પાયાનું શિક્ષણ મજબૂત થશે અને ગુજરાતનું ભવિષ્ય ઉજ્જવળ બનશે.

**(૩) વન મહોત્સવ–૬૯ :**

- રાજ્યના બધા જ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં તા. ૨૯/૭/૨૦૧૮ના રોજ એક સાથે ૮ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓ, ૨૪૧ તાલુકાઓ તથા ૪૫૦૦ ગામોમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.
- જન ભાગીદારીથી વન મહોત્સવની ઉજવણી રાજ્યમાં કુલ ૯.૭૭ કરોડ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.
- જળ સંચય અભિયાન અંતર્ગત નદીકાંઠાઓ ઉપર ૮૫૦થી વધુ સ્થળોએ ૪૦ લાખ રોપા વાવેતરની કામગીરી કરવામાં આવશે.
- ઓગસ્ટ માસ દરમિયાન જિલ્લાદીઠ એક કુલ 'વૃક્ષ રથ' ડોર ટુ ડોર રોપ વિતરણ કરવામાં આવશે.
- છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન વિસ્તાર બહારના વૃક્ષોમાં ૧૧,૦૦૦ હેક્ટરનો વધારો થયો છે.

Vivekanand Academy Gandhinagar

- વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યા વર્ષ ૨૦૦૪માં ૨૫.૧ કરોડથી વધી વર્ષ – ૨૦૧૮માં થઇ ૩૪.૩૫ કરોડ છે.
- છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન વિસ્તાર બહારના વૃક્ષોમાં ૧૧,૦૦૦ હેક્ટરનો વધારો થયો છે.
- વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યા વર્ષ ૨૦૦૪માં ૨૫.૧ કરોડથી વધી વર્ષ – ૨૦૧૮ થઈ ૩૪.૩૫ કરોડ છે.
- છેલ્લા બે વર્ષમાં રાજયના વનવિસ્તારમાં ૯૭૦૦ હેક્ટરનો વધારો થયો છે.
- દરિયાકિનારાના રક્ષક એવા ચેરના વનોમાં સતત વધારો ધરાવતું એકમાત્ર રાજ્ય ગુજરાત છે.
- વન મહોત્સવના લોકાર્પણ કાર્યની ઉજવણી કચ્છ–જિલ્લાના ભુજ તાલુકા ખાતે આવેલ રૂદ્ર માતા ડેમસાઇટ ખાતેથી

**(૪) ઇન્ટરનેશનલ પ્લેયર ઓફ ધ યર – વિરાટ કોહલી :**

- અંગ્રેજી ક્રિકેટ સમર્થકોના લોકપ્રિયા ‘બાર્મી આર્મી’ નામના એક ક્લબ દ્વારા ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને વર્ષ ૨૦૧૭–૧૮ માટે ઇન્ટરનેશનલ પ્લેયર ઓફ ધ યર પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યો.
- વર્ષ –૨૦૧૮, આ કોહલીએ બધા જ ફોર્મેટમાં કુલ ૧૯ મેચ રમી છે જેમાં ૬૫.૬૧ એવરેજથી ૧૧૮૧ રન બનાવ્યા છે. જેમાં ૪ સદી અને ૪ અર્ધસદીનો સમાવેશ થાય છે.

**(૫) મોબ લિંચિંગ :**

- કેન્દ્ર સરકારે ‘મોબ લિંચિંગ’ પર નિયંત્રણ કરવા માટે કેન્દ્રિય ગૃહ સચિવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી.
- ન્યાય વિભાગ, કાનુની મામલોના વિભાગ અને સામાજીક ન્યાય વિભાગના સચિવો આ સમિતિના સભ્યો બનાવવામાં આવશે.
- સામાન્ય રીતે કોઇ ન્યાયીક કાર્યવાહી વિના જ ટોળાં દ્વારા કોઇ વ્યક્તિની હત્યા કરવામાં આવે તે ઘટના ને ‘મોબ લિંચિંગ’ તરીકે ઓળખવામાં આવે છે.
- ‘મોબ લિંચિગ’ ઘટના ભારતીય બંધારણની વિરુધ્ધ છે.

પ્રશ્નો :

૧ સોનમ વાંગચુકને ચાલુ વર્ષે કયાં એવોર્ડથી સન્માનીત કરાશે ?
- રેમન મેગ્સેસ

૨ અભિનેતા આમિર ખાને કઇ ફિલ્મમાં વાંગચુકના જીવન પર આધારિત પાત્રની ભૂમિકા ભજવી હતી ?
- ‘થ્રી ઇડિયટ્સ’

૩ રેમન મેગ્સેસ એવોર્ડની શરૂઆત ક્યા વર્ષથી કરવામાં આવી હતી ?
- ૧૯૫૭માં

૪ મિશન વિદ્યાનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો ?
- માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

૫ વન મહોત્સવ –૨૦૧૮ નો ક્રમ જણાવો ?
- ૬૯

૬ તાજેતરમાં કયાં ભારતીય ક્રિકેટરને વર્ષ –૨૦૧૭–૨૦૧૮ માટે ઇન્ટરનેશનલ પ્લેયર ઓફ ધ યર પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યો ?
- વિરાટ કોહલી

૭ કેન્દ્ર સરકારે ‘મોબ લિંચિંગ’ પર નિયંત્રણ કરવા માટે કોની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી.
- કેન્દ્રિય ગૃહ સચિવની

## 28.July 2018

**(૧) વિશ્વ હેપેટાઇસીસ દિવસ :**

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા વિશ્વ ભરમાં ૨૮ જુલાઇના રોજ વિશ્વ હેપેટાઇસીસ દિવસ ઉજવવામાં આવે છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા જાહેર થયેલ આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનમાં એક હેપેટાઇટિસ છે.
- વિશ્વ હેપેટાઇસીસ ડે ૨૦૧૮ થીમ := Test. Treat. Hepatitis
- મુખ્યમથક – જીનીવા (સ્વિટ્ઝરલેન્ડ)

**(૨) મિશન સત્યનિષ્ઠા :**

- રેલવે કર્મચારીઓના ભ્રષ્ટાચાર મુક્ત નૈતિક વર્તનને પ્રોત્સાહિત કરવાના હેતુથી, રેલવે પ્રધાન પિયુષ ગોયલે રેલવે કર્મચારીઓ માટે ‘મિશન સત્યનિષ્ઠા’ શરૂ કર્યું.
- મિશન અંતર્ગત રેલવે સત્તાધીશો અને સુપરવાઇઝર્સ એક શપથ લેવડાવવામાં આવશે.
- રેલવે બોર્ડના અધ્યક્ષ અશ્વિની લોહાનીએ આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કર્યું.
- યુનિયન રેલવે પ્રધાન : પિયૂષ ગોયલ

**(૩) વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ (મહિલા) નું ૧૧૭ વર્ષની વયે મૃત્યુ.**

- વિશ્વની સૌથી વૃદ્ધ મહિલા ચિઓ મિયાકોનું ૧૧૭ વર્ષની વયે અવસાન થયું.
- તેઓ જાપાનના વતની હતા.
- ચિઓ મિયાકો નો જન્મ ૨ મે ૧૯૦૧ ના રોજ થયો હતો.
- દક્ષિણ જાપાનમાં કિકાઇ ટાપુના ૧૧૭ વર્ષીય નાઝી તાજીમાના મૃત્યુ બાદ એપ્રિલમાં તેમને વિશ્વમાં સૌથી વૃદ્ધ વ્યક્તિ હતા.
- ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, જાપાનના માસજો નોનોકા વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ છે.
- જાપાન રાજધાની – ટોકિયો
- વડાપ્રધાન – શિંઝો આબે

**(૩) ફોર્ચ્યુનના ૪૦ પ્રતિભાશાળી લોકોમાં ૪ ભારતીય મૂળના લોકો :**

- તાજેતરમાં ફોર્ચ્યુન દ્વારા બિઝનેસના ક્ષેત્ર સાથે સંકળાયેલ ૪૦ યુવા પ્રતિભાશાળી લોકોની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં ઇન્સ્ટાગ્રામના સહસ્થાપક અને સીઇઓ કેવિન સિસ્ટ્રોમ અને ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને યાદીમાં પ્રથમ સ્થાન મળ્યું.
- ૪૦ સૌથી પ્રભાવશાળી અને પ્રેરણાદાયક યુવાની યાદીમાં ભારતીય મૂળના ચાર લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય મૂળના ૪ લોકો :

(૧) દિવ્યા સૂર્યદેવરા, જનરલ મોટર્સ, સીએફઓ (યાદીમાં ચોથું સ્થાન)

(૨) અંજલિ સૂદ,/ વીમેઓ, સીઇઓ (યાદીમાં ચૌદમું સ્થાન)

(૩) બૈજુ ભટ્ટ, રોબિનટૂડ, સહ સ્થાપક અને સહ સીઇઓ (યાદીમાં ચોવીશમું સ્થાન)

(૪) અનૂ દુગ્ગલ, વિમેન્સ સહ સ્થાપક નિધિ સહ– સ્થાપક નિધિ સહ સ્થાપક (યાદીમાં બત્રીસમું સ્થાન)

**(૪) કોચી એરપોર્ટને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પર્યાવરણ એવોર્ડ :**

- યુનાઇટેડ નેશન્સ દ્વારા કોચી ઇન્ટરનેશનલ એરપોર્ટને દુનિયાના સૌપ્રથમ સૌર ઉર્જા સંચાલિત એરપોર્ટ બનવા બદલ 'ચેમ્પિયન ઓફ અર્થ' એવોર્ડ એનાયત કર્યો છે.
- યુનાઇટેડ નેશન્સ દ્વારા આપવામાં આવેલ આ સર્વોચ્ચ પર્યાવરણીય પુરસ્કાર પ્રાપ્ત કરનાર કોચી વિશ્વનું પ્રથમ એરપોર્ટ બન્યું.
- પર્યાવરણને પ્રોત્સાહન આપવા માટે યુનાઇટેડ નેશન્સે ૨૦૦૫માં 'ચેમ્પિયન ઓફ અર્થ' એવોર્ડની શરૂઆત કરી હતી.
- યુએન સ્થાપના – ૨૪ ઓક્ટોબર
- હેડક્વાટર – ન્યુયોર્ક

**(૫) ભારતીય મહિલા તીરંદાજી ટીમ – વર્લ્ડ નંબર વન :**

- આંતરરાષ્ટ્રીય તીરંદાજીના કમ્પાઉન્ડ ફોર્મેટમાં ભારતની મહિલા ટીમને વર્લ્ડ નંબર વનનો તાજ આપવામાં આવ્યો છે.
- આ સાથે તીરંદાજીના રેન્કિંગના ઇતિહાસમાં ભારતની ટીમને પ્રથમ વખત વર્લ્ડ નંબર વનનું સ્થાન આપવામાં આવ્યું છે.
- ભારતે ચાઇનીઝ તાઇપેઇની ટીમને પાછળ ધકેલીને કમ્પાઉન્ડ ફોર્મેટમાં નંબર વનનું સ્થાન હાંસલ કર્યું છે.
- ભારતને ૩૪૨.૬ રેટિંગ પોઇન્ટ્સ આપવામાં આવ્યા છે. જ્યારે તાઇપેઇની ટીમ ભારત કરતાં છ પોઇન્ટ પાછળ છે.
- રેક્સૂર્વે ફોર્મેટમાં ભારતની મહિલા ટીમ આઠમા અને પુરૂષ ટીમ ૧૨ માં ક્રમે છે.
- ભારતની કમ્પાઉન્ડ ફોર્મેટની મહિલા તીરંદાજી ટીમે ગત વર્ષે મેક્સિકોમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ઇતિહાસ રચતાં રજત ચંદ્રક જીત્યો હતો.
- ભારતે વર્ષ ૨૦૧૪ની ઇન્ચઓન એશિયન ગેમ્સમાં કમ્પાઉન્ડ ફોર્મેટની તીરંદાજીની મેન્સ ઇવેન્ટમાં ગોલ્ડ અને વિમેન્સની ઇવેન્ટમાં સિલ્વર હાંસલ કર્યો હતો.

પ્રશ્નો :

૧. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા વિશ્વભરમાં ૨૮ જુલાઇના રોજ દિવસ ઉજવવામાં આવે છે ?
- વિશ્વ હેપેટાઇસીસ દિવસ

૨ વિશ્વ હેપેટાઇસીસ ડે ૨૦૧૮ થીમ જણાવો ?
- Test. Treat. Hepatitis

૩ ચિઓ મિયાકો કયા દેશના વતની હતી ?
- જાપાન

૪ તાજેરતમાં ફોર્ચ્યુન દ્વારા બિઝનેસના ક્ષેત્ર સાથે સંકળાયેલ ૪૦ યુવા પ્રભાવશાળી લોકોની યાદી પ્રથમ સ્થાન કોને મળ્યું ?
- ઇન્સ્ટાગ્રામના સહસ્થાપક અને સીઇઓ કેવિન સિસ્ટ્રોમ અને ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને

૫ ઇન્સ્ટાગ્રામના સીઇઓ જણાવો ?
- કેવિન સિસ્ટ્રોમ

૬ યુનાઇટેડ નેશન્સ દ્વારા કોચી ઇન્ટરનેશનલ એરપોર્ટને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ?
- 'ચેમ્પિયન ઓફ અર્થ'

૭ યુએનનું હેડક્વાટર કયાં આવેલ છે ?
- જીનીવા

૮ આંતરરાષ્ટ્રીય તીરંદાજીના કમ્પાઉન્ડ ફોર્મેટમાં ભારતની મહિલા ટીમનો રેન્ક જણાવો ?
- વર્લ્ડ નંબર વન

## 29.July 2018

**(૧) વિશ્વ વાઘ દિવસ :**

- દર વર્ષે ૨૯ જુલાઇના રોજ વર્લ્ડ ટાઇગર ડે તરીકે ઉજવવામાં આવે છે.
- ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે વાઘ.
- વાઘની વસ્તીમાં થતા ઘટાડાને રોકવા માટે વાઘ બચાવો જુંબેશ ચાલુ કરવામાં આવ્યું.
- વાઘને બચાવવા માટે ભારતમાં વર્ષ ૧૯૭૨–૭૩માં પ્રોજેક્ટ ટાઇગર અસ્તિત્વમાં આવેલ ત્યારબાદ રશિયાના સેન્ટ પીટ્સબર્ગ શહેરમાં વર્ષ ૨૦૧૦માં 'ટાઇગર સમિટ' નું આયોજિત કરવામાં આવેલ.
- આ સમિટમાં ૨૯ જુલાઇએ વિશ્વ વાઘ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ.

**(૨) દિયોદરના વિદ્યાર્થીની ડિઝાઇનને ચૂંટણીપંચના લોકોમાં સ્થાન :**

- થોડાક માસ અગાઉ ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદાનના લોગોની ડિઝાઇન મંગાવવામાં આવી હતી જેમાં દિયોદરના રાહુલ મહેશભાઇ ગજ્જરની ડીઝાઇન ભારતીય ચૂંટણી પંચ દ્વારા પસંદ કરવામાં આવી.
- રાહુલ અમદાવાદ ખાતે ડિઝાઇનીંગ ક્ષેત્રનો અભ્યાસ કરે છે.

- ભારતીય ચૂંટણી પંચ દ્વારા દિયોદરના આ વિદ્યાર્થીને ૫૦ હજારનું રોકડ ઇનામ પણ આપવામાં આવ્યું છે.
- તે હાલ અમદાવાદ ખાતે એન.આઇ.ડી. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહ્યો છે.
- ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદાનના લોગો માટેની એક સ્પર્ધા સમગ્ર ભારતમાં રાખવામાં આવી હતી. જેમાં ચૂંટણીપંચ દ્વારા સૌપ્રથમ ૩ વિદ્યાર્થીઓની પસંદગી પકરાઇ હતી જેમાંથી અંતમાં એક ડિઝાઇન ભારતીય ચૂંટણી પંચ દ્વારા સિલેક્ટ કરાતા પસંદગી પામતા આ ડિઝાઇન રાહુલ મહેશભાઇ ગજ્જરની પસંદગી પામતા ત્યારબાદ ભારતીય ચૂંટણીપંચના થોડાક માર્ગદર્શન બાદ મતદાનનો લોગો તૈયાર કરવામાં આવ્યો.
- ચૂંટણી પંચ દ્વારા રાહુલને આ સિદ્ધિ મેળવવા બદલ ૫૦ હજારનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું.

**(૩) જહાગીર રતનજી દાદાભાઈ તાતા :**

- જહાગીર રતનજી દાદાભાઇ તાતાનો આજે જન્મદિવસ.
- ૨૯ જુલાઇ ૧૯૦૪ના રોજ પેરિસમાં જન્મેલા જહાંગીર રતનજી દાદાભાઇ તાતા જ્યારે ઇન્ટર્ન તરીકે પોતાના પિતાના તાત ગ્રૂપમાં જોડાયા ત્યારે તેઓ માત્ર ૨૨ વર્ષના હતા.
- તાતા ગ્રૂપની ફલગશિપ કંપની તાતા સન્સમાં જ્યારે તેઓ ચેરમેન બન્યા ત્યારે તેમની ઉંમર ૩૪ વર્ષ હતી.
- તેમની લીડરશીપમાં કંપનીએ કમાલની પ્રગતિ કરી જ્યારે રિટાયર થયા તો આ ગ્રૂપમાં ૯૫ કંપનીઓ સામેલ હતી.
- ૧૦૦ મિલિયન ડોલર (આજના ભાવથી ૬૮૦ કરોડ રૂ.) ની સંપત્તિવાળું આ ગ્રૂપ ૫ બિલિયન ડોલર (૩૪ હજાર કરોડ રૂ.) નું થઇ ચૂક્યું હતું.
- આજે તાતા ગ્રૂપમાં ૧૦૦ થી વધુ કંપનીઓ છે. કહેવાની જરૂર નથી કે ટીસીએસ તેમા સૌથી મોટી છે. જેની માર્ચ ૨૦૧૮માં માર્કેટ કેપ ૫૪૫૪૩૮ કરોડ રૂ. હતી. તેના બાદ તાતા મોટર્સ આવે છે.
- જેની માર્કેટ કેપ ૯૪૫૪૬ કરોડ રૂા. છે. તેના બાદ ત્રીજા ક્રમે તાતા સ્ટીલ ૬૪૩૧૮ કરોડ રૂા.ની માર્કેટ કેપ ધરાવે છે.
- હાલ આ ગ્રૂપની કુલ માર્કેટ કેપ ૯.૪૪ લાખ કરોડ રૂપિયા છે. આ ગ્રૂપની ભવ્યતાનો તેનાથી અંદાજ થઇ જાય છે. કે તેણે રાજભંડોળમાં ૪૭,૧૯૬ કરોડ રૂા. ટેક્સ તરીકે જમા કરાવ્યા છે.

**(૪) બ્લડમૂન :**

- બ્લડમૂન એટલે કે લાલ રંગનો ચંદ્ર :
- આમ તો ચંદ્રગ્રહણ દરમિયાન પૃથ્વીના પડછાયામાં આવવાથી ચંદ્રકાળો દેખાય છે, પરંતુ વિશેષ સ્થિતિમાં ચંદ્રનો રંગ થોડા સમય માટે લાલ થઇ જાય છે. તેને બ્લડમૂન કહે છે.
- સૂર્યના કિરણો ધરતી પરથી પરાવર્તિત થઇને ચંદ્ર પર પડે છે તેને કારણે તે લાલ દેખાય છે.
- ૨૭ જુલાઇ ૨૦૧૮ના રોજ રાત્રે ૧૧.૫૪ વાગે ચંદ્ર પૃથ્વીના પડછાયામાં છુપાઇ ગયો
- ચંદ્રને ૧૦૪ વર્ષ બાદ સૌથી મોટું ગ્રહણ લાગ્યું. લગભગ ૩ કલાક ૫૪ મિનિટ અને ૩૩ સેકન્ડ સુધી ચંદ્રગ્રહણ ચાલ્યું.
- ૨૮ જુલાઇ ૨૦૧૮ના રોજ વહેલી સવારે ૩.૪૯ વાગે જ્યારે સૂર્ય અને ચંદ્ર વચ્ચેથી પૃથ્વી હટી ત્યારે ચંદ્ર પરથી ગ્રહણ પણ હટ્યું.
- આ દરમિયાન ૧ કલાક ૪૩ મિનિટ સુધી પુર્ણ ચંદ્રગ્રહણ રહ્યું એટલે કે ચંદ્ર બિલકુલ દેખાયો નહીં. ૨ વાગે થોડી સેકન્ડ માટે ચંદ્ર લાગ થયો એટલે કે બ્લડમૂન
- આ ચંદ્રગ્રહણ દરમિયાન ચંદ્ર અને પૃથ્વી વચ્ચે સૌથી વધુ અંતર રહ્યું બંનેની સૌથી દૂર જવાની ઘટનાને અપોગી કહે છે.
- આ સ્થિતિમાં પૃથ્વીથી ચંદ્રનું મહત્તમ અંતર ૪.૦૬ લાખ કિ.મી. હોય છે.

**(૫) મુખ્ય યુદ્ધ ટેન્ક એન્જિનનું સ્વદેશી નિર્માણ :**

- સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામને મુખ્ય યુદ્ધ ટેન્ક ટી–૭૨ અને ટી–૯૦ માટે, નિર્માણ થયેલી સ્વદેશી એન્જિન ભારતીય સેનાને સોંપ્યાં.
- આ સ્વદેશી એન્જિનનું નિર્માણ ચેન્નાઇમાં કરવામાં આવ્યું છે.
- ચેન્નાઇ ખાતે આવેલ અવાડી એન્જિન ફેક્ટરીમાં ટી–૭૨ અજય ટેન્ક માટે વી–૪૬–૬ એન્જિનને વિકસાવવામાં આવેલ છે.
- ટી–૯૦ ભીષ્મ ટેનક માટે વી–૯૨–એસ – ૨ એન્જિન માટે વી–૯૨–એસ–૨ એન્જિનને વિકસાવવામાં આવેલ છે.
- આ બંને એન્જિન સંપૂર્ણપણે સ્વદેશી વિકસાવવામાં આવ્યા છે.

**(૬) પ્રદૂષણ પર દ્વિપક્ષીય અભ્યાસ– ભારત અને બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડ :**

- ભારતીય તટ રક્ષક દળ અને બાંગ્લાદેશ તટ રક્ષક દળ દ્વારા સંયુક્ત રીતે દરિયાઇ પ્રદૂષણ મુદ્દા પર દ્વિપક્ષીય અભ્યાસ કર્યો.
- અભ્યાસનું આયોજન ૨૬–૨૭ જુલાઇ – ૨૦૧૮ ના રોજ કલકત્તા ખાતે કરવામાં આવ્યું હતું.

બાંગ્લાદેશ મુખ્ય માહિતી :

- રાજધાની : ઢાકા
- વડાપ્રધાન : શેખ હસીના

**(૭) HCL દેશની ત્રીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપની :**

- દિગ્ગજ આઇટી કંપની એચસીએલ ટેક્નોલોજિસ લિ. દેશની ત્રીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપની બની ગઇ છે.
- અગાઉ આ સ્થાન વિપ્રો પાસે હતું.

- એચસીએલની આવક ૮ ટકાથી વધીને ૨.૦૫ અબજ ડોલર થઇ છે. બીજી તરફ, વિપ્રોના ત્રિમાસિક પરિણામોની આવક ૨.૦૨ અબજ ડોલર હતી.

**HCL મુખ્ય માહિતી**

- HCL હિન્દુસ્તાન કમ્પ્યુટર લિમિટેડ
- મુખ્યાલય – નોઇડ
- વર્તમાન સીઇઓ – સી. વિજયકુમાર
- સ્થાપક – શિવ નડાર
- સ્થાપના – ૧૧ ઓગસ્ટ, ૧૯૭૬

**(૮) હરિયાણાની શિવાંગીએ આફ્રિકાનો સૌથી ઊંચો પર્વત કિલિમંજારો ત્રણ દિવસમાં સર કર્યો**

- હરિયાણાની ૧૭ વર્ષીય શિવાંગી પાઠકે આફ્રિકાનો સૌથી ઉંચો પર્વત કિલિમંજારો માત્ર ૩ દિવસ માં સર કર્યો.
- શિવાંગીએ મારનગુ રૂટથી ૨૧ જુલાઇના રોજ ચઢાઇ શરૂ કરી હતી અને ૨૪ જુલાઇના રોજ પૂરી કરી લીધી.
- શિવાંગીના નામે સૌથી નાની વયે એવરેસ્ટ સર કરનારી મહિલાનો રેકોર્ડ પણ છે.
- કિલિમાંજરોની ઊંચાઇ ૫,૮૯૫ મી. છે.

**(૯) વડાપ્રધાન મોદીનો ઉત્તર પ્રદેશ પ્રવાસ :**

- વડાપ્રધાન મોદી બે દિવસની ઉત્તર પ્રદેશ મુલાકાત દરમ્યાન લોકકલ્યાણ અર્થે પ્રોજેક્ટ લોન્ચ કર્યો.
- વડાપ્રધાન મોદીએ મુલાકાત દરમ્યાન લખનઉમાં ૩૮૯૭ કરોડના ૯૯ પ્રોજેક્ટ લોન્ચ કર્યા.
- તેમણે સ્માર્ટ સિટી, વડાપ્રધાન આવાસ યોજના (શહેરી) અને અમૃત યોજનાનાં ૩ વર્ષ પૂરાં થવાના અવસરે યોજાયેલી ૨ દિવસની રાષ્ટ્રીય કાર્યશાળાનું સમાપન કર્યું.

ઉત્તરપ્રદેશ મુખ્ય માહિતી :

- રાજધાની : લખનઉ
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામ નાઇક

**(૧૦) કવિ રામકાંત રથને ઓડિશાના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કારથી સન્માનીત કરાયા :**

- પ્રતિષ્ઠિત કવિ રામકાંત રથને ઓડિશાના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર 'અતિબડી જગન્નાથ દાસ સન્માન' સનમાનિત કરવામાં આવ્યા.
- ઓડિશા સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૮નું સન્માન આપવામાં આવ્યું.
- ઓડિશા સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી અશોક ચંદ્ર પાંડા દ્વારા તેમને આ પુરસ્કાર આપ્યો હતો ?

**ઓડિશા મુખ્ય માહિતી**

- રાજધાની : ભુવનેશ્વર
- મુખ્યમંત્રી : નવીન પટનાયક
- રાજ્યપાલ – પ્રો ગણેશી લાલ

પ્રશ્નો :

૧ ૨૯ જુલાઇના રોજ કયો દિવસ ઉજવાય છે ?
- વિશ્વ વાઘ દિવસ

૨ કયા વર્ષમાં ટાઇગર પ્રોજેક્ટ અસ્તિત્વમાં આવ્યો ?
- ૧૯૭૨–૭૩

૩ કયા વર્ષમાં ટાઇગર સમિટનું આયોજન થયું હતું ?
- ૨૦૧૦

૪ જહાગીર રતનજી દાદાભાઈ તાતાનો જન્મ કયાં થયો હતો ?
- પેરિસ

૫ ચંદ્ર અને પૃથ્વી બંને સૌથી દૂર જવાની ઘટનાની શું કહે છે ?
- અપોગી

૬ ભારતના સંરક્ષણ પ્રધાનનું નામ જણાવો ?
- નિર્મલા સિતારામન

૭ બાંગ્લાદેશના વડાપ્રધાનનું નામ જણાવો ?
- શેખ હસીના

૮ સૌથી નાની વયે એવરેસ્ટ સર કરનારી મહિલા જણાવો ?
- શિવાંગી પાઠક

૯ ઓડિશાના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કારનું નામ જણાવો ?
- અતિબડી જગન્નાથ દાસ સન્માન

૧૦ તાજેતરમાં ઓડિશાના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કારથી કોને સન્માનીત કરવામાં આવ્યા ?
- કવિ રમાકાંત રથને

૧૧ તાજેતરમાં નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશમાં કેટલા પ્રોજેક્ટ લોનચ કર્યા ?
- ૯૯ પ્રોજેક્ટ

## 30.July 2018

**(૧) કેન્દ્ર સરકાર દ્વારા શેરડીના રસમાંથી સીધો એથેનોલ બનાવવાની મંજૂરી**

- કેન્દ્ર સરકાર દ્વારા શેરડીના રસમાંથી સીધો એથેનોલ બનાવવાની મંજૂરી આપવાનો નિર્ણય સરકારે કર્યો છે.
- કેન્દ્રિય ખાદ્ય મંત્રાલય ૧૯૬૬ ના શેરડી નિયંત્રણ આદેશમાં ફેરફાર કરીને તેને માન્યતા આપી હતી.
- એથેનોલનો ઉપયોગ સ્પ્રિટ અને એલ્કોહોલ સહિત અન્ય ઉત્પાદનો બનાવવાનું થાય છે.
- દેશના પેટ્રોલમાં ૧૦ ટકા એથેનોલ ભેળવવું ફરજિયાત છે.

**(૨) વડાપ્રધાન મોદીની મન કી બાત :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૬ મી મન કી બાત સંબોધી
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમના ૪૬માં એપિસોડમાં હિમા દાસ અને પેરા એથ્લિટ્સની પ્રશંસા કરી હતી.
- આ દરમિયાન તેમણે વિદ્યાર્થી ઓને શીખામણ આપવાથી માંડીને કવિ નીરજને શ્રદ્ધાંજલિ અને ઇકો ફ્રેલી ગણેશોત્સવ જેવા અનેક મુદ્દે સંવાદ કર્યો હતો.
- વડાપ્રધાન મોદીએ જીએસઇબી એસએસસી ટોપર બનનારી આફરિન શેખને પણ અભિનંદન પાઠવ્યા હતા.
- બીજી એક દિકરી એક્તાને ટ્યુનિશિયામાં વિશ્વ પેરા એથ્લેટિક્સ ગ્રાંપ્રી– ૨૦૧૮માં ગોલ્ડ અને બ્રોન્ઝ જીત્યો હતો.
- તેમની સાથે જ મોદીએ પેરા એથ્લીટ યોગેશ અને સુંદરની પણ પ્રશંસા કરી હતી.
- યોગેશ પેરા એથ્લેટિક્સ ગ્રાં. પ્રી માં ડિસ્કસ થ્રો માં ગોલ્ડ જીત્યો હતો.

**(૩) સૌરભ વર્માએ રશિયન ઓપન ટાઇટલ જીત્યું.**

- રશિયાના વ્લાદિવોસ્તોક ખાતે યોજાયેલ રશિયન ઓપન ટૂર્નામેન્ટમાં સૌરભ વર્મા ટાઇટલ જીત્યું.
- પૂર્વ નેશનલ ચેમ્પિયન સૌરભ વર્માએ વિશ્વમાં ૧૧૯ મો ક્રમ ધરાવતા જાપાનના વાતાંબેને હરાવીને રશિયન ઓપન ટૂર સુપર ૧૦૦ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીતી લીધું છે.
- સૌરભ રશિયન ઓપન ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનનારો પ્રથમ ભારતીય પુરૂષ ખેલાડી છે.
- મહિલા વર્ગમાં ઋત્વિકા શિવાનીએ ૨૦૧૬માં આ ટાઇટલ જીત્યું હતું.

**(૪) રેસલિંગ – બજરંગ, પિન્કીએ ગોલ્ડ જીત્યો, ભારતે ૭ મેડલ જીત્યા :**

- તુર્કીના ઇસ્તમ્બૂલમાં યોજાયેલી 'યાસર દોગી ઇન્ટરનેશનલ રેસલિંગ' સ્પર્ધામાં ભારતના બજરંગ પુનિયાએ સળંગ બીજો આંતરરાષ્ટ્રીય ગોલ્ડ જીત્યો છે.
- મહિલા વર્ગમાં ૫૫ કિગ્રા વર્ગમાં પિન્કીએ ગોલ્ડ જીત્યો છે.
- સંદીપ તોમરે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ભારતીય રેસલિંગ ટીમે જીતેલા કુલ ૧૦ મેડલમાંથી ૭ મહિલાઓએ જીત્યા છે.
- કોમનવેલ્થ ચેમ્પિયન બજરંગને ૭૦ કિગ્રા વર્ગમાં મહેનત કરવી પડી ન હતી. કેમ કે, તેના પ્રતિ સ્પર્ધા યુક્રેનના આન્દ્રીય અવાય તકોવસ્કીને ઇજાને કારણે ફાઇનલથી પહેલાં નામ પાછું ખેંચ્યું હતું.
- બજરંગે અત્યારે ચાલુ મહિનાની શરૂઆતમાં જ્યોર્જિયામાં તિબલિસ ગ્રાન્ડ પ્રિક્સમાં ગોલ્ડ જીત્યો હતો.
- પિન્કી એ યુક્રેનની ઓલ્ગા શેનિડેરને ફાઇનલમાં ૬–૩ થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો.

**(૫) પ્રણામ યોજના – આસામ :**

- સરકારી કર્મચારીઓના માતાપિતાના દેખભાળની ખાતરી કરવા આસામ સરકાર પ્રણામ યોજનાનું અમલીકરણ કરશે.
- આસામ સરકારે દેશમાં પહેલી વાર 'પ્રણામ યોજના' શરૂ કરવાની યોજના બનાવી છે.
- આ યોજના ૨ ઓક્ટોબર ૨૦૧૮ થી લાગુ થશે.
- આ યોજના હેઠળ, જે કર્મચારીઓ તેમના માતા પિતા અથવા અશક્ત ભાઇ બહેનોની યોગ્ય કાળજી લેતા નથી તેવા સરકારી કર્મચારીઓના માસિક પગારમાંથી ૧૦ થી ૧૫ ટકા રકમ કાપવામાં આવશે.
- આ કપાયેલ રકમ કર્મચારીના માતાપિતાના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.
- પ્રણામ યોજના હેતુ તેમના કર્મચારીઓ દ્વારા તેમના આશ્રિત માતાપિતા અને ભાઇઓ અને બહેનો પર આધારિત કર્મચારીઓની કાળજીને સુનિશ્ચિત કરવાનું છે.

**આસામ મુખ્ય માહિતી**

- રાજધાની : દિસપુર
- મુખ્યમંત્રી સરવાનંદ સોનેવાલ
- ગર્વનર : પ્રા. જગદીશ મુખી

પ્રશ્નો :

૧ તાજેતરમાં વડાપ્રધાને કેટલામી મન કી બાત સંબોધી
– ૪૬ મી
૨ AIRનું પુરૂનામ જણાવો ?
– ઓલ ઇન્ડિયા રેડિયો
૩ રશિયન ઓપન ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનનાર પ્રથમ ભારતીયનું નામ જણાવો ?
– સૌરવ વર્મા
૪ યાસર દોગી ઇન્ટરનેશનલ રેસલિંગ–૨૦૧૮નું આયોજન ક્યાં થયું હતું ?
– તુર્કીના ઇસ્તમ્બુલમાં
૫ બજરંગ પુનિયાનું કાર્યક્ષેત્ર જણાવો ?
– રેસલિંગ
૬ તાજેતરમાં 'પ્રણામ યોજના' કયા રાજ્યે અમલમાં મૂકી ?
– આસામ
૭ આસામની રાજધાનીનું નામ જણાવો ?
– દિસપુર

## 31.July 2018

**(૧) ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ પરીક્ષા લેવા માટે સરકારે રાષ્ટ્રીય ટેસ્ટિંગ એજન્સી :**

- ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ પરીક્ષ કરવા માટે સરકારે રાષ્ટ્રીય ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) ની રચના કરી છે.
- એનટીએ દ્વારા હાથ ધરવામાં આવેલા તમામ પરીક્ષાઓ વિદ્યાર્થીઓના લાભ માટે વર્ષમાં બે વાર યોજવામાં આવશે.
- યુજીસી– નેટ (જેઇઇ (મેઇન), એનઆઇટી– યુજી, સી–મેટ અને સી–પેટની પરીક્ષાઓની જવાબદારી એનટીએને આપવામાં આવી છે.
- જેઇઇ પરીક્ષા જાન્યુઆરી અને એપ્રિલમાં યોજાશે અને એનઇઇટી પરીક્ષા દર વર્ષે ફેબ્રુઆરી અને મે મહિનામાં યોજાશે. જેઇઇ (એડવાન્સ) ટેસ્ટ હજુ પણ આઇઆઇટી દ્વારા કરવામાં આવશે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ઘણા ફેરફાર કરવા વિચારે છે. આ હેઠળ યુનિવર્સિટી

Vivekanand Academy Gandhinagar

ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ની જગ્યાએ એક નવી સંસ્થાની રચનાની બાબત પણ ચાલુ છે.

- સરકાર યુજીસીને બદલે નેશનલ હાયર એજ્યુકેશન કમિશનની સ્થાપના કરવાની પ્રક્રિયામાં છે. માનવ સંસાધન વિકાસ મંત્રીએ ઉચ્ચ શિક્ષણમાં ફેરફાર અંગે લોકોનો અભિપ્રાય માંગ્યો હતો.
- માનવ સંસાધન વિકાસ મંત્રી – પ્રકાશ જાવડેકર

**(૨) લોકસભા– ક્રિમિનલ લો એમેન્ડમેન્ટ બિલ અને હોમિયોપેથી બિલ**

- દેશમાં બાળકીઓ અને સગીરાઓ પર દુષ્કર્મના ગુનેગારોને આકરી સજા કરવાની જોગવાઈવાળું ક્રિમિનલ લૉ બિલ ૨૦૧૮ લોકસભામાં મંજૂર થઇ ગયું.
- આ બિલ મુજબ હવે ૧૨ વર્ષથી ઓછી વયની બાળકોઅ પર દુષ્કર્મ ના ગુનામાં ઓછામાં ઓછા ૨૦ વર્ષ સશ્રમ કેદથી મૃત્યુ દંડ સુધીની સજા અને ૧૬ વર્ષ સુધીની સગીરાઓ પર દુષ્કર્મ બદલ ગુનેગારોને ૧૦ ના બદલે ૨૦ વર્ષ સુધીની સજાથી લઇને મહત્તમ આજીવન કેદ થઇ શકશે.
- આ બિલ ૨૧ મી એપ્રિલે સરકારે રજૂ કરેલા ક્રિમિનલ લૉ (અમેન્ડમેન્ટ) વટહુકમનું સ્થાન લેશે.
- બાળકીઓ પર દુષ્કર્મ ના કેસોની ગંભીરતાને ધ્યાનમાં લઇ સરકારે ૨૧ મી એપ્રિલે વટહુકમ બહાર પાડ્યો હતો.

**વિધેયકની મુખ્ય જોગવાઇઓ :**

- સુનાવણી મહિલા જજ દ્વારા જ કરાશે, પીડિતાનું નિવેદન પણ મહિલા પોલીસ અધિકારી જ નોંધશે.
- FIR નોંધાયા બાદ બે માસમાં તપાસ પૂરી કરવી પડશે. તપાસ મહિલા અધિકારીને જ સોંપાશે.
- અપીલ પર સુનાવણી છ મહિનામાં પૂરી કરવી. આગોતરા જામીન નહીં મળી શકે.
- કોઇ અધિકારી વિરૂદ્ધ કેસ નોંધવા માટે આગોતરી મંજૂરીની જરૂર નથી.
- બધી જ હોસ્પિટલો માટે દુષ્કર્મ પીડિતાની નિ:શુલ્ક સારવાર આવશ્યક હશે.
- કેસની સુનાવણીમાં કોઇ વકીલ પીડિતાના ચરિત્ર પર સવાલ નહીં કરી શકે.
- ફોરેન્સિલ તપાસ માટે દરેક શહેરમાં વિશેષ પ્રયોગશાળા બનાવાશે.

**લોકસભા મુખ્યમાહિતી**

- નીચલું ગૃહ
- રચના – કલમ – ૮૧ હેઠળ
- સભ્ય – ૫૫૨ વધુમાં વધુ (૫૪૫ વર્તમાન)
- અધ્યક્ષ : સુમિત્રા મહાજન

**(૩) રાજ્યકક્ષાના સ્વાતંત્ર પર્વ – ૭૨ ની ઉજવણી સુરેન્દ્રનગર ખાતે**

- આ વખતે ગુજરાત સરકારે દ્વારા રાજ્યકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવશે.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ૧૫ મી ઓગસ્ટના રોજ સવારે ૯ વાગ્યે સુરેન્દ્રનગરમાં ધ્વજવંદન સમારોહ યોજાશે.
- તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરા ખાતે ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે ધ્વજવંદન કરાવશે.
- કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ અમદાવાદમાં, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રાજકોટમાં ધ્વજવંદન કરાવશે.

**(૪) BRICS ફિલ્મ ફેસ્ટીવલ :**

- દક્ષિણ આફ્રિકાના ડરબન ખાતે બ્રિક્સ ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન થયું હતું.
- ૨૨ થી ૨૭ જુલાઇ ૨૦૧૮ દરમ્યાન યોજાયેલ બ્રિક્સ ફિલ્મ ફેસ્ટીવલનો છેલ્લો દિવસ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
- બ્રિક્સ ફિલ્મ ફેસ્ટિવલ, ડરબન, દક્ષિણ આફ્રિકામાં ભારતીય ફિલ્મોમાં વિજેતા :
- શ્રેષ્ઠ અભિનેત્રી : ભનીતા દાસ (વિલેજ રોક સ્ટાર્સ)
- બેસ્ટ ફિલ્મ : અમિત માસુરકરે (ન્યૂટન)
- સ્પેશિયલ જ્યુરી પુરસ્કાર : રીમા દાસના (વિલેજ રોક સ્ટાર્સ)

**બ્રિક્સની મુખ્ય માહિતી :**

- બ્રિક્સ : ઉભરતા રાષ્ટ્રીય અર્થતંત્રનું સંઘ.
- સભ્યો : બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા

**(૫) સુરેન્દ્ર રોશા અને એચએસબીસી ઇન્ડિયાના સીઇઓ**

- હોંગકોંગ અને શાંઘાઇ બેંકિંગ કોર્પોરેશન (એચએસબીસી) અને એચએસબીસી ઇન્ડિયાના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર (સીઇઓ) તરીકે નિમણૂક કરી છે.
- તેઓ જયંત રિકીનું સ્થાન લેશે.
- તેમણે કોમર્સમાં બેચલર ડિગ્રી બોમ્બે યુનિવર્સિટીમાંથી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી માસ્ટર ડિગ્રી મેળવી છે.

**એચએસબીસી બેન્ક મુખ્ય માહિતી :**

- હેડક્વાર્ટર્સ – લંડન
- સ્થાપના : ૧૮૬૫

**(૬) સ્મૃતિ માંધાના – ભારતીય ક્રિકેટર :**

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ઑપનર સ્મૃતિ માંધાનાએ ૨૯ ઓગસ્ટના રોજ ૧૮ બોલમાં અર્ધશતક ફટકારી.
- મહિલા ટી–૨૦ ક્રિકેટ ઇતિહાસમાં સૌથી ઝડપી અર્ધશતક રેકોર્ડની બરાબરી પણ કરી.
- સ્મૃતિ માંધાના પહેલા ન્યુઝીલેન્ડની સોફી ડે વાઇને પણ ૧૮ બોલમાં અર્ધશતક ફટકારી હતી.
- ઇંગ્લેન્ડની 'સુપર લીગ' ની સ્મૃતિ માંધાના એ આ સિદ્ધિ મેળવી છે.
- સ્મૃતિ આ લીગમા રમવાની પહેલી ભારતીય મહિલા ક્રિકેટર છે.

**ઇંગ્લેન્ડ મુખ્ય માહિતી :**

- રાજધાની – લંડન
- વડાપ્રધાન – થેરેસા મે

પ્રશ્નો :

૧ માનવ સંશાધન વિકાસ મંત્રીનું નામ જણાવો ?
- પ્રકાશ જાવડેકર

૨ વર્તમાન લોકસભાના અધ્યક્ષ જણાવો ?
- સુમિત્રા મહાજન

૩ રાજ્યકક્ષાના સ્વાતંપત્ર પર્વ– ૭૨ ની ઉજવણી ક્યાં થશે ?
- સુરેન્દ્રકુમાર

૪ તાજેતરમાં ટી–૨૦માં સૌથી ઝડપી અર્ધશતક ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા જણાવો ?
- સ્મૃતિ માંધાના

૬ એચએસબીસી ઇન્ડિયાના નવા સીઇઓ જણાવો ?
- સુરેન્દ્ર હોશા

સત્યમેવ જયતે